# તમારા સંજોગોના

# સંચાલક



- રેવ. ડૉ. જયાનંદ આઈ. ચૌહાન

3BGT2 38

# તમારા
# સંજોગોના સંચાલક

**લેખકઃ**
રેવ. ડૉ. જયાનંદ આઈ. ચૌહાન
*એમ.એ. (જર્નાલિઝમ) યુ.એસ.*
કનાન, મિશન રોડ, નડિયાદ - ૩૮૭ ૦૦૨.

**પ્રકાશક :-**
ગુજરાત ટ્રાકટ એન્ડ બુક સોસાયટી
સાહિત્ય સેવા સદન, એલિસબ્રિજ,
અમદાવાદ - ૩૮૦ ૦૦૬
ફોન નં. ૦૭૯ - ૨૬૪૪૫૨૮૧
E-mail: gtbs_1852@yahoo.co.in

GUJARATI CHRISTIAN FELLOWSHIP
OF PHILADELPHIA
425 CENTRAL AVE.
CHELTENHAM, PA 19012-2103

☆ **તમારા સંજોગોના સંચાલક**

☆ **પહેલી આવૃતિ, એપ્રિલ-૧૯૯૮, નકલ-૧૧૦૦**

**બીજી આવૃતિ**

ઑગષ્ટ, ૨૦૦૫

☆ **લેખક :**

રેવ. ડૉ. જયાનંદ આઈ. ચૌહાન

☆ **નકલ :** ૧૦૦૦

☆ **મૂલ્ય રૂા.** ૨૦.૦૦

☆ **મુદ્રક :**

**જેન્સન કૉમ્પ્યુટર્સ,**

૨, મહાવીર એસ્ટેટ, ભગત ધાણા દાળની સામે,

અનુપમ થીએટર પાછળ, ખોખરા, અમદાવાદ - ૮.

ફોન :– ૦૭૯ - ૩૦૯૧૩૦૫૭

રેવ. જેકબભાઈ ડી. મરચંટ તથા શ્રીમતી એમીબહેન જેકબભાઈ મરચંટની પ્રેમભરી યાદમાં આ પુસ્તકનો તમામ ખર્ચ તેમના બાળકો વત્સલાબહેન પૉલ, નિમ્રોદભાઈ મરચંટ, સરલાબહેન રાવ અને સુબોધીકા ક્રિશ્ચિયન તરફથી મળેલ છે.

પ્રભુના સેવક રેવ. જેકબભાઈ ડી. મરચંટ તથા શ્રીમતી એમીબહેનની મંડળીઓમાં તથા કુટુંબમાં કરેલી સેવાઓ માટે તથા મૂકેલા નમૂના માટે પ્રભુનો જ આભાર માનીએ છીએ. તેમના બાળકોની ઉદારતા માટે તેઓના તથા તેમના પરીવારોના પણ આભારી છીએ.

સેક્રેટરી

# પ્રકાશકના બે બોલ

બાઈબલમાં ઘણા બધા પાત્રોની વાત લખવામાં આવી છે. આ તમામ પાત્રો વિશે ઘણું લખી શકાય. આ પુસ્તકમાં યોસેફના જીવનની વાત લખવામાં આવેલ છે.

યોસેફના જીવનના તમામ પાસાઓની યોગ્ય છણાવટ લેખકે કરેલ છે. જીવનમાં વિવિધ સંજોગો - પરિસ્થિતી પ્રસંગો આવે છે. જેમાંથી ઘણા બધા પર આપણે પ્રભુ કૃપાએ વિજય પ્રાપ્ત કરી શકીએ છીએ. ઘણા સંજોગોમાં કેવળ પ્રેક્ષક બની રહીએ છીએ. યોસેફનું જીવન એ તમામ સંજોગોમાંથી પસાર થતા લોકોને માટે અદ્‌ભુત ઉત્તેજન આપનારું છે.

ઉપરાંત લેખકે કુ. એન.સ્ટીલ અને ફ્રેની જે. ક્રોસ્બીના જીવનની વાતોને આ પુસ્તકમાં મૂકીને પુસ્તકને વધુ રસપ્રદ અને વજનદાર બનાવેલ છે. લેખક પોતે શિક્ષક અને ઉપદેશક રહ્યા હતા. ઉપરાંત વિવિધ સંજોગોમાં દોરવણી આપનાર રહ્યા હતા. તેથી યોસેફના જીવનની વાતોને સમજાવા તેમનો આ અનુભવ ખૂબ મદદરૂપ બની રહ્યો હતો. પોતાની પ્રસ્તાવનામાં લેખકે કેટલીવાર યોસેફનું પાત્ર વાંચ્યું તે વિશે લખીને તેના વાચકોની આગળ તેમની પાત્ર પ્રત્યેની પ્રતિબધ્ધતા દર્શાવેલ છે. એક જ પાત્ર વિશે આટલી બધી વાર વાંચ્યા જ કરવાનું તે પડકાર સમાન બાબત છે. તેથી એ વાત સમજી શકાય છે કે યોસેફના પાત્રે-જીવને તેમના જીવન પર કેટલી ભારે અસર પાડેલ હતી.

આ પુસ્તકની આ બાજી આવૃત્તિ પ્રસંગે આનંદ અનુભવીએ છીએ. વાંચકો આ પુસ્તકના વાંચનથી આશીષ તથા પડકાર સામે એજ પ્રાર્થના તથા શુભેચ્છા છે.

આ પુસ્તકના પ્રકાશન પેટે શ્રી નિમ્રોદભાઈ મરચંટ તથા પરીવાર તરફથી પૂરો ખર્ચ મળેલ છે. આભાર.

**સાહિત્ય સેવા સદન**
**એલિસબ્રીજ, અમદાવાદ - ૩૮૦૦૦૬**
**ઑગસ્ટ/૨૦૦૫**

**પ્રેમભાવથી**
**રેવ. હેંમતકુમાર જે. પરમાર**
**સેક્રેટરી**

# પ્રસ્તાવના

"તમારા સંજોગોના સંચાલક"માં પુસ્તકની પશ્ચાદ્દભૂમિકામાં યોસેફનું જીવનચરિત્ર આવે છે. હું વાંચતો-લખતો થયો ત્યારથી જ મેં નક્કી કર્યું કે, બાઇબલમાં આપેલું યોસેફનું જીવનચરિત્ર દર વર્ષે મારે ઓછામાં ઓછું એક વાર વાંચી જવું. એ ઠરાવને આજે ૮૪મા વર્ષ સુધી પણ વળગી રહ્યો છું. નિયમિત દર વર્ષે મેં યોસેફનું જીવનચરિત્ર અક્ષરે અક્ષર વાંચ્યું છે."

એ જીવનચરિત્ર એટલું બધું રસપ્રદ છે કે, તે વાંચતાં વાંચતાં વાંચવાનું છોડવાનું મન થતું નથી.

અને જ્યારે જ્યારે મેં યોસેફનું જીવનચરિત્ર વાંચ્યું છે, ત્યારે મેં આંસુ સાર્યાં છે.

આંસુ સારવાનું મુખ્ય કારણ એ કે, યોસેફ ઓચિંતો વિપરિત સંજોગોમાં આવી પડે છે, તોયે તે કશી કચકચ કરતો નથી, ખિજવાતો નથી, કશો બડબડાટ કરતો નથી. પણ જાણે તેમાં ઈશ્વરનો હાથ હોય એમ જોઈને ઈશ્વરને સંપૂર્ણ રીતે વફાદાર રહે છે અને ઈશ્વર પર સંપૂર્ણ આધાર રાખે છે. તેણે ઈશ્વર આગળ પણ બડબડાટ કે ફરિયાદ કર્યાં નથી, તેથી વાંચતી વખતે આંખમાં આવતાં આંસુ જાણે યોસેફને 'સેલ્યુટ' સલામી ભરતાં હોય તેમ લાગતું.

શાબાશ યોસેફ ! યોસેફના આ ગુણે મને નાની ઉંમરમાં પણ ખૂબ જ પ્રભાવિત કર્યો હતો. એ પુસ્તક હવે પણ હું જ્યારે જ્યારે વાંચું છું, ત્યારે યોસેફનો એ ગુણ હથોડાની માફક મારા હૈયામાં ઠોકાયા કરે છે. અને યોસેફના આવા જીવને મારા પોતાના જીવન પર ખૂબ ઘેરી અને ઊંડી છાપ પાડી છે.

એ વિષે મારાં બોધવચનોમાં પણ ઘણીવાર કહ્યાં છે અને શીખવ્યાં છે. જુવાનોની મીટીંગમાં પણ આ ગુણ પ્રત્યે ખૂબ ભાર દઈને જણાવ્યું છે.

અને એટલે જ આજે એ જ વાત આ પુસ્તિકાના રૂપમાં તમારી આગળ રજૂ કરું છું. તમે પણ એ પુસ્તક વારે વારે વાંચતા રહેશો, તો મને મળેલો આશીર્વાદ તમે પણ અચૂક પામશો તે હું છાતી ઠોકીને કહું છું.

ડૉ. જયાનંદ ચૌહાન
ફેબ્રુઆરી '૯૮

# વિષયસૂચિ


પ્રસ્તાવના . . . . . . . . . . . . . . . . . . . . V

પ્રકરણ ૧ યોસેફની જીવનકથા બાઈબલ પાઠ
ઉત્પત્તિ ૩૭થી ૫૦ અધ્યાય . . . . . . . . . . . . ૧

પ્રકરણ ૨ તમારા સંજોગોના સંચાલક . . . . . . . . . . . . ૪૧

ક. હીરાઘસુની ઉપમા . . . . . . . . . . . . . . ૪૧

ખ. ચાક લેતા ચાકડાની ઉપમા યિર્મેયા . . . . . . ૪૧

પ્રકરણ ૩ તમારા સંજોગો સામેના તમારા પ્રતિભાવ
કેવા છે ? . . . . . . . . . . . . . . . . . . ૪૪

ક. સંજોગો કાં તો આશીર્વાદ લાવે છે કે,
નુકસાનકારક બને છે. . . . . . . . . . . . . . ૪૪

ખ. જીવ ખાઈ નાખનાર વિલંબ . . . . . . . . . . . ૪૬

ગ. ઈશ્વરના આશીર્વાદની ઘડી . . . . . . . . . . . ૪૬

ઘ. યોસેફ ગાદીપતિ - ઈશ્વરની યોસેફ
માટેની આખરી યોજના પૂર્ણ થઈ . . . . . . . . ૪૭

ચ. તમારા જીવનના સંજોગો અગાઉથી જાણવા
માટે કોશિશ કરશો નહિ . . . . . . . . . . . . ૪૭

છ. યોસેફ સંજોગોના સંચાલકને નિહાળે છે
જ્યોતિષ ખતરારૂપ છે . . . . . . . . . . . . . ૪૮

પ્રકરણ ૪ દુઃખમય સંજોગો દ્વારા ઈશ્વરે ઘડેલાં પાત્રો . . . . ૫૦

ઓસ્ટ્રેલિયાની અપંગ/જુવાન મહિલા . . . . . . . . ૫૦

કુ. એન. સ્ટીલ . . . . . . . . . . . . . . . . . ૫૧

ફેની જે. ક્રોસ્બી . . . . . . . . . . . . . . . . ૫૭

પ્રકરણ ૫ પરમપિતા પરમેશ્વરનું સંચાલન . . . . . . . . . . ૭૦

પ્રભુ પિતા પર સંપૂર્ણ શ્રધ્ધા . . . . . . . . . . . . ૭૮

# પ્રકરણ ૧

## યોસેફના જીવન વિષેનો બાઈબલ પાઠ બાઈબલમાંથી

### ઉત્પત્તિ

૩૭ અને યાકોબ તેના બાપના પ્રવાસના દેશમાં એટલે
કનાન દેશમાં, રહ્યો. ૨ યાકોબનો વંશ આ છે. યોસેફ
સત્તર વર્ષનો થયો, ત્યારે તેના ભાઈઓની સાથે ટોળાં ચરાવતો
હતો; અને તે જુવાન હતો, તે તેના બાપની સ્ત્રીઓ બિલ્હાહ તથા
ઝિલ્પાહના દીકરાઓની સાથે હતો; અને યોસેફ તેઓની ભૂંડાઈની
ખબર તેના બાપની પાસે લાવતો હતો. ૩ હવે ઈસ્ત્રાએલ તેના
સર્વ દીકરાઓ કરતાં યોસેફ પર વિશેષ પ્રીતિ કરતો હતો, કેમ કે
તે તેના ઘડપણનો દીકરો હતો; અને તેણે તેને સારુ એક રંગિન
ઝભ્ભો સિવડાવ્યો હતો. ૪ અને તેના ભાઈઓએ જોયું કે તેઓનો
બાપ તેના સર્વ ભાઈઓ કરતાં તેના પર વિશેષ પ્રીતિ કરે છે;
અને તેઓ તેનો દ્વેષ કરતા, ને તેની સાથે મીઠાશથી વાત કરી
શકતા નહોતા.

૫ અને યોસેફને સ્વપ્ન આપ્યું, ને તેણે તેના ભાઈઓને તે
કહી સંભળાવ્યું; અને તેઓ તેના પર વત્તો દ્વેષ કરતા હતા. ૬ અને
તેણે તેઓને કહ્યું કે, આ સ્વપ્નમાં મેં જે દીઠું છે તે સાંભળો :
૭ જુઓ, આપણે ખેતરમાં પૂળીઓ બાંધતા હતા, ને જુઓ, મારી

પૂળી ઊઠીને ઊભી રહી; અને જુઓ, તમારી પૂળીઓ ચારેગમ
ઊભી રહી, ને મારી પૂળીની આગળ નમી. ૮ અને તેના ભાઈઓએ
તેને કહ્યું, શું તું ખચીત અમારા પર સત્તા ચલાવશે ? શું તું ખચીત
અમારો ધણી થશે ? અને તેઓ તેના સ્વપ્નને લીધે તથા તેની
વાતને લીધે તેના પર વત્તો દ્વેષ કરતા હતા. ૯ અને ફરી તેને બીજું
સ્વપ્ન આવ્યું, ને તેણે તેના ભાઈઓને તે કહ્યું ને બોલ્યો, જુઓ,
મને બીજું એક સ્વપ્ન આવ્યું; અને જુઓ, સૂર્ય તથા ચંદ્ર તથા
અગિયાર તારા મારી આગળ નમ્યા. ૧૦ અને તેણે તેના બાપને
તથા તેના ભાઈઓને તે કહી સંભળાવ્યું; અને તેના બાપે તેને
ધમકાવ્યો, ને તેને કહ્યું, જે સ્વપ્ન તને આવ્યું તે શું છે ? તારી
આગળ ભોંય લગી નમવાને હું તથા તારી મા તથા તારા ભાઈઓ
શું ખરેખર આવીશું ? ૧૧ અને તેના ભાઈઓએ તેના પર અદેખાઈ
કરી; પણ તેના બાપે તે વાત મનમાં રાખી.

૧૨ અને તેના ભાઈઓ તેઓના બાપનાં ટોળાં ચરાવવાને
શખેમમાં ગયા. ૧૩ અને ઇસ્ત્રાએલે યોસેફને કહ્યું, શું તારા
ભાઈઓ શખેમમાં ચરાવતા નથી ? ચાલ, હું તને તેઓની પાસે
મોકલીશ. અને તેણે તેને કહ્યું, હું આ રહ્યો. ૧૪ અને તેણે તેને
કહ્યું કે, જા; ને તારા ભાઈઓ તથા ટોળાં સારાં છે કે નહિ તે જો;
અને મારી પાસે ખબર લઈ આવ. અને તેણે તેને હેબ્રોનના
મેદાનમાંથી મોકલી દીધો, ને તે શખેમ આવ્યો. ૧૫ અને, જુઓ,
યોસેફ મેદાનમાં ભટકતો હતો એટલામાં એક માણસ તેને મળ્યો;
અને તેણે તેને પૂછયું કે, તું શું શોધે છે ? ૧૬ અને તેણે કહ્યું કે,
હું મારા ભાઈઓને શોધું છું; તેઓ ક્યાં ચરાવે છે તે કૃપા કરીને
મને કહે ૧૭ અને તે માણસે કહ્યું, તેઓ અહીંથી ગયા છે; કેમ કે
ચાલો, આપણે દોથાન જઈએ, એવું તેઓને કહેતાં મેં સાંભળ્યા.
અને યોસેફ તેના ભાઈઓની પાછળ ગયો, ને દોથાનમાં તેઓ

તેને મળ્યા. ૧૮ અને તેઓએ તેને આઘેથી દીઠો, ત્યારે તેઓની
પાસે તેના આવી પહોંચ્યા અગાઉ તેને મારી નાખવાને તેઓએ
મસલત કરી. ૧૯ અને તેઓએ એકબીજાને કહ્યું કે, જુઓ, પેલો
સ્વપ્નપતિ આવે છે. ૨૦ અને હવે ચાલો, આપણે તેને મારી
નાખીએ, ને કોઈએક ખાડામાં તેને નાખી દઈએ, ને આપણે કહીશું
કે, કોઈએક રાની પશુ તેને ખાઈ ગયું છે; અને તેના સ્વપ્નનું શું
થશે તે જોઈશું. ૨૧ અને રૂબેને તે સાંભળ્યું, ને તેણે તેઓના
હાથમાંથી તેને છોડાવ્યો; અને તેણે કહ્યું, આપણે તેનો જીવ ન
લેવો. ૨૨ તેઓના હાથમાંથી તેને છોડાવીને તેના બાપને સોંપવા
સારુ રૂબેને તેઓને કહ્યું, તેનું રક્ત ન વહેવડાવો; પણ રાનમાં
આ જે ખાડો છે તેમાં તેને નાખી દો, ને તેના પર હાથ ન નાખો.
૨૩ અને એમ થયું કે, યોસેફ તેના ભાઈઓની પાસે આવ્યો ત્યારે
યોસેફનો ઝભ્ભો, એટલે જે રંગિત ઝભ્ભો તેના અંગ પર હતો,
તે તેઓએ ઉતારી લીધો; ૨૪ અને તેઓએ તેને પકડયો, ને તેને
ખાડામાં નાખી દીધો; તે ખાડો ખાલી હતો, ને તેમાં પાણી નહોતું.

૨૫ અને તેઓ રોટલી ખાવા બેઠા; અને તેઓએ આંખો ઊંચી
કરીને જોયું, તો જુઓ, ઈશ્માએલીઓનો એક સંઘ ગિલઆદથી
આવતો હતો; અને સુગંધીઓ તથા લોબાન તથા બોળથી લાદેલાં
તેઓનાં ઊંટ મિસર દેશમાં તેઓ લઈ જતા હતા. ૨૬ અને યહૂદાએ
પોતાના ભાઈઓને કહ્યું, જુઓ, આપણા ભાઈને મારી નાખીએ
ને તેનું રક્ત સંતાડીએ તો આપણને શો લાભ ? ૨૭ ચાલો,
ઈશ્માએલીઓને તેને વેચી દઈએ, ને આપણો હાથ તેની વિરુદ્ધ
ન થાય; કેમ કે તે આપણો ભાઈ તથા આપણું લોહી છે. અને
તેના ભાઈઓએ તેનું સાંભળ્યું. ૨૮ અને મિદ્યાની વેપારીઓ
તેઓની પાસે થઈને જતા હતા; અને તેઓએ યોસેફને ખાડામાંથી
ખેંચી કાઢયો, ને તેઓએ વીસ રૂપિયે યોસેફને ઈશ્માએલીઓને

વેચી દીધો. અને તેઓ યોસેફને મિસરમાં લઈ ગયા. ૨૯ અને
રૂબેન ખાડાની પાસે પાછો આવ્યો; અને જુઓ, યોસેફ તો ખાડામાં
નહોતો; અને તેણે પોતાનાં લૂગડાં ફાડયાં. ૩૦ અને તેણે તેના
ભાઈઓની પાસે પાછા આવીને કહ્યું, છોકરો તો નથી; અને હું
ક્યાં જાઉં ? ૩૧ અને તેઓએ યોસેફનો ઝભ્ભો લીધો, ને એક
બકરું કાપીને તેના રક્તમાં તે ઝભ્ભો બોળ્યો; ૩૨ અને તેઓએ તે
રંગિત ઝભ્ભો તેમના બાપની પાસે મોકલાવીને કહ્યું, આ અમને
જડયો છે; તે તારા દીકરાનો ઝભ્ભો છે કે નહિ એ તું ઓળખી
લેજે. ૩૩ અને તેણે તે ઓળખ્યો, ને કહ્યું, તે મારા દીકરાનો ઝભ્ભો
છે; કોઈ રાની પશુએ તેને ફાડી ખાધો છે; નિશ્ચે યોસેફ ફાડી
નંખાયો છે. ૩૪ અને યાકોબે તેનાં વસ્ત્ર ફાડયાં, ને તેની કમરે
તાટ બાંધ્યું, ને તેના દીકરાને સારુ ઘણા દહાડા સુધી શોક કર્યો.
૩૫ અને તેના સર્વ દીકરા તથા તેની સર્વ દીકરીઓ તેને દિલાસો
દેવાને ઊઠયાં; પણ તેણે દિલાસો પામવાને ના પાડી; અને તેણે
કહ્યું કે, હું શોક કરતો કરતો શેઓલમાં મારા દીકરાની પાસે જઈશ;
અને તેનો બાપ તેને સારુ રડયો. ૩૬ અને પેલા મિદ્યાનીઓએ
યોસેફને મિસરમાં ફારુનનો સરદાર પોટીફાર, જે રક્ષકોનો
અધિકારી હતો, તેને ત્યાં વેચી દીધો.

૩૮ અને તે વેળાએ એમ થયું કે યહૂદા તેના ભાઈઓની
પાસેથી નીકળ્યો, ને હીરાહ નામે એક અદુલ્લામીને
ત્યાં ઊતર્યો. ૨ અને યહૂદાએ ત્યાં એક કનાની સ્ત્રી, જેનું નામ
શૂઆ હતું, તેની દીકરીને દીઠી; અને તેણે તેને લીધી, ને તેની
પાસે ગયો. ૩ અને તે ગર્ભવતી થઈ, ને તેને દીકરો જન્મ્યો; અને
તેણે તેનું નામ એર પાડયું. ૪ ફરી તે ગર્ભવતી થઈ, ને તેને દીકરો
જન્મ્યો; અને તેણે તેનું નામ ઓનાન પાડયું. ૫ અને તેને ફરી
એક દીકરો જન્મ્યો ને તેનું નામ તેણે શેલાહ પાડયું; અને તે જન્મ્યો

ત્યારે યહૂદા ખઝીબમાં રહેતો હતો. ૬ અને યહૂદાએ તેના જયેષ્ઠ
દીકરા એરને સારુ સ્ત્રી લીધી; ને તેનું નામ તામાર હતું. ૭ પણ
યહૂદાનો જયેષ્ઠ દીકરો એર યહોવાની દૃષ્ટિમાં ભૂંડો હતો; તેથી
યહોવાએ તેને મારી નાખ્યો. ૮ અને યહૂદાએ ઓનાનને કહ્યું, તું
તારા ભાઈની સ્ત્રી પાસે જા, ને તેની પ્રત્યે ધણીના ભાઈની ફરજ
અદા કર, ને તારા ભાઈને સારુ સંતાન ઉપજાવ. ૯ અને ઓનાને
જાણ્યું કે સંતાન મારું ગણાશે નહિ; અને એમ થયું કે, જ્યારે તે
તેની ભાભીની પાસે ગયો, ત્યારે તેણે પોતાના ભાઈને સંતાન ન
આપવાને તે ભૂમિ પર પાડયું. ૧૦ અને તેણે જે કર્યું તે યહોવાની
દૃષ્ટિમાં ભૂંડું હતું; તેથી તેણે તેને પણ મારી નાખ્યો. ૧૧ અને
યહૂદાએ પોતાની પુત્રવધૂ તામારને કહ્યું કે, મારો દીકરો શેલાહ
મોટો થાય, ત્યાં સુધી તું તારા બાપના ઘરમાં વિધવાવસ્થામાં રહે;
કેમ કે તેણે કહ્યું, કદાચ તે પણ તેના ભાઈઓની પેઠે માર્યો જાય.
અને તામાર જઈને તેના બાપના ઘરમાં રહી. ૧૨ અને ઘણા દહાડા
વીતી ગયા, ને યહૂદાની સ્ત્રી, શૂઆની દીકરી, મરણ પામી; અને
યહૂદા દિલાસો પામ્યો, ને તે તેના મિત્ર હીરાહ અદુલ્લામી સુદ્ધાં
તેનાં ઘેટાં કાતરનારાઓની પાસે તિમ્નાહ ગયો. ૧૩ અને તામારને
એવી ખબર મળી કે જો, તારો સસરો તેનાં ઘેટાં કાતરવાને તિમ્નાહ
જાય છે. ૧૪ અને તેણે તેના વૈધવ્યનાં વસ્ત્ર તેના અંગ પરથી
ઉતારી નાખ્યાં, ને ઘૂમટો તાણીને એનાઈમ જે તિમ્નાહ જવાને
માર્ગે છે તેની ભાગળમાં બેઠી; કેમ કે તેણે જોયું કે શેલાહ મોટો
થયો છે, તોપણ હું તેની સ્ત્રી થવા સારુ તેને અપાયેલી નથી.
૧૫ અને યહૂદાએ તેને જોઈ, ત્યારે તેને વેશ્યા જાણી; કેમ કે તેણે
પોતાનું મુખ ઢાંકયું હતું. ૧૬ અને માર્ગની બાજુએ વળીને તે તેની
પાસે ગયો, ને કહ્યું, હવે મને તારી પાસે આવવા દે; કેમ કે એ
મારી પુત્રવધૂ છે એમ તે જાણતો નહોતો. અને તે બોલી, મારી

પાસે આવવા સારુ તું મને શું આપીશ ? ૧૭ અને તેણે કહ્યું,
ટોળામાંથી બકરીનું એક બચ્ચું હું તારી પાસે મોકલીશ. અને તેણે
કહ્યું, તું મોકલે ત્યાં સુધી તું મને હડપ આપીશ ? ૧૮ અને તેણે
તેને કહ્યું, શી હડપ આપું ? તેણે કહ્યું, તારી મુદ્રા તથા તારો
અછોડો તથા તારા હાથમાંની કાઠી. અને તેણે તે આપ્યાં, ને તે
તેની પાસે ગયો, ને તેનાથી તે ગર્ભવતી થઈ. ૧૯ અને તે ઊઠીને
ચાલી ગઈ, ને તેણે ઘૂમટો કાઢી નાખીને તેના વૈધવ્યનાં વસ્ત્ર
પહેર્યાં. ૨૦ અને તે સ્ત્રીની પાસેથી હડપ લેવા સારુ યહૂદાએ
પોતાના મિત્ર અદુલ્લામીની હસ્તક બકરીનું બચ્ચું મોકલ્યું; પણ તે
તેને ન મળી. ૨૧ અને તેણે તે જગાનાં માણસોને પૂછયું કે, જે
વેશ્યા એનાઈમ પાસે માર્ગ પર બેઠી હતી તે કયાં છે ? અને તેઓએ
કહ્યું, અહીં કોઈ વેશ્યા નહોતી. ૨૨ અને યહૂદાની પાસે પાછા
આવીને તેણે કહ્યું, મને તે જડતી નથી; અને ત્યાંના માણસોએ
પણ કહ્યું કે, અહીં કોઈ વેશ્યા નહોતી. ૨૩ અને યહૂદાએ કહ્યું,
ભલે તે પોતાની પાસે તે રાખે, રખેને આપણું અપમાન થાય; જો,
મેં આ બકરીનું બચ્ચું મોકલ્યું, પણ તને તે જડી નહિ. ૨૪ અને
એમ થયું કે, આસરે ત્રણ મહિના પછી યહૂદાને ખબર મળી કે,
તારી પુત્રવધૂ તામારે વ્યભિચાર કર્યો છે; અને જો, વ્યભિચારથી
તેને ગર્ભ રહ્યો છે. અને યહૂદાએ કહ્યું, તેને બહાર લાવીને બાળી
નાખો. ૨૫ અને તેને બહાર આણી ત્યારે તેણે તેના સસરાની પાસે
માણસ મોકલીને કહાવ્યું કે, જેનાં આ છે, તે માણસથી હું ગર્ભવતી
થઈ છું; હવે આ મુદ્રા તથા અછોડો તથા કાઠી કોનાં છે, તે તું
કૃપા કરીને ઓળખી લે. ૨૬ અને યહૂદાએ તે [મારાં પોતાનાં છે
એમ] કબૂલ કરીને કહ્યું કે, તે મારા કરતાં ન્યાયી છે; કારણ કે મેં
તેને મારા દીકરા શેલાહને ન દીધી. અને તેણે તેને ફરીથી ન
જાણી. ૨૭ અને જણવાની વેળાએ એમ થયું કે, જુઓ, તેના પેટમાં

જોળ હતી. ૨૮ અને જણતી વખતે એમ થયું કે, એકે પોતાનો હાથ
બહાર કાઢયો; અને દાઈએ તેનો હાથ પકડયો, ને તેના પર લાલ
સૂતર બાંધ્યું, ને કહ્યું, આ પહેલો નીકળ્યો. ૨૯ અને તેણે તેનો
હાથ પાછો ખેંચ્યો ત્યારે, જુઓ, એમ થયું કે તેનો ભાઈ નીકળ્યો;
અને [દાઈએ] કહ્યું, તું કેમ કરીને ફાટ પાડીને નીકળ્યો ? એ માટે
તેનું નામ પેરેસ પડયું. ૩૦ અને પછી તેનો ભાઈ, જેને હાથે લાલ
સૂતર બાંધ્યું હતું, તે નીકળ્યો; અને તેનું નામ ઝેરાહ પડયું.

૩૯ અને તેઓએ યોસેફને મિસરમાં આણ્યો; અને ત્યાં
જે ઇશ્માએલીઓ તેને લઈને ઊતરી ગયા, તેઓની
પાસેથી પોટીફાર નામનો એક મિસરી, જે ફારુનનો એક અમલદાર
તથા રક્ષકોનો સરદાર હતો, તેણે તેને વેચાતો લીધો. ૨ અને
યહોવા યોસેફની સાથે હતો, ને તે ભાગ્યવાન હતો; અને તે તેના
શેઠના એટલે તે મિસરીના ઘરમાં રહ્યો. ૩ અને તેના શેઠે જોયું કે
યહોવા તેની સાથે છે, ને તે જે કંઈ કરે છે તેમાં યહોવા તેને સફળ
કરે છે. ૪ અને યોસેફ તેની દૃષ્ટિમાં કૃપા પામ્યો, ને તેણે તેની
સેવા કરી; અને તેણે તેને તેના ઘરનો કારભારી ઠરાવ્યો, ને તેનું
જે હતું તે સર્વ તેણે તેના હાથમાં સોંપ્યું. ૫ અને એમ થયું કે, તેણે
તેને તેના ઘરનો તથા તેની સર્વ માલમિલકતનો કારભારી ઠરાવ્યો
હતો, ત્યારથી યહોવાએ યોસેફને લીધે તે મિસરીના ઘરને
આશીર્વાદ દીધો; અને ઘરમાં તથા ખેતરમાં જે સર્વ તેનું હતું તે
પર યહોવાનો આશીર્વાદ હતો. ૬ અને પોતાનું જે હતું તે સર્વ
તેણે યોસેફના હાથમાં સોંપ્યું; અને તે જે અન્‍ન ખાતો તે વિના
પોતાનું શું શું છે, એ કંઈપણ તે જાણતો નહોતો. અને યોસેફ
સુંદર તથા રૂપાળો હતો.

૭ અને ત્યાર પછી એમ થયું કે, તેના ધણીની સ્ત્રીએ યોસેફ
પર કુદૃષ્ટિ કરી; અને તેને કહ્યું, મારી સાથે સૂ. ૮ પણ તેણે ના

કહી, ને તેના શેઠની સ્ત્રીને તેણે કહ્યું, જો, ઘરમાં મારા હવાલામાં
શું શું છે તે મારો શેઠ જાણતો નથી, ને તેનું જે સર્વ છે તે તેણે
મારા હાથમાં સોંપ્યું છે; ૯ આ ઘરમાં મારા કરતાં કોઈ મોટો નથી;
અને તેણે તારા વિના બીજું કંઈ જ મારાથી પાછું રાખ્યું નથી, કેમ
કે તું તેની સ્ત્રી છે; માટે એવું મોટું કુકર્મ કરી તે હું દેવનો અપરાધ
નથી, કેમ થાઉં ? ૧૦ અને એમ થયું કે, તે યોસેફને રોજ રોજ
એમ કહેતી હતી; પણ તેણે તેની સાથે સૂવા વિષે તથા તેની પાસે
રહેવા વિષે તેનું કહેવું માન્યું નહિ. ૧૧ અને આસરે તે સમયે એમ
થયું કે, યોસેફ પોતાનું કામ કરવાને ઘરમાં ગયો; અને ઘરનું કોઈ
માણસ ઘરમાં ન હતું. ૧૨ ત્યારે તેણે તેનું વસ્ત્ર પકડયું, ને કહ્યું,
મારી સાથે સૂ; પણ તે પોતાનું વસ્ત્ર તેના હાથમાં મૂકી દઈને
નાઠો, ને બહાર નીકળી ગયો. ૧૩ અને એમ થયું કે, જ્યારે તેણે
જોયું કે તે પોતાનું વસ્ત્ર મારા હાથમાં મૂકી દઈને બહાર નાસી
ગયો છે, ૧૪ ત્યારે તેણે પોતાના ઘરમાંનાં માણસોને બોલાવીને
તેઓને કહ્યું, જુઓ, આપણું અપમાન કરવાને તેણે આ હિબ્રૂ
માણસને આપણી પાસે આણ્યો છે; અને તે મારી સાથે સૂવાને
મારી પાસે આવ્યો, ને મેં મોટે સાદે બૂમ પાડી; ૧૫ અને એમ થયું
કે, મેં મોટે સાદે બૂમ પાડી, એ તેણે સાંભળ્યું, ત્યારે તે તેનું વસ્ત્ર
મારા હાથમાં મૂકીને નાઠો ને બહાર નીકળી ગયો. ૧૬ અને તેનો
ધણી ઘેર આવ્યો ત્યાં સુધી તેણે તેનું વસ્ત્ર પોતાની પાસે રાખ્યું.
૧૭ અને તેણે તેને એ પ્રમાણે કહ્યું કે, આ હિબ્રૂ દાસ જેને તું આપણે
ત્યાં લાવ્યો છે, તે મારું અપમાન કરવાને મારી પાસે આવ્યો હતો;
૧૮ અને એમ થયું કે, મેં બૂમ પાડી, ત્યારે તે તેનું વસ્ત્ર મારા
હાથમાં મૂકી દઈને નાસી ગયો.

૧૯ અને એમ થયું કે, જ્યારે તેના શેઠે પોતાની સ્ત્રીની કહેલી
વાત સાંભળી કે, તારા દાસે મને એમ કર્યું, ત્યારે તેનો કોપ સળગી

ઊઠયો. ૨૦ અને યોસેફના શેઠે તેને પકડયો, ને જે ઠેકાણે રાજાના
બંદીવાન કેદ કરાતા હતા, તે કેદખાનામાં તેણે તેને નાખ્યો; અને
તે ત્યાં કેદખાનામાં રહ્યો. ૨૧ પણ યહોવા યોસેફની સાથે હતો,
ને તેણે તેના પર દયા કરી, ને તેને કેદખાનાના દરોગાની દૃષ્ટિમાં
કૃપા પમાડી. ૨૨ અને જે કેદીઓ કેદખાનામાં હતા તેઓ સર્વને
દરોગાએ યોસેફના હાથમાં સોંપ્યા; અને ત્યાં જે કામ તેઓ કરતા
તેનો કરાવનાર તે જ હતો. ૨૩ અને કેદખાનાનો દરોગો તેને
સોંપેલા કોઈ પણ કામ પર દેખરેખ રાખતો નહોતો, કેમ કે યહોવા
તેની સાથે હતો; અને તે જે કંઈ કામ કરતો તેમાં યહોવા તેને
ફતેહ પમાડતો.

૪૦ એ વાતો પછી એમ થયું કે, મિસરના રાજાના
પાત્રવાહકે તથા ભઠિયારાએ તેમના માલિક મિસરના
રાજાઓ અપરાધ કર્યો. ૨ અને ફારુન તેના બન્‍ને સેવકો પર,
એટલે મુખ્ય પાત્રવાહક પર તથા મુખ્ય ભઠિયારા પર કોપાયમાન
થયો. ૩ અને જ્યાં યોસેફ બંદીવાન હતો તે તુરંગમાં એટલે
પહેરેગીરોના ઉપરીના ઘરમાં તેણે તઓને કેદ કર્યા. ૪ અને
પહેરેગીરોના ઉપરીએ યોસેફને તેઓનો ખિજમતગાર નીમ્યો, ને
તેણે તેઓની સંવા કરી; અને તેઓ કેટલીક મુદત સુધી કેદમાં
રહ્યા. ૫ અને મિસરના રાજાનો પાત્રવાહક તથા ભઠિયારો જે
તુરંગમાં કેદી હતા તે બન્‍ને માણસોને એક જ રાત્રે, તેમના સ્વપ્નના
જુદા જુદા અર્થ પ્રમાણે, સ્વપ્ન આવ્યાં. ૬ અને યોસેફે સવારે
તેઓની પાસે અંદર આવીને તેઓને જોયા, ત્યારે જુઓ, તેઓ
ઉદાસ હતા. ૭ અને ફારુનના જે અમલદારો તેની પાસે તેના શેઠના
ઘરમાં કેદી હતા તેઓને તેણે પૂછયું કે, આજ તમે શેઠના ઘરમાં
કેદી હતા તેઓને તેણે પૂછયું કે, આજ તમે કેમ ઉદાસ દેખાઓ
છો ? ૮ અને તેઓએ તેને કહ્યું, અમને સ્વપ્ન આવ્યું હતું, ને

તેનો અર્થ બતાવી શકે એવો કોઈ નથી. અને યોસેફે તેઓને કહ્યું,
અર્થ બતાવવો એ શું દેવનું કામ નથી ? તે શું છે તે કૃપા કરીને
મને કહો.

૯ અને મુખ્ય પાત્રવાહકે પોતાનું સ્વપ્ન યોસેફને જણાવીને
કહ્યું, જુઓ, મારા સ્વપ્નમાં મારી સામે એક દ્રાક્ષાવેલો દેખાયો;
૧૦ અને દ્રાક્ષાવેલાને ત્રણ ડાળીઓ હતી; અને તેઓને જાણે કળીઓ
આવી, ને મોર ખીલ્યો; અને તેના ગુચ્છામાં દ્રાક્ષો પાકી: ૧૧ અને
ફારુનનું પ્યાલું મારા હાથમાં હતું; અને મેં દ્રાક્ષો લઈને ફારુનના
પ્યાલામાં તેનો રસ નિચોવી કાઢીને પ્યાલું ફારુનના હાથમાં આપ્યું.
૧૨ અને યોસેફે તેને કહ્યું, એનો અર્થ આ છે : ત્રણ ડાળી તે ત્રણ
દહાડા છે; ૧૩ ત્રણ દહાડામાં ફારુન તારું માથું ઊંચું કરશે, ને તને
પાછો તારા કામ પર રાખશે; અને તેનો પાત્રવાહક હતો ત્યારની
રીત પ્રમાણે તું ફારુનનું પ્યાલું તેના હાથમાં આપીશ. ૧૪ પણ તારું
ભલું થાય ત્યારે કૃપા કરીને મને સંભારજે, ને મારા પર દયા
રાખજે, ને મારા વિષે ફારુનને કહીને આ ઘરમાંથી મને કઢાવજે;
૧૫ કેમ કે હિબ્રૂઓના દેશમાંથી હું ખરેખર ચોરાઈ ગયેલો છું; અને
અહીં પણ મેં તુરંગમાં નંખાવા લાયક કંઈ કર્યું નથી.

૧૬ અને મુખ્ય ભઠિયારાએ જોયું કે અર્થ સારો છે, ત્યારે તેણે
યોસેફને કહ્યું કે મને પણ સ્વપ્ન આવ્યું હતું, ને જુઓ, મારા માથા
પર સફેદ રોટલી ભરેલી ત્રણ ટોપલી હતી; ૧૭ અને ઉપલી
ટોપલીમાં ફારુનને સારુ સર્વ પ્રકારનાં પકવાન હતાં; અને મારા
માથા પરની ટોપલીમાંથી પક્ષીઓ તે ખાતાં હતાં. ૧૮ અને યોસેફે
ઉત્તર આપ્યો, એનો અર્થ એ છે કે ત્રણ ટોપલી તે ત્રણ દહાડા
છે; ૧૯ અને ત્રણ દહાડામાં ફારુન તારું માથું તારા પરથી ઊંચકી
લેશે, ને તને ઝાડ પર ટાંગશે, અને પક્ષીઓ તારા પરથી તારું
માંસ ચૂંટી ખાશે. ૨૦ અને ત્રીજે દહાડે, એટલે ફારુનની વર્ષગાંઠને

દિવસે, એમ થયું કે તેણે તેના સર્વ સેવકોને મિજબાની આપી;
અને તેણે તેના સેવકોમાં મુખ્ય પાત્રવાહકનું તથા મુખ્ય ભઠિયારાનું
માથું ઊંચું કર્યું. ૨૧ અને તેણે મુખ્ય પાત્રવાહકને તેની પાત્રવાહકની
પદવી પર રાખ્યો; અને તેણે ફારુનના હાથમાં પાત્ર આપ્યું. ૨૨ અને
યોસેફે અર્થ કરી બતાવ્યો હતો તે પ્રમાણે તેણે મુખ્ય ભઠિયારાને
ફાંસી દીધી. ૨૩ અને મુખ્ય પાત્રવાહકે યોસેફને સંભાર્યો નહિ,
પણ તેને ભૂલી ગયો.

**૪૧** અને બે વર્ષ પછી એમ થયું કે ફારુનને સ્વપ્ન આવ્યું;
અને જુઓ, તે નદીની પાસે ઊભો હતો. ૨ અને
જુઓ સુંદર તથા પુષ્ટ એવી સાત ગાય નદીમાંથી નીકળીને
સરકટ[ના બીડ]માં ચરી. ૩ અને જુઓ, તેઓની પછવાડે કદરૂપી
તથા સુકાઈ ગયેલી એવી બીજી સાત ગાય નદીમાંથી નીકળીને
નદીને કાંઠે પેલી ગાયોની પાસે ઊભી રહી. ૪ અને કદરૂપી તથા
સુકાઈ ગયેલી ગાયો તે સાત સુંદર તથા પુષ્ટ ગાયને ગળી ગઈ.
એટલામાં ફારુન જાગી ઊઠયો. ૫ અને તે ઊંઘી ગયો, ને તેને બીજું
સ્વપ્ન આવ્યું: અને જુઓ, એક સાંઠા પર દાણાએ ભરેલાં તથા
સારાં એવાં સાત કણસલાં આવ્યાં. અને જુઓ, તેઓની પછવાડે
હલકાં તથા પૂર્વના વાયુથી ચીમળાયેલા એવાં સાત કણસલાં
આવ્યાં. ૭ અને હલકાં કણસલાં પેલાં સાત પાકાં તથા ભરેલાં
કણસલાંને ગળી ગયાં અને ફારુન જાગી ઊઠયો, તો જુઓ, એ
તો સ્વપ્ન હતું. ૮ અને સવારે એમ થયું કે તેનું મન ગભરાયું;
અને તેણે મિસરના સર્વ શાસ્ત્રીઓને તથા ત્યાંના સર્વ જ્ઞાનીઓને
તેડાવ્યા; અને ફારુને તેઓને પોતાનાં સ્વપ્ન કહી સંભળાવ્યાં; પણ
તેઓમાંનો કોઈ પણ ફારુનને તેનાં સ્વપ્નનો અર્થ કહી શક્યો નહિ.

૯ અને મુખ્ય પાત્રવાહકે ફારુનને કહ્યું, આજ મને મારો
અપરાધ યાદ આવે છે. ૧૦ ફારુનને પોતાના દાસો પર ક્રોધ ચઢયો

હતો, ને મને તથા મુખ્ય ભઠિયારાને તુરંગમાં, એટલે પહેરેગીરોના
ઉપરીના ઘરમાં, કેદ કર્યા હતા; ૧૧ અને એક જ રાતે અમને સ્વપ્ન
આવ્યું; દરેકને પોતાના સ્વપ્નના અર્થ પ્રમાણે સ્વપ્ન આવ્યું. ૧૨ અને
એક હિબ્રૂ જુવાન, જે પહેરેગીરોના ઉપરીનો દાસ હતો, તે ત્યાં
અમારી સાથે હતો; તેને અમે કહ્યું, ને તેણે અમારાં સ્વપ્નોનો અર્થ
કરી બતાવ્યો; દરેકને પોતાના સ્વપ્ન પ્રમાણે તેણે અર્થ કરી બતાવ્યો.
૧૩ અને એમ થયું કે તેણે અમને જે અર્થ કહ્યો તે પ્રમાણે જ થયું; તેણે
મને મારી પદવી પર પાછો ઠરાવ્યો, ને તેણે એને ફાંસી દીધી.

૧૪ અને ફારુને માણસો મોકલીને યોસેફને તેડાવ્યો, ને તેઓ
તેને તુરંગમાંથી ઉતાવળે કાઢી લાવ્યા; અને તેણે હજામત કરીને
પોતાનાં લૂગડાં બદલ્યાં, ને ફારુનની હજૂરમાં આવ્યો. ૧૫ અને
ફારુને યોસેફને કહ્યું, મને સ્વપ્ન આવ્યું છે, પણ તેનો અર્થ કરનાર
કોઈ નથી; અને મેં તારા વિષે સાંભળ્યું છે કે તું સ્વપ્ન સાંભળીને
તેનો અર્થ કરી શકે એવો છે. ૧૬ અને યોસેફે ફારુનને ઉત્તર આપ્યો,
હું તો નહિ; પણ દેવ ફારુનને શાંતિકારક ઉત્તર આપશે. ૧૭ અને
ફારુને યોસેફને કહ્યું, જુઓ, હું મારા સ્વપ્નમાં નદીને કાંઠે ઊભો
હતો : ૧૮ અને જુઓ, પુષ્ટ તથા સુંદર એવી સાત ગાય નદીમાંથી
નીકળીને સરકટ [ના બીડ]માં ચરતી હતી; ૧૯ અને જુઓ, તેઓની
પછવાડે નબળી તથા બહુ કદરૂપી તથા સુકાઈ ગયેલી બીજી સાત
ગાય નીકળી, તે એવી કે તેમના જેવી કદરૂપી ગાયો મેં આખા
મિસર દેશમાં કદી દીઠી નહોતી; ૨૦ અને તે દૂબળી તથા કદરૂપી
ગાયો પેલી સાત પુષ્ટ ગાયોને ગળી ગઈ; ૨૧ અને તેઓ તેઓને
ગળી ગઈ, તોપણ તેઓ તેમને ગળી ગઈ હોય એવું જણાયું નહિ;
પણ પહેલાંની પેઠે તેઓ કદરૂપી રહી, અને હું જાગી ઊઠયો.
૨૨ અને મારા સ્વપ્નમાં મેં જોયું, ને જુઓ, એક સાંઠા પર ભરાયેલાં
તથા સારાં એવાં સાત કણસલાં નીકળ્યાં; ૨૩ અને જુઓ, તેઓની

પાછળ સુકાયેલાં તથા હલકાં તથા પૂર્વના પવનથી ચીમળાયેલાં
એવાં સાત કણસલાં નીકળ્યાં; ૨૪ અને તે હલકાં કણસલાં પેલાં
સાત સારાં કણસલાંને ગળી ગયાં; અને મેં જાદુગરોને એ કહ્યું;
પણ તેનો અર્થ મને કોઈ બતાવી શક્યો નહિ. ૨૫ અને યોસેફે
ફારુનને કહ્યું, ફારુનનું સ્વપ્ન એક જ છે; દેવ જે કરવાનો છે તે
તેણે ફારુનને જણાવ્યું છે. ૨૬ પેલી સાત સારી ગાય સાત વર્ષ છે;
અને સાત સારાં કણસલાં સાત વર્ષ છે: સ્વપ્ન એક જ છે. ૨૭ અને
તેઓની પાછળ જે સુકાંઈ ગયેલી તથા કદરૂપી ગાય નીકળી તે
સાત વર્ષ છે; અને દાણા વગરનાં તથા પૂર્વના વાયુથી ચીમળાયેલાં
જે સાત કણસલાં તે દુકાળનાં સાત વર્ષ થશે. ૨૮ જે વાત મેં ફારુનને
કહી તે એ છે; દેવ જે કરવાનો છે તે તેણે ફારુનને દેખાડયું છે.
૨૯ જુઓ, આખા મિસર દેશમાં ઘણી પુષ્કળતાનાં સાત વર્ષ આવશે;
૩૦ અને ત્યાર પછી દુકાળનાં સાત વર્ષ આવશે; અને મિસર દેશમાં
સર્વ પુષ્કળતા ભૂલી જવાશે; અને દુકાળ દેશનો નાશ કરશે;
૩૧ અને તે આવનાર દુકાળને લીધે દેશમાં પુષ્કળતા જણાશે નહિ;
કેમ કે તે બહુ ભારે થશે. ૩૨ અને ફારુનને બે વાર સ્વપ્ન આવ્યાં
તે એ માટે કે દેવે એ વાત નક્કી ઠરાવી છે. ને દેવ તે થોડી જ
વારમાં પૂરી કરશે. ૩૩ તે માટે હવે ફારુને બુદ્ધિવંત તથા જ્ઞાની
એવા એક માણસને શોધી કાઢીને તેને મિસર દેશ પર ઠરાવવો.
૩૪ ફારુને એમ કરવું: દેશ પર ઉપરીઓ ઠરાવવા, ને પુષ્કળતાનાં
સાત વર્ષ પર્યંત દેશનો પાંચમો ભાગ લેવો. ૩૫ અને જે સારાં વર્ષ
આવશે, તેઓમાં તેઓ સઘળો ખોરાક એકઠો કરે, અને ફારુનના
હાથ નીચે નગરેનગર સઘળું અનાજ ખોરાકને માટે એકઠું કરીને
તેને રાખી મૂકે. ૩૬ અને દુકાળનાં જે સાત વર્ષ મિસર દેશમાં
આવશે તેમાં તે ખોરાક દેશને માટે સંગ્રહ થશે કે, દુકાળથી દેશનો
નાશ ન થાય.

૩૭ અને એ વાત ફારુનને તથા તેના સર્વ દાસોને સારી લાગી.
૩૮ અને ફારુને તેના દાસોને કહ્યું, જેનામાં દેવનો આત્મા હોય,
એવો આના જેવો શું કોઈ માણસ આપણને મળે ? ૩૯ અને ફારુને
યોસેફને કહ્યું, દેવે આ સર્વ તને દેખાડયું છે, માટે તારા જેવો
બુદ્ધિમાન તથા જ્ઞાની કોઈ નથી; ૪૦ તું મારા ઘરનો ઉપરી થા, ને
મારા સર્વ લોક તારી આજ્ઞા પ્રમાણે ચાલશે; એકલા રાજ્યાસન
પર હું તારા કરતાં મોટો હોઈશ. ૪૧ અને ફારુને યોસેફને કહ્યું,
જો, મેં તને આખા મિસર દેશનો ઉપરી ઠરાવ્યો છે. ૪૨ અને ફારુને
પોતાના હાથની મુદ્રિકા કાઢીને યોસેફના હાથમાં ઘાલી, ને તેને
મલમલનાં વસ્ત્ર પહેરાવ્યાં, ને તેના ગળામાં સોનાની સાંકળી
ઘાલી; ૪૩ અને બીજા દરજ્જાના રથમાં તેને બેસાડયો; અને 'ઘૂંટણ
ટેકવો' એવી તેની આગળ તેઓએ નેકી પોકારીઃ અને તેણે તેને
આખા મિસર દેશનો ઉપરી ઠરાવ્યો. ૪૪ અને ફારુને યોસેફને કહ્યું,
હું ફારુન છું, ને આખા મિસર દેશમાં તારા કહ્યા વિના કોઈ માણસ
હાથ કે પગ ઉઠાવે નહિ. ૪૫ અને ફારુને યોસેફનું નામ
સાફનાથપાનેઆહ પાડયું; અને ઓનના યાજક પોટીફેરાની દીકરી
આસનાથ સાથે તેનાં લગ્ન કરાવ્યાં અને યોસેફ મિસર દેશમાં
ફરવા નીકળ્યો.

૪૬ અને યોસેફ મિસરના રાજા ફારુનની આગળ ઊભો રહ્યો
ત્યારે તે ત્રીસવર્ષનો હતો. અને યોસેફ ફારુનની હજૂરમાંથી
નીકળીને આખા મિસર દેશમાં ફર્યો. ૪૭ અને પુષ્કળતાનાં સાત
વર્ષમાં જમીનમાંથી ખોબેખોબા પાકયું. ૪૮ અને મિસર દેશમાં જે
સાત વર્ષ થયાં તેઓનું સઘળું અનાજ તેણે એકઠું કર્યું, ને તે અનાજ
નગરોમાં ભરી રાખ્યું; અને દરેક નગરની આસપાસ જે ખેતરો
હતાં તેઓનું અનાજ તેણે તે જ નગરમાં ભરી રાખ્યું. ૪૯ અને
યોસેફે સમુદ્રની રેતી જેટલું અતિ ઘણું અન્‍ન સંઘર્યું, તે એટલે સુધી

કે તેણે હિસાબ રાખવાનું પણ મૂકી દીધું; કેમ કે તે બેસુમાર હતું.
૫૦ અને દુકાળનાં વર્ષો આવ્યા અગાઉ યોસેફના બે દીકરા જન્મ્યા
કે, જે તેને ઓનના યાજક પોટીફેરાની દીકરી આસનાથને પેટે
થયા. ૫૧ અને યોસેફે જયેષ્ઠ દીકરાનું નામ મનાશ્શા પાડયું; કેમ
કે [તેણે કહ્યું,] દેવે મારાં સર્વ કષ્ટ તથા મારા બાપના ઘરનું સર્વ
મને વીસરાવી દીધું છે. ૫૨ અને બીજાનું નામ તેણે એફ્રાઈમ પાડયું;
કેમ કે [તેણે કહ્યું,] મારા દુઃખના દેશમાં દેવે મને સફળ કર્યો છે.
૫૩ અને મિસર દેશમાં પુષ્કળતાનાં જે સાત વર્ષ આવ્યાં હતાં તે
વીતી ગયાં. ૫૪ યોસેફના કહ્યા પ્રમાણે દુકાળનાં સાત વર્ષ શરૂ
થયાં; અને સર્વ દેશોમાં દુકાળ પડયો; પણ આખા મિસર દેશમાં
અન્‍ન હતું. ૫૫ અને આખો મિસર દેશ ભૂખે મરવા લાગ્યો, ત્યારે
લોકે ફારુનની આગળ ધાન્યને સારુ કાલાવાલા કર્યા; અને ફારુને
સર્વ મિસરીઓને કહ્યું, યોસેફની પાસે જાઓ; અને તે તમને કહે
તે કરો. ૫૬ અને આખા દેશ પર દુકાળ પડયો ત્યારે યોસેફે સર્વ
કોઠારો ઉઘાડીને મિસરીઓને [અનાજ] વેચાતું આપ્યું; અને મિસર
દેશમાં તે દુકાળ બહુ વિકટ હતો. ૫૭ અને સર્વ દેશોના લોકો
મિસર દેશમાં યોસેફની પાસે અનાજ વેચાતું લેવાને આવતા હતાં;
કેમ કે આખી પૃથ્વી પર દુકાળ ભારે હતો.

૪૨ અને યાકોબે જોયું કે મિસરમાં અનાજ છે. ત્યારે
યાકોબે તેના દીકરાઓને કહ્યું, તમે એકબીજા સામે
કેમ જોયા કરો છો ? ૨ અને તેણે કહ્યું, જુઓ, મેં સાંભળ્યું છે કે
મિસરમાં અનાજ છે; ત્યાં જાઓ, ને ત્યાંથી આપણે સારુ વેચાતું
લાવો કે, આપણે જીવતા રહીએ, ને મરી જઈએ નહિ. ૩ અને
યોસેફના દસ ભાઈઓ અનાજ વેચાતું લેવાને મિસરમાં ગયા.
૪ પણ યોસેફના ભાઈ બિન્યામીનને તેના ભાઈઓની સાથે યાકોબે
મોકલ્યો નહિ; કેમ કે તેણે કહ્યું, રખેને તેના પર કંઈ વિઘ્ન આવી

પડે. ૫ અને ઇસ્રાએલના દીકરા બીજા લોકોની સાથે વેચાતું લેવાને
આવ્યા; કેમ કે કનાન દેશમાં પણ દુકાળ હતો. ૬ અને તે દેશનો
અધિપતિ યોસેફ હતો; તે દેશના સર્વ લોકોને અનાજ વેચાતું
આપનાર તે જ હતો; અને યોસેફના ભાઈઓ આવ્યા, ને તેઓએ
ભોંય લગી માથાં નમાવીને તેને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યા.
૭ અને યોસેફે પોતાના ભાઈઓને જોઈને તેઓને ઓળખ્યા; પણ
તે પારકાની પેઠે તેઓની સાથે વર્ત્યો, ને તેઓની સાથે કઠોરતાથી
વાત કરીને તેઓને પૂછયું, તમે ક્યાંથી આવ્યા ? અને તેઓએ
તેને કહ્યું, કનાન દેશથી અનાજ વેચાતું લેવાને અમે આવ્યા છીએ.
૮ અને યોસેફે તેના ભાઈઓને ઓળખ્યા, પણ તેઓએ તેને
ઓળખ્યો નહિ. ૯ અને યોસેફને તેઓ વિષે જે સ્વપ્ન આવ્યાં તે
તેને સાંભરી આવ્યાં, ને તેણે તેઓને કહ્યું, તમે જાસૂસ છો; દેશનું
નાગાપણું જોવાને તમે આવ્યા છો. ૧૦ અને તેઓએ તેને કહ્યું,
સાહેબ, એમ નહિ, પણ અનાજ વેચાતું લેવાને તારા દાસ આવ્યા
છે. ૧૧ અમે સર્વ એક માણસના દીકરા છીએ; અમે સાચા માણસ
છીએ, તારા દાસો જાસૂસ નથી. ૧૨ અને તેણે તેઓને કહ્યું, એમ
નહિ, પણ દેશનું નાગાપણું જોવાને તમે આવ્યા છો. ૧૩ અને
તેઓ બોલ્યા, તારા દાસો બાર ભાઈ છીએ, કનાન દેશના એક
માણસના દીકરા છીએ; અને જુઓ, નાનો ભાઈ આજ અમારા
બાપની પાસે છે, ને એકનો તો પત્તો નથી. ૧૪ અને યોસેફે તેઓને
કહ્યું, જેમ મેં તમને કહ્યું કે, તમે જાસૂસ છો, તેમ જ છે; ૧૫ આથી
તમારી પરીક્ષા કરવામાં આવશેઃ ફારુનના જીવના સમ કે તમારો
નાનો ભાઈ અહીં આવ્યા વિના તમે અહીંથી જવા પામશો નહિ.
૧૬ તમે તમારામાંથી એકને મોકલો, તે તમારા ભાઈને લઈ આવે,
પણ તમને કેદમાં રાખવામાં આવશે, ને તમારી વાતની પરીક્ષા
થશે કે તમારામાં સત્ય છે કે નહિ; નહિ તો ફારુનના જીવના સમ

[ખાઈને કહું છું] કે તમે જાસૂસ જ છો. ૧૭ અને ત્રણ દહાડા લગી
તેણે તેઓને તુરંગમાં રાખ્યા. ૧૮ અને ત્રીજે દહાડે યોસેફે તેઓને
કહ્યું, તમે આમ કરો ને જીવતા રહો; કેમ કે હું દેવથી બીહું છું:
૧૯ જો તમે સાચા માણસ હો, તો તમારામાંનો એક ભાઈ
કેદખાનામાં રહે; અને બાકીના જાઓ, ને તમારાં ઘરનાં દુકાળને
સારુ અનાજ લેતા જાઓ; ૨૦ અને તમારા નાના ભાઈને મારી
પાસે લેતા આવો; તે પરથી તમારી વાત સાચી ઠરશે, ને તમે નહિ
મરશો. અને તેઓએ એમ કર્યું. ૨૧ અને તેઓએ માંહોમાંહે કહ્યું,
ખરેખર આપણે આપણા ભાઈ વિષે અપરાધી છીએ, કેમ કે જ્યારે
તેણે કાલાવાલા કર્યા, ને આપણે તેના જીવનું દુ:ખ જોયું, ત્યારે
આપણે તેનું સાંભળ્યું નહિ; તે માટે આ સંકટ આપણા પર આવી
પડયું છે. ૨૨ અને રૂબેને તેઓને ઉત્તર દીધો, શું મે તમને નહોતું
કહ્યું કે, આ છોકરા સંબંધી તમે પાપ ન કરો ? પણ તમે માન્યું
નહિ; તેથી હવે જુઓ, તેના રક્તનો બદલો લેવામાં આવે છે.
૨૩ અને યોસેફ તેઓની વાત સમજે છે. તે તેઓ જાણતા નહોતા;
કેમ કે તેઓ વચ્ચે દુભાષિયો હતો. ૨૪ અને તે તેઓની પાસેથી
જઈને રડયો; અને તેઓની પાસે પાછા આવીને તેણે તેઓની સાથે
વાત કરી, ને તેઓમાંથી શિમયોનને લઈને તેઓના દેખતાં તેને
બાંધ્યો. ૨૫ અને તેઓની ગૂણોમાં અનાજ ભરવાની તથા પ્રત્યેક
માણસનું નાણું તેની ગૂણમાં પાછું મૂકવાની, તથા તેઓને રસ્તાને
માટે સીધું આપવાની યોસેફે આજ્ઞા આપી; અને તેઓને સારુ એ
પ્રમાણે કરવામાં આવ્યું. ૨૬ અને તેઓ પોતાનાં ગધેડાં પર અનાજ
લાદીને ત્યાંથી નીકળ્યા. ૨૭ અને ઉતારામાં તેઓમાંના એકે
પોતાના ગધેડાને દાણા ખવડાવવાને પોતાની ગૂણ છોડી, ત્યારે
તેણે પોતાનું નાણું દીઠું; કેમ કે, જુઓ, તે તો તેની ગૂણના મુખમાં
હતું. ૨૮ અને તેણે પોતાના ભાઈઓને કહ્યું, મારું નાણું મને પાછું

મળ્યું છે; અને જુઓ, તે મારી ગૂણમાં છે. અને તેઓ મનમાં
ગભરાઈ ને તેઓ થરથરતાં માંહોમાંહે બોલ્યા, દેવે આપણને આ
શું કર્યું છે? ૨૯ અને તેઓ કનાન દેશમાં પોતાના બાપ યાકોબની
પાસે આવ્યા, ને તેઓને જે જે વીત્યું હતું તે સર્વની ખબર તેને
આપીને કહ્યું. ૩૦ કે, જે માણસ તે દેશનો ધણી છે તેણે અમને
કઠોર વેણ કહ્યાં, ને અમને દેશના જાસૂસ ગણ્યા. ૩૧ અને અમે
તેને કહ્યું કે, અમે સાચા માણસ છીએ અને જાસૂસ નથી; ૩૨ અમે
બાર ભાઈઓ અમારા બાપના દીકરા છીએ; એકનો તો પત્તો નથી,
ને નાનો અમારા બાપની પાસે હાલ કનાન દેશમાં છે. ૩૩ અને
તે માણસે, એટલે તે દેશના ધણીએ, અમને કહ્યું, એથી હું જાણીશ
કે તમે સાચા માણસ છો. એટલે તમારા એક ભાઈને મારી પાસે
રહેવા દો ને બાકીના તમારા ઘરના દુકાળને સારુ અનાજ લઈને
જાઓ; ૩૪ અને તમારા નાના ભાઈને મારી પાસે લેતા આવો;
ત્યારે તમે જાસૂસ નથી પણ સાચા માણસ છો, એમ હું જાણીશ,
અને તમને તમારો ભાઈ પાછો સોંપીશ, ને તમે આ દેશમાં વેપાર
કરશો. ૩૫ અને એમ થયું કે, તેઓ પોતપોતાની ગૂણો ખાલી
કરતા હતા ત્યારે, જુઓ પ્રત્યેક માણસનાં નાણાંની થેલી તેની
ગૂણમાં માલૂમ પડી; અને તેઓ તથા તેઓનો બાપ તેઓને નાણાંની
થેલીઓ જોઈને બીધા. ૩૬ અને તેઓના બાપ યાકોબે તેઓને કહ્યું,
તમે મને પુત્રહીન કર્યો છે; યોસેફ નથી, ને શિમયોન પણ નથી,
આ વળી બિન્યામીનને લઈ જાઓ છો; એ સર્વ મારે ઊલટું છે.
૩૭ અને રૂબેને તેના બાપને કહ્યું, તેને તારી પાસે પાછો ન લાવું
તો મારા બે દીકરાને મારી નાખજે; તેને મારા હાથમાં સોંપ, ને
હું તેને તારી પાસે પાછો લાવીશ. ૩૮ પણ તેણે કહ્યું, મારો દીકરો
તમારી સાથે નહિ આવે; કેમ કે તેનો ભાઈ મરી ગયો છે ને તે
એકલો રહ્યો છે, અને જે માર્ગે તમે જાઓ છો ત્યાં જો તેના પર

વિઘ્ન આવી પડે તો તમે મારાં પળિયાં શોકને મારે ઘોરમાં ઉતારશો.
૪૩ અને દેશમાં દુકાળ ભારે હતો. ૨ અને એમ થયું કે,
તેઓ મિસરમાંથી સાથે અનાજ લાવ્યા હતા તે ખાઈ
રહ્યા, ત્યારે તેઓ સાથે બાપે તેઓને કહ્યું કે, તમે ફરીથી જઈને
આપણે માટે થોડું અનાજ વેચાતું લાવો. ૩ અને યહૂદાએ તેને
કહ્યું, તે માણસે અમને તાકીદ કરીને કહ્યું હતું કે, જો તમારો ભાઈ
તમારી સાથે નહિ હોય, તો તમે મારું મુખ જોવા નહિ પામશો.
૪ જો તું અમારા ભાઈને અમારી સાથે મોકલે તો અમે જઈને તારે
સારુ અનાજ વેચાતું લાવીએ; ૫ પણ જો તું તેને નહિ મોકલે તો
અમે નહિ જઈએ; કેમ કે તે માણસે અમને કહ્યું છે કે, તમારો
ભાઈ તમારી સાથે નહિ આવે, તો તમે મારું મુખ નહિ જોશો.
૬ અને ઈસ્રાએલે કહ્યું કે, અમારો બીજો ભાઈ છે, એમ તે માણસને
કહીને તમે મારું ભૂંડું કેમ કર્યું? ૭ અને તેઓએ કહ્યું, આપણા
વિષે તથા આપણા કુટુંબ વિષે તે માણસે પૂછપરછ કરી કે, શું
તમારો બાપ હજુ જીવે છે? તમારે બીજો કોઈ ભાઈ છે? અને
તે વાત પ્રમાણે અમે તેને ઉત્તર આપ્યો; અમે શું જાણીએ કે તે
એમ કહેશે કે તમારા ભાઈને અહીં લેતા આવો? ૮ અને યહૂદાએ
તેના બાપ ઇસ્રાએલને કહ્યું, મારી સાથે છોકરાને મોકલ; અને
અમે ચાલી નીકળીએ કે, અમે અને તું અને આપણાં છોકરાં જીવતાં
રહીએ ને મરી જઈએ નહિ. ૯ હું તેનો જામીન થાઉં છું; તું તેને
મારી પાસેથી માગી લેજે; જો હું તારી પાસે તેને ન લાવું, ને તારી
આગળ રજૂ ન કરું, તો તેનો દોષ સદા મારા પર રહો; ૧૦ કેમકે
જો અમે આટલા ખોટી થયા ન હોત, તો ખચીત અમે અત્યાર
સુધીમાં બીજી વાર પાછા જઈ આવ્યા હોત. ૧૧ અને તેઓના બાપ
ઈસ્રાએલે તેઓને કહ્યું, ત્યારે એમ હોય તો આમ કરો; આ દેશનાં
કંઈ ઉત્તમ ફળ તમારાં વાસણમાં લેતા જાઓ, ને તે માણસને સારુ

ભેટ લઈ જાઓ એટલે થોડો ગૂગળ, થોડું મધ, થોડા તેજાના તથા
બોળ તથા પિસ્તાં તથા બદામ; ૧૨ અને બમણું નાણું તમારી સાથે
લેતા જાઓ; અને તમારી ગૂણોનાં મુખમાં જે નાણું પાછું આવ્યું
છે તે ફરીથી તમારી સાથે લેતા જાઓ; કદાચ ભૂલ થઈ હશે;
૧૩ અને તમારા ભાઈને સાથે લઈને ઊઠો, ને તે માણસ પાસે
પાછા જાઓ; ૧૪ અને સર્વસમર્થ દેવ તે માણસની દૃષ્ટિમાં તમને
કૃપા પમાડો કે, તે તમારી સાથે તમારા બીજા ભાઈને તથા
બિન્યામીનને મોકલી દે. જો હું નિસંતાન થાઉં તો થાઉં.

૧૫ અને તે માણસોએ તે ભેટ લીધી, ને પોતાની સાથે બમણું
નાણું લીધું, અને બિન્યામીનને સાથે લીધો; અને ઊઠીને મિસરમાં
ગયા, ને યોસેફ આગળ આવી ઊભા રહ્યા. ૧૬ અને યોસેફે તેઓની
સાથે બિન્યામીનને દીઠો, ત્યારે તેણે પોતાના ઘરના કારભારીને
કહ્યું, આ માણસોને ઘેર લઈ જા, ને કંઈ કાપીને તૈયાર કર; કેમકે
આ માણસો બપોરે મારી સાથે જમશે. ૧૭ અને યોસેફે જેમ કહ્યું
તેમ તે માણસે કર્યું; એટલે તે માણસ યોસેફને ઘેર તે માણસોને
લઈ ગયો. ૧૮ અને તેણે તે માણસોને યોસેફને ઘેર આણ્યા, માટે
તેઓ બીધા, ને બોલ્યા, જે નાણું પહેલી વાર આપણી ગૂણોમાં
મૂકેલું હતું તેને લીધે તે આપણને માંહે લાવ્યો છે કે, તેને આપણી
વિરુદ્ધ બહાનું જડે, ને આપણા પર તે તૂટી પડે, ને આપણને
ગુલામ કરી લે, તથા આપણાં ગધેડાં પણ લઈ લે. ૧૯ અને તેઓ
યોસેફના ઘરના કારભારી પાસે આવ્યા, ને તેની સાથે ઘરના
બારણા પાસે વાતચીત કરી, ૨૦ અને કહ્યું, ઓ અમારા ધણી,
અમે ખરેખર અનાજ વેચાતું લેવાને પહેલવહેલા આવ્યા હતા;
૨૧ અને એમ થયું કે, અમે ઉતારા આગળ આવ્યા ત્યારે અમે
અમારી ગૂણો ઉઘાડી, તો જુઓ, હરેક માણસનું નાણું તેની ગૂણના
મુખમાં પૂરેપૂરું મૂકેલું હતું; અને તે અમે અમારી સાથે પાછું લાવ્યા

છીએ. ૨૨ અને અનાજ વેચાતું લેવાને અમે અમારી સાથે બીજું
નાણું લાવ્યા છીએ; અને અમારી ગૂણોમાં તે નાણું કોણે મૂક્યું,
એ અમે નથી જાણતા. ૨૩ અને તેણે કહ્યું, તમે કુશળ રહો, તમે
બીહો મા; તમારા તથા તમારા બાપના દેવે તમારી ગૂણોમાં તમને
સંપત આપી છે; તમારાં નાણાં મને પહોંચ્યાં છે. અને તે તેઓની
પાસે શિમયોનને બહાર કાઢી લાવ્યો. ૨૪ અને તે માણસે યોસેફના
ઘરમાં તે માણસોને લાવીને તેમને પાણી આપ્યું, ને તેઓએ પગ
ધોયા; અને તેણે તેઓનાં ગધેડાંને ચારો નીર્યો. ૨૫ અને યોસેફ
બપોરે આવ્યો તે અગાઉ તેઓએ ભેટ તૈયાર કરી; કેમ કે [યોસેફને]
ત્યાં અમારે જમવાનું છે એમ તેઓએ સાંભળ્યું હતું.

૨૬ અને યોસેફ ઘેર આવ્યો ત્યારે તેઓના હાથમાં જે ભેટ
હતી તે તેઓ તેની પાસે ઘરમાં લાવ્યા, ને ભૂમિ લગી નમીને
તેઓએ દંડવત્ પ્રણામ કર્યા. ૨૭ અને તેણે તેઓની ખબરઅંતર
પૂછીને કહ્યું, તમારો ઘરડો બાપ, એટલે જેના વિષે તમે મને કહ્યું
હતું, તે શું સારી પેઠે છે ? તે શું હજુ જીવે છે ? ૨૮ અને તેઓએ
ઉત્તર દીધો, તારો દાસ અમારો બાપ કુશળ છે, તે હજુ જીવે છે.
અને તેઓએ નમીને દંડવત્ પ્રણામ કર્યા. ૨૯ અને તેણે આંખો
ઊંચી કરીને પોતાના ભાઈ બિન્યામીનને એટલે પોતાની માના
દીકરાને જોઈને કહ્યું, તમારો નાનો ભાઈ જેના વિષે તમે કહ્યું હતું
તે શું આ છે ? અને તેણે કહ્યું, મારા દીકરા, દેવ તારા પર કૃપા
કરો. ૩૦ અને યોસેફે ઉતાવળ કરી; કેમ કે તેના ભાઈને લીધે તેનું
હૈયું ભરાઈ આવ્યું; અને તેણે રડવાનું ઠેકાણું શોધ્યું; અને પોતાની
ઓરડીમાં જઈને તે ત્યાં રડયો. ૩૧ અને તે પોતાનું મુખ ધોઈને
બહાર આવ્યો; અને દીબો શમાવીને કહ્યું, રોટલી પીરસો. ૩૨ અને
દાસોએ તેને સારુ તથા તેઓને સારુ તથા જે મિસરીઓ તેની સાથે
જમતા હતા તેઓને સારુ જુદું જુદું પીરસ્યું; કેમ કે હિબ્રૂઓ સાથે

મિસરીઓ જમતા નથી, કેમ કે મિસરીઓને તે ધિક્કારપાત્ર લાગે
છે. ૩૩ અને તેઓ તેની સામા, વડો તેના જયેષ્ઠપણા પ્રમાણે, તથા
નાનો તેની વય પ્રમાણે, બેઠા; અને તેઓ માંહોમાંહે વિસ્મિત
થયા. ૩૪ અને તેણે પોતાની આગળનાં વાનાંમાંથી લઈને તેઓની
આગળ પિરસાવ્યાં; પણ હરેકના ભાણા કરતાં બિન્યામીનનું ભાણું
પાંચગણું હતું; અને તેઓએ પીધું, ને તેની સાથે આનંદ કર્યો.

૪૪ અને તેણે પોતાના ઘરના કારભારીને આજ્ઞા આપી
કે, આ માણસોની ગૂણોમાં અનાજ ભર, જેટલું તેઓ
લઈ જઈ શકે તેટલું ભર, ને હરેક માણસનું નાણું તેની ગૂણના
મુખમાં મૂક. ૨ અને મારું પ્યાલું, એટલે રૂપાનું પ્યાલું, નાનાની
ગૂણના મુખમાં તેનાં અનાજનાં નાણાં સુદ્ધાં મૂક. અને યોસેફે જેમ
કહ્યું તેમ તેણે કર્યું. ૩ અને સવાર થતાં જ તે માણસોને તેમનાં
ગધેડાં સુદ્ધાં વિદાય કરવામાં આવ્યા. ૪ તેઓ શહેરમાંથી નીકળીને
બહુ આઘે ગયા નહોતા એટલામાં યોસેફે તેના કારભારીને કહ્યું,
ઊઠ, ને તે માણસોની પાછળ દોડ; અને તેઓને તું પકડી પાડે
ત્યારે કહે કે, તમે ભલાને બદલે ભૂંડું કેમ વાળ્યું ? ૫ જેમાંથી મારો
ધણી પીએ છે, ને જેથી તે શુકન જુએ છે તે શું આ નથી ? આ
તો તમે ભૂંડું કર્યું છે. ૬ અને તેણે તેઓને પકડી પાડીને તેઓને
એમ જ કહ્યું. ૭ અને તેઓએ તેને કહ્યું, અમારા સાહેબ એવી
વાત કેમ કહે છે ? એમ ન થાય કે તારા દાસો એવું કરે. ૮ જુઓ,
જે નાણું અમને તમારી ગૂણોનાં મુખમાંથી મળી આવ્યું, તે કનાન
દેશથી અમે તારી પાસે પાછું લાવ્યા; તો તારા ધણીના ઘરમાંથી
રૂપું કે સોનું અમે શું કરવા ચોરીએ ? ૯ તારા દાસોમાં જેની પાસેથી
તે જડે તે માર્યો જાય, ને અમે પણ અમારા ધણીના દાસ થઈએ.
૧૦ અને તેણે કહ્યું, હવે તમ કહો છો તેમ થાય; જેની પાસેથી તે
જડે તે મારો દાસ થાય; અને બાકીના નિરપરાધી ઠરશો. ૧૧ અને

તેઓએ તરત જ પોતપોતાની ગૂણ નીચે ઉતારી, ને પ્રત્યેકે પોતાની
ગૂણ ઉઘાડી. ૧૨ અને તેણે મોટાથી માંડીને તે નાના સુધીની ઝડતી
લીધી; અને બિન્યામીનની ગૂણમાંથી પ્યાલું જડયું. ૧૩ ત્યારે
તેઓએ તેમનાં વસ્ત્ર ફાડયાં, ને તેમનાં ગધેડાં લાદ્યાં, ને તેઓ
નગરમાં પાછા આવ્યા.

૧૪ અને યહૂદા તથા તેના ભાઈઓ યોસેફને ઘેર આવ્યા;
અને તે હજુ ત્યાં જ હતો; અને તેઓ તેની આગળ ભૂમિ પર ઊંધા
પડયા. ૧૫ અને યોસેફે તેઓને કહ્યું, આ તમે કેવું કામ કર્યું ? શું
તમે નથી જાણતા કે મારા જેવો માણસ શુકન જોઈ શકે છે ?
૧૬ અને યહૂદા બોલ્યો, મારા ધણીને અમે શું કહીએ ? શું બોલીએ?
અમે નિરપરાધી કેમ કરીને ઠરીએ ? તારા દાસોનાં ભૂંડાં કામ દેવે
શોધી કાઢયાં છે; જુઓ, અમે તથા જેની પાસેથી પ્યાલું જડયું તે
પણ મારા ધણીના દાસ છીએ. ૧૭ અને તેણે કહ્યું, એવું કરવું
મારાથી દૂર થાઓ ! માણસની પાસેથી પ્યાલું જડયું તે મારો દાસ
થશે; પણ તમે તો શાંતિએ તમારા બાપની પાસે જાઓ.

૧૮ અને યહૂદાએ તેની પાસે આવીને કહ્યું, ઓ મારા ધણી,
કૃપા કરીને તારા દાસને મારા ધણીના કાનમાં બે બોલ કહેવા દે, ને
તારા દાસ પર તારો રોષ ન ચઢે; કેમ કે તું ફારુનના સરખો છે.
૧૯ મારા ધણીએ તેના દાસોને એમ પૂછયું હતું કે, શું તમારે બાપ
અથવા ભાઈ છે ? ૨૦ અને અમે અમારા ધણીને કહ્યું, અમારે ઘરડો
બાપ છે, ને તેના ઘડપણનો એક નાનો દીકરો છે; અને તેનો ભાઈ
મરી ગયો છે, ને તે તેની માનો એકલો જ રહ્યો છે, ને તેના બાપને
તે વહાલો છે. ૨૧ અને તેં તારા દાસોને કહ્યું હતું કે, તેને હું જોઉ,
માટે તેને મારી પાસે લેતા આવો. ૨૨ અને અમે અમારા ધણીને કહ્યું
હતું કે, તે છોકરો તેના બાપને છોડી શકે એમ નથી; કેમ કે જો તે
પોતાના બાપને મૂકીને જાય, તો તેનો બાપ મરી જાય. ૨૩ અને તેં

તારા દાસોને કહ્યું હતું કે, જો તમારો નાનો ભાઈ તમારી સાથે ન
આવે તો તમે મારું મુખ ફરી નહિ જોશો. ૨૪ અને એમ થયું કે અમે
તારા દાસ એટલે અમારા બાપની પાસે ગયા, ત્યારે અમે તેને અમારા
ધણીની વાતો કહી સંભળાવી. ૨૫ અમારા બાપે કહ્યું, તમે પાછા
જઈને આપણે સારુ થોડું અનાજ વેચાતું લાવો. ૨૬ ને અમે કહ્યું,
અમારાથી નહિ જવાય; જો અમારો નાનો ભાઈ અમારી સાથે આવે,
તો જ અમે જઈએ; કેમ કે અમારો નાનો ભાઈ અમારી સાથે ન
હોય, તો તે માણસનું મુખ અમે જોઈ શકીશું નહિ. ૨૭ અને તારા
દાસે, એટલે મારા બાપે, અમને કહ્યું, તમે જાણો છો કે મારી સ્ત્રીને
બે પુત્ર થયા હતા; ૨૮ અને તેઓમાંનો એક મારી પાસેથી ગયો, ને
મેં કહ્યું કે, તેને ખચીત [કોઈ જાનવરે] ફાડી ખાધો હશે; અને ત્યાર
પછી મેં તેને જોયો નથી; ૨૯ અને આને પણ જો મારા મુખ આગળથી
તમે લઈ જાઓ, ને તેને નુકસાન થાય, તો તમે મારાં પળિયાંને
શોકને મારે ઘોરમાં ઊતારશો. ૩૦ તે માટે હવે તારા દાસની એટલે
મારા બાપની પાસે હું જાઉં, ને તે છોકરો અમારી સાથે ન હોય.
૩૧ તો આ છોકરામાં તેનો જીવ છે, તેથી એમ થશે કે જ્યારે તે જોશે
કે છોકરો અમારી સાથે નથી; ત્યારે તે મરી જશે; અને તારા દાસો
તારા દાસનાં એટલે અમારા બાપનાં પળિયાં શોકને મારે ઘોરમાં
ઉતારશે. ૩૨ કેમ કે હું તારો દાસ મારા બાપની પાસે આ છોકરાનો
જામીન થયો હતો, અને મેં તેને કહ્યું હતું કે, જો હું તેને તારી પાસે
પાછો ન લાવું, તો હું સર્વકાળ મારા બાપનો અપરાધી થાઉં. ૩૩ અને
હવે કૃપા કરીને આ છોકરાને બદલે તારા દાસને મારા ધણી પાસે
દાસ થઈ રહેવા દે; અને છોકરાને તેના ભાઈઓની સાથે પાછો જવા
દે. ૩૪ કેમ કે જો તે છોકરો મારી સાથે ન હોય, તો હું મારા બાપની
પાસે શી રીતે જાઉં ? રખેને જે દુઃખ મારા બાપ પર આવી પડે તે
મારે જોવું પડે.

૪૫ અને યોસેફ પોતાની પાસે સર્વ ઊભા રહેનારાઓની
આગળ દીબો શમાવી ન શક્યો; અને તેણે મોટેથી
કહ્યું, મારી આગળથી પ્રત્યેક માણસને બહાર કાઢો; અને યોસેફે
તેના ભાઈઓને પોતાને ઓળખાવ્યો, ત્યારે તેની પાસે કોઈ નહોતું.
અને તે પોક મૂકીને રડયો; તે મિસરીઓએ તથા ફારુનના ઘરનાંએ
સાંભળ્યું. ૩ અને યોસેફે તેના ભાઈઓને કહ્યું, હું યોસેફ છું; મારો
બાપ શું હજી જીવે છે ? અને તેના ભાઈઓ તેને ઉત્તર આપી ન
શક્યા; કેમ કે તેઓ તેની આગળ ગભરાઈ ગયા હતા. ૪ અને
યોસેફે તેના ભાઈઓને કહ્યું, કૃપા કરી મારી પાસે આવો; અને
તેઓ પાસે આવ્યા. અને તેમને કહ્યું, હું તમારો ભાઈ યોસેફ,
જેને તમે મિસરમાં વેચી દીધો હતો, તે જ છું. ૫ હવે તમે મને
અહીં વેચી દીધો, એને લીધે તમે દિલગીર ન થાઓ, ને તમારાં
મનમાં બળાપો ન કરો; કેમ કે જાન બચાવવાનો દેવે તમારી
આગળ મને મોકલ્યો. ૬ કેમ કે બે વર્ષ થયાં દેશમાં દુકાળ છે;
અને હજી બીજાં પાંચ વર્ષ સુધી ખેતી તથા કાપણી થશે નહિ. ૭ તે
માટે પૃથ્વીમાં તમારાં સંતાન રાખવાને તથા મોટા ઉદ્ધારથી તમારા
જીવ બચાવવા દેવે તમારી આગળ મને અહીં મોકલ્યો; ૮ એ માટે
તમે તો નહિ, પણ દેવે મને અહીં મોકલ્યો; અને તેણે મને ફારુનના
પિતા સમાન, તેના આખા ઘરનો ધણી તથા આખા મિસરનો
અધિપતિ કર્યો છે. ૯ તમે ઉતાવળથી મારા બાપની પાસે જાઓ,
ને તેને કહો કે, તારો દીકરો યોસેફ એમ કહે છે, દેવે મને આખા
મિસરનો ધણી કર્યો છે, મારી પાસે આવ, વિલંબ ન કર; ૧૦ અને
તું ગોશેન દેશમાં રહીશ. તું ને તારાં છોકરાં ને તારાં છોકરાંનાં
છોકરાં તથા તારાં મેઢાં તથા તારાં ઢોર તથા તારું સર્વસ્વ મારી
નજદીક રહેશો; ૧૧ અને તું તથા તારું કુટુંબ તથા જે સર્વ તારાં
છે તે દરિદ્રી ન થાય માટે ત્યાં હું તારું પાલનપોષણ કરીશ; કેમકે

હજી દુકાળનાં બીજાં પાંચ વર્ષ છે. ૧૨ અને જુઓ, તમારી આંખ
તથા મારા ભાઈ બિન્યામીનની આંખ જુએ છે કે, મારું જ મુખ
તમારી સાથે બોલે છે. ૧૩ અને મિસરમાં મારો સર્વ મહિમા તથા
જે સર્વ તમે દીઠું છે તે મારા બાપને કહો; અને મારા બાપને
ઉતાવળથી અહીં લઈ આવો. ૧૪ અને તે પોતાના ભાઈ
બિન્યામીનની કોટે વળગીને રડયો; અને બિન્યામીન પણ તેની
કોટે વળગીને રડયો. ૧૫ અને તેણે તેના સર્વ ભાઈઓને ચુંબન
કર્યું, ને તે તેઓને ભેટીને રડયો; પછી તેના ભાઈઓએ તેની સાથે
વાતચીત કરી.

૧૬ અને ફારુનના ઘરમાં એ વાત સંભળાઈ કે યોસેફના
ભાઈઓ આવ્યા છે; તે વાત ફારુનને તથા તેના દાસોને સારી
લાગી. ૧૭ અને ફારુને યોસેફને કહ્યું, તું તારા ભાઈઓને કહે કે,
તમે આમ કરો; તમારાં જાનવરો લાદીને કનાન દેશમાં ચાલ્યા
જાઓ; ૧૮ અને તમારા બાપને તથા તમારાં કુટુંબોને મારી પાસે
લઈ આવો; અને મિસર દેશનાં ઉત્તમ વાનાં હું તમને આપીશ,
ને દેશની ઉત્કૃષ્ટ ચીજો તમે ખાશો. ૧૯ તે માટે હવે તને [આ
પ્રમાણે તારા ભાઈઓને કહેવાની] આજ્ઞા છે. તમે આમ કરો;
તમારાં છોકરાંઓને સારુ તથા તમારી સ્ત્રીઓને સારુ, મિસર દેશથી
ગાડાં લેતા જાઓ, ને તમે તમારા બાપને લઈ આવો. ૨૦ વળી
તમારી મિલકતની ચિંતા ન કરો; કેમ કે આખા મિસર દેશમાં જે
ઉત્તમ તે તમારું છે. ૨૧ અને ઈસ્રાએલપુત્રોએ એમ કર્યું; અને
ફારુનની આજ્ઞા પ્રમાણે યોસેફે તેઓને ગાડાં આપ્યાં, ને માર્ગને
સારુ તેઓને સીધું પણ આપ્યું. ૨૨ અને તેણે દરેકને એક જોડ
કપડાં આપ્યાં; પણ બિન્યામીનને રૂપાનાં ત્રણસો નાણાં તથા પાંચ
જોડ કપડાં આપ્યાં. ૨૩ અને તેણે તેના બાપને સારુ આ પ્રમાણે
મોકલ્યું : મિસર દેશની ઉત્તમ વસ્તુઓથી લાદેલા દશ ગધેડા, ને

માર્ગને માટે તેના બાપને સારુ અનાજ તથા રોટલી તથા ખોરાકથી
લાદેલી દશ ગધેડીઓ. ૨૪ અને તેણે તેના ભાઈઓને વિદાય કર્યા,
ને તેઓ ગયા; અને તેણે તેઓને કહ્યું, જો જો, માર્ગે લડી પડતા
નહિ. ૨૫ અને તેઓ મિસરમાંથી નીકળીને કનાન દેશમાં તેમના
બાપ યાકોબની પાસે આવ્યા. ૨૬ અને તેઓએ તેને કહ્યું, યોસેફ
હજુ જીવે છે, ને આખા મિસર દેશનો તે અધિપતિ છે. અને યાકોબ
સ્તબ્ધ થઈ ગયો, કેમ કે તેણે તેઓની વાત માની નહિ. ૨૭ અને
યોસેફે તેઓને જે જે વાત કરી હતી તે સર્વ તેઓએ તેને કહી;
અને તેને તેડવા સારુ યોસેફે જે ગાડાં મોકલ્યાં હતાં તે જ્યારે તેના
બાપ યાકોબે જોયાં, ત્યારે તે શુદ્ધિમાં આવ્યો. ૨૮ અને ઈસ્રાએલે
કહ્યું, બસ, મારો દીકરો હજુ જીવે છે; મારા મરવા પહેલાં હું
જઈને તેને જોઈશ.

૪૬ અને ઈસ્રાએલ પોતાનાં સર્વ સુદ્ધાં નીકળીને બેર-શેબા
આવ્યો, ને તેણે પોતાના બાપ ઈસહાકના દેવને યજ્ઞ
ચઢાવ્યા. ૨ અને રાત્રે સ્વપ્નમાં દેવે ઈસ્રાએલ સાથે વાત કરીને
કહ્યું, યાકોબ, યાકોબ અને તેણે કહ્યું, જુઓ, હું આ રહ્યો. ૩ અને
તેણે કહ્યું, હું દેવ, તારા બાપનો દેવ છું; મિસરમાં જતાં બીશ મા;
કેમ કે ત્યાં હું તારાથી એક મોટી પ્રજા ઉત્પન્ન કરીશ; ૪ હું તારી
સાથે મિસરમાં આવીશ; અને હું નિશ્ચે તને પાછો લાવીશ; અને
યોસેફ તેનો હાથ તારી આંખ પર મૂકશે. ૫ ત્યારે યાકોબ
બેર-શેબાથી નીકળ્યો: અને તેને તેડવાને જે ગાડાં ફારુને મોકલ્યાં
હતાં તેમાં ઈસ્રાએલપુત્રોએ તેઓના બાપ યાકોબને તથા તેઓનાં
છોકરાંને તથા તેઓની સ્ત્રીઓને બેસાડયાં, ૬ અને તેઓનાં
ઢોરઢાંક તથા જે સંપત્તિ તેઓએ કનાન દેશમાં મેળવી હતી તે
લઈને યાકોબ તથા તેની સાથે તેનું આખું કુટુંબ મિસરમાં આવ્યું;
૭ એટલે તેના દીકરા તથા તેની સાથે તેના દીકરાઓના દીકરા,

ને તેની દીકરીઓ તથા તેના દીકરાઓની દીકરીઓને તથા તેનાં
સર્વ સંતાનને તે પોતાની સાથે મિસરમાં લાવ્યો.
૮ અને જે ઇસ્રાએલપુત્રો મિસરમાં આવ્યા તેઓનાં નામ આ
છે, એટલે યાકોબ તથા તેના દીકરા : યાકોબનો જયેષ્ઠ દીકરો
રૂબેન. ૯ અને રૂબેનના દીકરા : હનોખ તથા પાલ્લૂ તથા હેસરોન
તથા કાર્મી. ૧૦ અને શિમયોનના દીકરાઃ યમુએલ તથા યામીન
તથા ઓહાદ તથા યાખીન તથા સોહાર તથા એક કનાની સ્ત્રીનો
દીકરો શાઉલ. ૧૧ અને લેવીના દીકરા : ગેર્શોન તથા કહાથ તથા
મરારી. ૧૨ અને યહૂદાના દીકરા : એર તથા ઓનાન તથા શેલાહ
તથા પેરેસ તથા ઝેરાહ; પણ એર તથા ઓનાન કનાન દેશમાં મરી
ગયા. અને પેરસના દીકરા હેસરોન તથા હામૂલ હતા. ૧૩ અને
ઈસ્સાખારના દીકરા : તોલા તથા પુવાહ તથા યોબ તથા શિમ્રોન.
૧૪ અને ઝબુલોનના દીકરા : સેરેદ તથા એલોન તથા યાહલએલ.
૧૫ એ લેઆહના દીકરા છે, જેઓ તેને યાકોબને પેટે પાદ્દનારામમાં
થયા; વળી તેની દીકરી દીનાહ હતી; તેના દીકરા તથા તેની
દીકરીઓ સર્વ મળીને તેત્રીસ જણ હતાં. ૧૬ અને ગાદ સિફયોન
તથા હાગ્ગી તથા શૂની તથા એ એરી તથા અરોદી તથા આરએલી
આશેરના દીકરા : યિમ્નાહ તથા યિસ્યા યિસ્વી તથા બરીઆહ તથા
તેઓની બહેન અને બરીઆહના દીકરાઃ હેબેર તથા એલ.
૧૮ લાબાને પોતાની દીકરી લેઆહને જે ઝિલ્પાહ આપી હતી તેના
દીકરા એ છે; અને યાકોબને પેટે થયા, તેઓ સર્વ મળી સોળ જણ
હતા. ૧૯ યાકોબની સ્ત્રી રાહેલનાં દીકરા : યાકોબ બિન્યામીન.
૨૦ અને યોસેફને મિસર મનાશ્શા તથા એફ્રાઈમ થયા. તેઓ
ઓનના યાજક પોટીફેરાની દીકરી આસનાથથી તેને થયા. ૨૧ અને
બિન્યામીનના દીકરાઃ બેલા તથા બેખેર ને આશ્બેલ. ગેરા તથા
નાઅમાન, એહી તથા રોશ તથા મુપ્પીમ તથા હુપ્પીમ તથા આર્દ.

૨૨ એ રાહેલના દીકરા, જે યાકોબને થયા, તેઓ સર્વ મળીને ચૌદ
જણ હતાં. ૨૩ અને દાનનો દીકરો હુશીમ ૨૪ અને નફતાલીના
દીકરા : યાહસએલ તથા ગૂની તથા યેસર તથા શિલ્લેમ. ૨૫ લાબાને
પોતાની દીકરી રાહેલને જે બિલ્હાહ આપી હતી તેના દીકરા એ
છે. ને જેઓ યાકોબથી તેને થયા તે સર્વ મળીને સાત જણ હતા.
૨૬ યાકોબના દીકરાઓની સ્ત્રીઓ સિવાય તેનાથી જન્મેલાં જે સર્વ
માણસ યાકોબ સાથે મિસરમાં આવ્યાં તેઓ છાસઠ જણ હતા
૨૭ અને યોસેફના દીકરા જે મિસર દેશમાં તેને થયા તે બે હતા
અને યાકોબના ઘરનાં સર્વ માણસ જે મિસરમાં આવ્યાં તેઓ સિત્તેર
હતાં.

૨૮ અને તેણે પોતાની આગળ યહૂદાને યોસેફની પાસે
મોકલ્યો કે તે આગળ જઈને ગોશેનનો માર્ગ દેખાડે; અને તેઓ
ગોશેન દેશમાં આવ્યા અને યોસેફ રથ જોડીને તેના બાપ ઈસ્રાએલને
મળવાને વળગ્યો, ને ઘણી વાર લગી તેની કોટે બાઝીને રડયો.
૩૦ અને ઈસ્રાએલે યોસેફને કહ્યું, મેં તારું મૂખ જોયું છે, ને હજુ
તું જીવે છે, તો હવે મારું મરણ ભલે આવે ! ૩૧ અને યોસેફે તેના
ભાઈઓને તથા તેના બાપના ઘરનાંને કહ્યું, હું જઈને ફારુનને
ખબર આપું ને કહું કે મારા ભાઈઓ તથા મારા બાપના ઘરનાં જે
કનાન દેશમાં હતાં તે મારી પાસે આવ્યાં છે અને તે લોક ભરવાડ
છે, કેમ કે તેઓ ઢોર પાળનારા છે. તેઓ તેમનાં બકરાં તથા
તેમનાં ઢોર તથા જે સર્વ તેમનું છે તે લાવ્યા છે. ૩૩ અને ફારૂન
તમને બોલાવે અને તમને પૂછે કે, તમારો ધંધો શો છે ? ૩૪ ત્યારે
તમારે આ પ્રમાણે કહેવું કે, તારા દાસોનો, એટલે અમારો તથા
અમારા બાપદાદાનો ધંધો નાનપણથી અત્યાર સુધી ઢોર પાળવાનો
છે; કે જેથી તમને ગોશેન દેશમાં રહેવાની પરવાનગી મળે; કેમ
કે ભરવાડમાત્રને મિસરીઓ ધિક્કારે છે.

૪૭ અને યોસેફે આવીને ફારુનને ખબર આપીને કહ્યું,
મારો બાપ તથા મારા ભાઈઓ, તેઓનાં બકરાં ને
તેઓનાં ઢોર ને જે સર્વ તેઓનું છે તે સુદ્ધાં કનાન દેશથી આવ્યા
છે; અને જુઓ, તેઓ ગોશેન દેશમાં છે. ૨ અને તેણે તેના
ભાઈઓમાંના પાંચ માણસને લઈને ફારુનની રૂબરૂ ઊભા કર્યા.
૩ અને ફારુને તેના ભાઈઓને પૂછયું, તમારો ધંધો શો છે ?
અને તેઓએ ફારુનને કહ્યું, તારા દાસ એટલે અમે તથા અમારા
બાપદાદા ભરવાડ છીએ. ૪ વળી તેઓએ ફારુનને કહ્યું, આ
દેશમાં પ્રવાસ કરવાને અમે આવ્યા છીએ; કેમ કે કનાન દેશમાં
દુકાળ ભારે હોવાને લીધે તારા દાસોનાં ટોળાંને સારુ ચારો નથી;
માટે હવે તારા દાસોને ગોશેન દેશમાં કૃપા કરીને રહેવા દે.
૫ અને ફારુને યોસેફને કહ્યું, તારો બાપ ને તારા ભાઈઓ તારી
પાસે આવ્યા છે; ૬ મિસર દેશ તારી આગળ છે; દેશમાં ઉત્તમ
ઠેકાણે તારા બાપને તથા તારા ભાઈઓને રહેવા દે; ગોશેન
દેશમાં તેઓ રહે; અને તેઓમાં કોઈ હોશિયાર છે, એવું તું
જાણતો હો યા તો મારાં ઢોર તેઓના હવાલામાં સોંપ. ૭ અને
યોસેફે તેના બાપ યાકોબને અંદર લાવીને ફારુનની સમક્ષ ઊભો
કર્યો; અને યાકોબે ફારુનને આશીર્વાદ દીધો ને ફારુને યાકોબને
પૂછયું, તારી વયના દિવસ કેટલા ? ને યાકોબે ફારુનને કહ્યું,
મારા પ્રવાસના દિવસ એકસો ત્રીસ વર્ષ થયા છે; મારી વયના
દિવસ થોડા તથા વ્યર્થ ગયા છે, ને મારા પિતૃઓના પ્રવાસમાં
તેઓની વયના દિવસ જેટલા નથી થયા. ૧૦ અને યાકોબ ફારુનને
આશીર્વાદ દઈને ફારુનની હજૂરમાંથી નીકળ્યો. ૧૧ અને યોસેફે
મિસર દેશની સહુથી સારી જગામાં, એટલે રામસેસમાં, ફારુનની
આજ્ઞા પ્રમાણે તેના બાપને તથા તેના ભાઈઓને વતન આપ્યું.
૧૨ અને યોસેફે તેના બાપને તથા તેના ભાઈઓને તથા તેના

બાપના ઘરનાં સર્વને તેમનાં છોકરાં પ્રમાણે અન્‍ન પૂરું પાડયું.
૧૩ અને તે આખા દેશમાં અન્‍ન નહોતું, કેમ કે દુકાળ બહુ
ભારે હતો, ને મિસર દેશ તથા કનાન દેશ દુકાળથી હેરાન થયા.
૧૪ અને લોકોએ જે અન્‍ન વેચાતું લીધું હતું તેને બદલે જે નાણું
મિસર દેશમાંથી તથા કનાન દેશમાંથી મળ્યું, તે સર્વ યોસેફે એકઠું
કર્યું; અને યોસેફ તે નાણું ફારુનના ઘરમાં લાવ્યો. ૧૫ અને મિસર
દેશમાં તથા કનાન દેશમાં પૈસા ખૂટયા, ત્યારે સર્વ મિસરીઓ
યોસેફની પાસે આવીને બોલ્યા, અમને ખાવાનું આપ; અમે તારી
રૂબરૂ શા માટે મરી જઈએ ? કેમ કે પૈસા થઈ રહ્યા છે. ૧૬ અને
યોસેફે કહ્યું, તમારાં ઢોર આપો; અને જો નાણું થઈ રહ્યું હોય તો
તમારાં ઢોરને બદલે હું તમને [અનાજ] આપીશ. ૧૭ અને તેઓ
પોતાનાં ઢોર યોસેફ પાસે લાવ્યા; અને યોસેફે ઘોડા તથા બકરાં
તથા ઢોર તથા ગધેડાંના બદલામાં તેઓને અનાજ આપ્યું; તેણે
તેઓનાં સર્વ જાનવરોના બદલામાં તે વર્ષે તેઓનું ગુજરાન ચલાવ્યું.
૧૮ અને તે વર્ષ પૂરું થયું ત્યારે બીજે વર્ષે તેઓએ તેની પાસે આવીને
તેને કહ્યું, નાણું ખૂટયું છે એ અમે તમારા ધણીથી છાનું રાખતા
નથી; અને અમારાં જનાવરો પર અમારા ધણીની પાસે છે; અને
અમારી જાત તથા અમારી જમીન વિના અમારા ધણીની આગળ
અમારી પાસે કંઈ બાકી રહ્યું નથી; ૧૯ તારા દેખતાં અમે અમારાં
ખેતરો સુદ્ધાં શા માટે નાશ પામીએ ? રોટલીને બદલે અમને તથા
અમારી જમીનને વેચાતાં લે, ને અમે તથા અમારાં ખેતર ફારુનના
દાસ થઈશું; અને અમને બી આપ કે, અમે જીવતા રહીએ ને
મરીએ નહિ, ને જમીન પડતર રહે નહિ. ૨૦ અને યોસેફે
મિસરીઓની સઘળી જમીન ફારુનને સારુ વેચાતી લીધી; કેમ કે
મિસરીઓએ દરેકે પોતાની જમીન વેચી દીધી, કેમ કે દુકાળ તેઓને
માથે સખત હતો; એ માટે તે દેશની જમીન ફારુનના હાથમાં

આવી. ૨૧ અને તેણે મિસરની સીમના એક છેડાથી તે બીજા છેડા
લગી લોકને નગરોમાં મોકલ્યા. ૨૨ કેવળ યાજકોની જમીન તેણે
વેચાતી લીધી નહિ; કેમ કે યાજકોને ફારુનની પાસેથી ભાગ મળતો
હતો, ને તેઓનો જે ભાગ ફારુને તેઓને આપ્યો હતો તે તેઓ
ખાયા કરતા હતા; તે માટે તેઓએ પોતાની જમીન વેચી દીધી
નહિ. ૨૩ અને યોસેફે લોકોને કહ્યું, જુઓ મેં તમને તથા તમારી
જમીનને ફારુનને સારુ આજ વેચાતાં લીધાં છે. જુઓ, તમારે સારુ
આ બી રહ્યાં, તમે જમીનમાં તે વાવો. ૨૪ અને એમ થશે કે જે
ઊપજે તેમાંથી તમે પાંચમો હિસ્સો ફારુનને આપજો, ને ચાર હિસ્સા
ખેતરના બીને સારુ તથા તમારે ખાવાને સારુ તથા તમારાં ઘરનાને
સારુ તથા તમારાં છોકરાંના અન્નને સારુ તમારા થશે. ૨૫ અને
તેઓએ કહ્યું, તેં અમારા જીવ બચાવ્યા છે; અમારા પર અમારા
ધણીની કૃપાદષ્ટિ થાઓ, ને અમે ફારુનના દાસ થઈશું. ૨૬ અને
મિસર દેશમાં યોસેફે એવો નિયમ બાંધ્યો કે બધી જમીનનો પાંચમો
હિસ્સો ફારુનને મળે, અને એ નિયમ હજી ચાલે છે; માત્ર યાજકોની
જમીન ફારુનના તાબામાં આવી નહિ.

૨૭ અને ઇસ્રાએલપુત્રો મિસર દેશના ગોશેન પ્રાંતમાં રહ્યા;
અને ત્યાં તેઓએ માલમિલકત મેળવી, ને તેઓ સફળ થઈને બહુ
વધ્યા. ૨૮ અને યાકોબ મિસર દેશમાં સત્તર વર્ષ જીવ્યો; એમ
યાકોબની વયના દિવસો એકસો સુડતાળીસ વર્ષ થયાં. ૨૯ અને
ઇસ્રાએલનો મરણસમય પાસે આવ્યો; અને તેણે પોતાના દીકરા
યોસેફને બોલાવીને તેને કહ્યું, હવે જો, હું તારી દષ્ટિમાં કૃપા પામ્યો
હોઉં તો કૃપા કરીને તારો હાથ મારી જાંઘ તળે મૂક, ને કૃપાથી
તથા ખરા દિલથી મારી સાથે વર્તજે; કૃપા કરીને મને મિસરમાં
દાટતો ના; ૩૦ પણ જ્યારે હું મારા પિતૃઓ પાસે ઊંઘી જાઉં, ત્યારે
તું મને મિસરમાંથી લઈ જજે, ને તેઓના કબરસ્તાનમાં મને દાટજે.

અને તેણે કહ્યું, હું તારા કહ્યા પ્રમાણે કરીશ. ૩૧ અને તે બોલ્યો,
મારી આગળ સમ ખા; અને તેણે તેની આગળ સમ ખાધા. અને
ઇસ્રાએલ પથારીના ઓસીકા પર નમ્યો.

## ૪૮

અને એ વાતો પછી એમ થયું કે કોઈએ યોસેફને
કહ્યું, જો, તારો બાપ માંદો પડયો છે. અને તે
પોતાના બે દીકરા મનાશ્શાને તથા એફ્રાઇમને સાથે લઈને ગયો.
૨ અને કોઈએ યાકોબને ખબર આપી કે, જુઓ, તારો દીકરો
યોસેફ તારી પાસે આવે છે; અને ઇસ્રાએલ હોશિયાર થઈને
પલંગ પર બેઠો. ૩ અને યાકોબે યોસેફને કહ્યું, કનાન દેશના
લૂઝમાં સર્વસમર્થ દેવે મને દર્શન આપીને આશીર્વાદ દીધો, ૪ અને
તેણે મને કહ્યું કે, જુઓ, હું તને સફળ કરીશ, ને તને વધારીશ,
ને તારાથી લોકોનો સમુદાય ઉત્પન્ન કરીશ; અને તારા પછી
તારા વંશજોને આ દેશ સદાકાળના વતનને સારુ આપીશ. ૫ અને
હવે મિસર દેશમાં તારી પાસે મારા આવ્યા પહેલાં તારા જે બે
દીકરા તને મિસર દેશમાં થયા, એટલે એફ્રાઈમ તથા મનાશ્શા,
તેઓ મારા છે; રૂબેન તથા શિમયોનની પેઠે તેઓ મારા થશે.
૬ અને તેઓ પછી તારાં સંતાન જે તારાથી થશે તેઓ તારાં થશે;
અને તેઓના ભાઈઓનાં નામ પ્રમાણે તેઓનાં નામ તેઓના
વતનમાં કહેવાશે. ૭ અને હું તો પાદ્દાનથી આવતો હતો ત્યારે
એફ્રાથ પહોંચવાને થોડી વાટ બાકી હતી એટલામાં રાહેલ મારા
દેખતાં માર્ગમાં કનાન દેશમાં મરી ગઈ; અને ત્યાં એફ્રાથના
એટલે બેથલેહેમના માર્ગમાં મેં તેને દાટી.

૮ અને ઇસ્રાએલ યોસેફના દીકરાઓને જોઈને બોલ્યો, આ
કોણ છે ? ૯ અને યોસેફે તેના બાપને કહ્યું, એ મારા દીકરા છે,
જે દેવે મને અહીં આપ્યા છે અને તેણે કહ્યું, તેઓને મારી પાસે
લાવ કે, હું તેઓને આશીર્વાદ દઉં. ૧૦ હવે ઇસ્રાએલની આંખો

ઘડપણને લીધે ઝાંખી પડી હતી, તેને સૂઝતું નહોતું અને તે તેઓને
તેની પાસે લાવ્યો; અને તેણે તેઓને ચૂમ્યા ને તે તેઓની કોટે
વળગ્યો. ૧૧ અને ઈસ્રાએલે યોસેફને કહ્યું, હું તારું મુખ જોઈશ,
એમ હું ધારતો નહોતો અને જુઓ, દેવે તારાં સંતાન પણ મને
દેખાડયાં છે. ૧૨ અને યોસેફે પોતાનાં ઘૂંટણો વચ્ચેથી તેઓને કાઢયાં
અને ભૂમિ લગી વાંકો વળીને તે નમ્યો. ૧૩ અને યોસેફે તે બન્નેને
લીધા, પોતાને જમણે હાથે એફ્રાઈમને, ને ઈસ્રાએલના ડાબા
હાથની સામે, ને પોતાને ડાબે હાથે મનાશ્શાને ઈસ્રાએલના જમણા
હાથની સામે, ને એમ તેઓ તેની પાસે લાવ્યો. ૧૪ અને ઈસ્રાએલે
પોતાનો જમણો હાથ લાંબો કરીને એફ્રાઈમ જે નાનો હતો તેના
માથા પર મૂક્યો, ને પોતાનો ડાબો હાથ મનાશ્શાના માથા પર
મૂક્યો. તેણે જાણીજોઈને પોતાના હાથ એમ મૂક્યા; કેમ કે મનાશ્શા
જ્યેષ્ઠ હતો. ૧૫ અને તેણે યોસેફને આશીર્વાદ દીધો, ને કહ્યું, જે
દેવની આગળ મારા પિતૃઓ ઈબ્રાહિમ તથા ઈસહાક ચાલ્યા, જે
દેવે મને મારા આખા આયુષ્યમાં આજ પર્યંત પાળ્યો, ૧૬ જે દૂતે
સર્વ ભૂંડાઈથી મને બચાવ્યો છે, તે આ છોકરાઓને આશીર્વાદ
આપો અને તેઓ પર મારું નામ તથા મારા પિતૃઓ ઈબ્રાહિમનું
તથા ઈસહાકનું નામ મૂકો; અને તેઓ પૃથ્વીમાં વધીને સમુદાય
થાઓ. ૧૭ અને યોસેફે જોયું કે એના બાપે જમણો હાથ એફ્રાઈમના
માથા પર મૂક્યો, ત્યારે તેને તે ખોટું લાગ્યું; અને એફ્રાઈમના
માથા પરથી મનાશ્શાના માથા પર મૂકવાને તેણે પોતાના બાપનો
હાથ ઉપાડયો. ૧૮ અને યોસેફે તેના બાપને કહ્યું, મારા પિતા,
એમ નહિ; કેમ કે આ જ્યેષ્ઠ છે; એના માથા પર તારો જમણો
હાથ મૂક. ૧૯ અને તેનો બાપ એમ કરવાની ના પાડીને બોલ્યો,
હું જાણું છું, મારા દીકરા, હું જાણું છું; તે પણ એક પ્રજા થશે. ને
તે પણ મોટો થશે; પણ તેનો નાનો ભાઈ તો તેના કરતાં મોટો

થશે, ને તેનાં સંતાન અતિ બહોળી દેશજાતિ થશે. [૨૦] અને તે
દહાડે તે તેઓને આશીર્વાદ આપતાં બોલ્યો, ઈસ્રાએલપુત્રો તારું
નામ લઈને એકબીજાને આશીર્વાદ દેશે, ને કહેશે, દેવ તને
એફ્રાઈમ તથા મનાશ્શાના જેવો કરો; અને તેણે એફ્રાઈમને
મનાશ્શાથી પહેલો મૂક્યો. [૨૧] અને ઈસ્રાએલે યોસેફને કહ્યું, જુઓ,
હું મરું છું; પણ દેવ તમારી સાથે રહેશે, ને તમને તમારા પિતૃઓના
દેશમાં પાછા લાવશે. [૨૨] અને મેં તને તારા ભાઈઓ કરતાં એક
ભાગ વધારે આપ્યો છે, જે મેં મારી તરવારથી તથા મારા ધનુષ્યથી
અમોરીઓના હાથમાંથી લીધો હતો.

૪૯ અને યાકોબે તેના દીકરાઓને બોલાવીને કહ્યું, તમે
એકઠા થાઓ કે છેલ્લા દિવસોમાં તમને જે વીતશે તે
હું તમને જાહેર કરું. યાકોબના પુત્રો, તમે એકઠા થાઓ, ને
સાંભળો, અને તમારા બાપ ઈસ્રાએલની વાતને કાન ધરો. રૂબેન,
તું મારો જયેષ્ઠ પુત્ર, મારું બળ તથા મારા પુરુષત્વનું પ્રથમ ફળ;
મહત્ત્વની ઉત્તમતા તથા શક્તિની ઉત્તમતા તું છે. [૪] પાણી જેવો
અસ્થિર હોવાથી તું ઉત્તમતા પામશે નહિ; કેમ કે તું તારા બાપની
પથારી પર ગયો, ને તેને ભ્રષ્ટ કરી; મારા બિછાના પર તે ચઢયો.
શિમયોન તથા લેવી ભાઈઓ છે; તેઓની તરવારો બળાત્કારનાં
હથિયાર છે. [૬] મારા જીવ, તેઓની સભામાં ન જા; મારા ગૌરવ,
તેઓની મંડળીમાં સામેલ ન થા; કેમ કે તેઓએ ક્રોધથી એક
માણસને મારી નાખ્યું, ને ઉન્મત્તાઈથી બળદની નસ કાપી નાખી
[તેને લંગડો કર્યો.]

[૭] તેઓનો ક્રોધ શાપિત થાઓ, કેમ કે વિકરાળ હતો; અને
તેઓનો રોષ શાપિત થાઓ, કેમ કે તે ક્રૂર હતો. હું તેઓને
યાકોબમાં જુદા પાડીશ, ને ઈસ્રાએલમાં તેઓને વિખેરી નાખીશ.
[૮] યહૂદા, તારા ભાઈઓ તારાં વખાણ કરશે; તારો હાથ તારા

શત્રુઓની ગરદન પર રહેશે; તારા બાપના પુત્રો તારી આગળ
પ્રણામ કરશે. ૯ યહૂદા સિંહનું બચ્ચું છે; મારા દીકરા, તું શિકાર
પરથી આવ્યો છે. તે સિંહની પેઠે, તથા સિંહણની પેઠે લપાઈ ગયો,
તે લપાઇ ગયો; તેને કોણ ઉઠાડશે ? ૧૦ શીલોહ નહિ આવે ત્યાં
સુધી યહૂદામાંથી રાજદંડ ખસશે નહિ. ને તેના પગ મધ્યેથી
અધિકારીની છડી જતી રહેશે નહિ; અને લોકો તેને આધીન રહેશે.
૧૧ તેણે પોતાનો વછેરો દ્રાક્ષાવેલે બાંધીને, પોતાની ગધેડીનું બચ્ચું
ઉત્તમ દ્રાક્ષાવેલે બાંધીને, પોતાનાં વસ્ત્ર દ્રાક્ષારસમાં ધોયાં છે; અને
પોતાનો પોષાક દ્રાક્ષોના [રસરૂપી] રક્તમાં ધોયો છે. ૧૨ દ્રાક્ષારસને
લીધે તેની આંખો રાતી, ને દૂધે કરીને તેના દાંત શ્વેત થશે.
૧૩ ઝબુલોન સમુદ્રને કાંઠે રહેશે; તે વહાણોનું બંદર થશે; અને
તેની સીમા સિદોન લગી થશે.

૧૪ ઈસ્સાખાર બળવંત ગધેડો, ઘેટાંના વાડાની વચ્ચે બેઠો
છે; ૧૫ અને તેણે એક આરામસ્થાન જોયું તો તે સારું હતું, ને
ભૂમિ [જોઈ] તો તે ખુશકારક હતી; અને તેણે ભાર લેવાને ખાંધ
ધરી, ને તે વેઠ કરનારો દાસ થયો. ૧૬ ઇસ્રાએલનાં કુળોમાંના
એક સરખો, દાન પોતાના લોકોનો ન્યાય કરશે. ૧૭ દાન માર્ગમાંના
સર્પ જેવો, રસ્તામાં ઊડતા સર્પના જેવો થશે, તે ઘોડાની એડી
એવી કરડશે કે તેનો સવાર પાઠો પડશે. ૧૮ ઓ યહોવા, મેં તારા
તારણની વાટ જોઈ છે. ૧૯ ગાદને એક ટુકડી દબાણ કરશે; તોપણ
તે એમની એડી દબાવશે. ૨૦ આશેરની રોટલી પુષ્ટિકારક થશે, ને
તે રાજાને લાયકનાં મિષ્ટાન્‍ન ઉપજાવશે. ૨૧ નફતાલી, છૂટી મૂકેલી
સાબરી; તે ઉત્તમ શબ્દો ઉચ્ચારે છે. ૨૨ યોસેફ ફળદ્રુપ ડાળ છે,
ઝરા પાસેની ફળવંત ડાળ; તેની ડાંખળી ભીંત પર ચઢી જાય છે.
૨૩ તીરંદાજોએ તેને બહુ દુઃખ દીધું, ને તેના પર તીર ફેંક્યાં, ને
તેને સતાવ્યો; ૨૪ પણ તેનું ધનુષ્ય બળભેર રહ્યું, ને યાકોબના

સમર્થ પ્રભુના હાથથી તેના ભુજ બળવાન કરાયા. (ત્યાંથી
ઘેટાંપાળક, એટલે ઈસ્રાએલનો ખડક, થયો). ૨૫ તારા પિતાનો
દેવ જે તારી સહાયતા કરશે તેનાથી, ને સર્વશક્તિમાન દેવ જે
ઉપરના આકાશના આશીર્વાદોથી તથા નીચેના ઊંડાણના
આશીર્વાદોથી, સ્તનના તથા ગર્ભસ્થાનના આશીર્વાદોથી તને
આશીર્વાદિત કરશે. તેનાથી [તું બળવાન કરાશે]. ૨૬ તારા બાપના
આશીર્વાદો મારા પિતૃઓના આશીર્વાદ કરતાં અતિ મોટા થયા
છે. અને સદાકાળ ટકી રહેનારા પર્વતોની અતિ દૂરની સીમા સુધી
વધ્યા છે; અને તેઓ યોસેફના શિર પર, તથા જે તેના ભાઈઓથી
જુદો કરાયેલો, તેના મસ્તક પર રહેશે. ૨૭ બિન્યામીન ફાડી ખાનાર
વરુ છે; સવારે તે શિકાર ખાશે, ને સંધ્યાકાળે લૂટ વહેંચશે.

૨૮ એ સર્વ ઈસ્રાએલનાં બાર કુળ છે; અને તેઓના બાપે
તેઓને જે કહ્યું, ને તેઓને જે આશીર્વાદ આપ્યા તે એ છે; પ્રત્યેકને
પોતપોતાના આશીર્વાદ પ્રમાણે તેણે તેઓને આશીર્વાદ આપ્યો.
૨૯ અને તેણે તેઓને આજ્ઞા આપીને કહ્યું કે, હું મારા લોકો સાથે
મળી જવાનો છું; એફ્રોન હિત્તીના ખેતરમાંની ગુફામાં મારા
પિતૃઓની પાસે, ૩૦ એટલે કનાન દેશમાં મામરેની સામેના
માખ્પેલાહના ખેતરમાં જે ગુફા એફ્રોન હિત્તીના ખેતર સુદ્ધાં
ઈબ્રાહિમે કબરસ્તાનને સારુ વેચાતી લીધી હતી તેમાં મને દાટજો;
૩૧ ત્યાં ઈબ્રાહિમ તથા તેની સ્ત્રી સારાને દાટવામાં આવ્યાં છે;
ત્યાં ઈસહાક તથા તેની સ્ત્રી રિબકાને દાટવામાં આવ્યાં છે; અને
ત્યાં મેં લેઆહને દાટી છે; ૩૨ જે ખેતર તથા તેમાંની જે ગુફા
હેથના પુત્રો પાસેથી ખરીદવામાં આવ્યાં હતાં [ત્યાં મને દાટજો].
૩૩ અને યાકોબ પોતાના દીકરાઓને આજ્ઞા આપી રહ્યો, ત્યાર
પછી તેણે પોતાના પગ પલંગ પર લાંબા કરીને પ્રાણ છોડયો, ને
તે પોતાના પૂર્વજોની સાથે મળી ગયો.

**૫૦** અને યોસેફ તેના બાપના મુખ પર પડીને તેના પર
રડયો, ને તેને ચૂમ્યો. ૨ અને યોસેફે તેના દાસમાંના
જે વૈદો હતા તેઓને પોતાના પિતાના દેહમાં સુગંધીઓ ભરવાની
આજ્ઞા આપી; અને વૈદોએ ઈસ્રાએલના દેહમાં સુગંધીઓ ભરી.
૩ અને તેને માટે ચાળીસ દિવસ પૂરા કર્યાં; કેમ કે સુગંધીઓ
ભરવાના દહાડા એ પ્રમાણે પૂરા કરવાની રીત છે અને તેને સારુ
મિસરીઓએ સિત્તેર દિવસ શોક પાળ્યો.

૪ અને તેના શોકના દિવસ પૂરા થયા ત્યાર પછી યોસેફે
ફારુનના ઘરનાંને કહ્યું, હવે જો તમારી દષ્ટિમાં હું કૃપા પામ્યો
હોઉં, તો ફારુનના કાનમાં એમ કહો, ૫ મારા બાપે મને સમ
ખવડાવીને કહ્યું હતું, જુઓ, હું મરવા પડયો છું; મેં મારે સારુ
કનાન દેશમાં જે કબર ખોદાવી છે, ત્યાં મને દાટજે. માટે હવે
મારા બાપને દાટવાને મને જવા દે, ને હું પાછો આવીશ. ૬ અને
ફારુને કહ્યું, જા, ને જેમ તારા બાપે તને સમ ખવડાવ્યા હતા તેમ
તેને દાટ.

૭ અને યોસેફ તેના બાપને દાટવા ગયો; અને ફારુનના સર્વ
દાસ, ને તેના ઘરના વડીલ, તથા મિસર દેશના વડીલ તેની સાથે
ગયા, ૮ અને યોસેફના ઘરનાં સર્વ તથા તેના ભાઈઓ, તથા તેના
બાપના ઘરનાં સર્વ, તેની સાથે ગયાં; કેવળ તેમનાં છોકરાં તથા
તેમનાં ટોળાં તથા તેમનાં ઢોર ગોશેન દેશમાં તેઓ મૂકી ગયા.
૯ અને તેની સાથે રથો તથા સવારો ગયા અને તે બહુ મોટો સંઘ
હતો. ૧૦ અને યર્દન પાર આટાદની ખળી છે ત્યાં તેઓ આવી
પહોંચ્યાં, ને ત્યાં તેઓએ મોટા ને ભારે વિલાપથી રુદન કર્યું; અને
તેણે તેના બાપને સારુ સાત દિવસ શોક કર્યો. ૧૧ અને તે દેશના
કનાની રહેવાસીઓએ આટાદની ખળીમાં તે વિલાપ જોયો, ત્યારે
તેઓ બોલ્યા, આ તો મિસરીઓનો મોટો વિલાપ છે; એ માટે

તેનું નામ આબેલ મિસરાઈમ કહેવાય છે, ને તે યર્દનને પેલે પાર
છે. ૧૨ અને તેણે તેના દીકરાઓને જેમ આજ્ઞા આપી હતી તેમ
તેઓએ તેને સારુ કર્યું : ૧૩ અને તેના દીકરા તેને કાન દેશમાં લઈ
ગયા, ને ઇબ્રાહિમે વતનનું કબરસ્તાન કરવા સારુ એફ્રોન હિત્તીની
પાસેથી મામરેની સામેની જે ગુફા ખેતર સુદ્ધાં વેચાતી લીધી હતી,
તે માખ્પેલાહના ખેતરમાંની ગુફામાં તેઓએ તેને દાટયો. ૧૪ અને
યોસેફ તથા તેના ભાઈઓ, ને જેઓ તેના બાપને દાટવા તેની
સાથે ગયા હતા, તેઓ સર્વ તેના બાપને દાટીને મિસરમાં પાછા
આવ્યા.

૧૫ અને યોસેફના ભાઈઓએ જોયું કે અમારો બાપ મરી
ગયો છે, ને તેઓએ કહ્યું, કદાચિત્ યોસેફ અમારા પર દ્વેષ કરશે,
ને અમે તેનું જે ભૂંડું કર્યું હતું તે સર્વનું વેર તે નક્કી વાળશે.
૧૬ અને તેઓએ યોસેફને કહેવડાવી મોકલ્યું કે, તારા બાપે મરણ
પામ્યા અગાઉ આજ્ઞા આપીને કહ્યું હતું કે, ૧૭ તમે આ પ્રમાણે
યોસેફને કહેજો, તારા ભાઈઓએ તારો અપરાધ કર્યો છે, હવે તું
તેઓના તે પાપની ક્ષમા કરજે, કેમ કે તેઓએ તારું ભૂંડું કર્યું હતું;
તે માટે હવે તારા બાપના દેવના દાસોનો અપરાધ તું માફ કરજે.
યોસેફને તે વાત કહેવામાં આવી ત્યારે તે રડી પડયો. ૧૮ અને
તેના ભાઈઓ પણ આવીને તેની આગળ નમી પડયા; અને બોલ્યા,
જો, અમે તારા દાસ છીએ. ૧૯ અને યોસેફે તેઓને કહ્યું, બીહો
મા; કેમ કે શું હું દેવને ઠેકાણે છું ? ૨૦ તમે તો મારું ભૂંડું કરવા
ચાહ્યું હતું; પણ દેવે તેમાં ભલું કરવાનું ધાર્યું કે, જેમ આજે થયું
છે તેમ, તે ઘણા લોકના જાન બચાવે. ૨૧ એ માટે હવે બીહો મા;
હું તમને તથા તમારાં છોકરાંને પાળીશ. એમ તેણે તેઓને દિલાસો
આપીને તેઓની સાથે હેતથી વાત કરી.

૨૨ અને યોસેફ તથા તેના બાપના ઘરનાં મિસરમાં રહ્યાં;

અને યોસેફ એકસો દશ વર્ષ જીવ્યો. ૨૩ અને યોસેફ ત્રીજી પેઢી
લગીનાં એફ્રાઈમનાં છોકરાં જોયાં; અને મનાશ્શાના દીકરા
માખીરના દીકરાઓ યોસેફના ખોળામાં ઊછર્યા. ૨૪ અને યોસેફે
તેના ભાઈઓને કહ્યું, હું તો મરવા પડયો છું; પણ દેવ તમારી
ખબર ખચીત લેશે, ને તેણે જે દેશ સંબંધી ઈબ્રાહિમ તથા ઈસહાક
તથા યાકોબની આગળ સમ ખાધા હતા, તે દેશમાં તે તમને આ
દેશમાંથી લઈ જશે. ૨૫ અને યોસેફે ઈસ્રાએલપુત્રોને સમ
ખવડાવીને કહ્યું, દેવ તમારી ખબર ખચીત લેશે, ને તમે મારાં
હાડકાં અહીંથી લઈ જજો. ૨૬ અને યોસેફ એકસો દશ વર્ષનો
થઈને મરી ગયો; અને તેઓએ તેના દેહમાં સુગંધીઓ ભરીને તેને
મિસરમાં શબકોશમાં મૂક્યો.

◆

# પ્રકરણ ૨

## તમારા સંજોગોના સંચાલક

### (ક) હીરાઘસુની ઉપમા

જ્યારે હિરાઘસુ હીરાના કાચા પથ્થરોને કાપ્યા પછી એને પાસા અથવા પહેલ પાડે છે અને પૉલિશ કરીને એને કીમતી ચમક આપે છે ત્યારે એ ચમક આપવાને માટે તે હીરાની ભૂક્કી વાપરે છે. હીરાને તરતી પકડમાં ભીંસીને ચકડે છે એ પછી એના પર હીરાની ભૂક્કી નાખીને એ દ્વારા એનું પૉલિશ કરવામાં આવે છે.

હીરો સૌથી કઠણ પદાર્થ છે. બીજા કશાથી એને ઘસી શકાય નહિ. ફક્ત હીરાની ભૂક્કી જ એને ઘસી શકે અને એને ચમક આપી કીમતી બનાવી શકાય.

એમ જ માણસને કીમતી બનાવવા અને તેના જીવનને ઓપ આપવાને માટે ઈશ્વર માણસોને વાપરે છે. જેમ હીરાને હીરાની ભૂક્કીથી જ ઘસાય તેમ ઈશ્વર માણસોને પણ બીજા માણસોની સાથેની અથડામણ અને વ્યવહાર દ્વારા ઘડે છે.

ઈશ્વર માણસના જીવનમાં જે જુદા જુદા સંજોગો આવવા દે છે તે બધા જ સંજોગોમાં હરરોજ માણસો સાથેનો સંઘર્ષ હોય છે

અને એ સંજોગો દ્વારા માણસના જીવનને ઓપ ચઢે છે.

આપણે આ પુસ્તકમાં યોસેફનો દાખલો લેવાના છીએ. અનેક પ્રકારના સંજોગોમાં થઈને પસાર થયા પછી તે મિસરપતિ બન્યો.

એના ભાઈઓએ એને ખાડામાં નાખ્યો હશે. ખાડામાંથી કાઢીને એને વેચી દીધો હશે. પોટિફારના ઘરમાં ત્યાં એની સ્ત્રીનું આકર્ષણ "પરીક્ષણ" અને વર્ષો સુધી જેલમાં સબડવું એ બધા જ સંજોગોમાં માણસો સાથે અથડામણ હતી.

પણ યોસેફે એ બધા જ સંજોગોમાં કોઈ વિરોધી પ્રત્યાઘાતો આપ્યા નથી. અને એમ જ બીજા બધા જ સંજોગોમાં વિરોધી અને કચકચભર્યા પ્રત્યાઘાતો આપ્યા નથી. પણ ઈશ્વરને વિશ્વાસુ રહીને ઈશ્વરને આધીન રહ્યો. અને એમ જ યોસેફનું જીવન ઘડાયું તેના જીવનમાં ચમક આવી અને તે મિસરપતિ બન્યો.

એજ પ્રમાણે આપણ પ્રત્યેકને ઘડવા માટે અને આપણા જીવનમાં ચમક લાવવા માટે ભાતભાતના સંજોગો દ્વારા ઈશ્વર આપણને ઘડે છે અને જીવનની ચમક આપી આપણને ઉપયોગી સાધન બનાવે છે. અને ઈશ્વરની પ્રતિમા આપણામાં ઉપસે છે, અને આપણે ઈશ્વરના મહિમાર્થે વધારે ઉપયોગી બનીએ છીએ. આ આખા પુસ્તકમાં આ બધી બાબતો વિષે ઝીણવટભરી રીતે જોવાના છીએ.

## (ખ) ચાક લેતા ચાકડાની ઉપમા

*યિર્મેયા ૧૮ : ૧-૬*

યહોવાનું જે વચન યિર્મેયાની પાસે આવ્યું તે એ છે કે, તું ઊઠીને કુંભારને ઘેર જા, ને ત્યાં હું મારાં વચનો તને કહી સંભળાવીશ. ત્યારે હું કુંભારને ઘેર ગયો, અને જુઓ, તે ચાક પર કામ કરતો હતો. માટીનું જે વાસણ તે ઘડતો હતો, તે તેના હાથમાં

બગડી ગયું. પછી પોતાને સારું લાગ્યું તેવા ઘાટનું તેણે એક બીજું વાસણ ઉતાર્યું.

પછી યહોવાનું વચન મારી પાસે એવું આવ્યું કે, યહોવા કહે છે કે હે ઈસ્રાએલનાં સંતાનો, આ કુંભાર કરે છે, તેમ હું તમારા વિષે નહિ કરી શકું ? હે ઈસ્રાએલના વંશજો, જુઓ, કુંભારના હાથમાં જેવો ગારો છે, તેવા તમે મારા હાથમાં છો.

ઉપરના ફકરામાં જોઈ ગયા કે, ઈશ્વરે તમને ચાકડા ઉપર મૂક્યા છે અને સંજોગોનો ચાકડો સતત ફર્યા કરે છે. ઈશ્વરે પોતે આવવા દીધેલા સંજોગો દ્વારા તમારા જીવનમાં પોતાની આત્મિક પ્રતિમા ઘડી રહ્યા છે. જેમ મારા પર ઈશ્વરની થપાટો વાગે છે, અને પ્રતિમા ઘડાય છે, તેમ તમારા જીવનમાં ઈશ્વર જે ભાતભાતના સંજોગો આવવા દે છે, તે સંજોગો દ્વારા તમારામાં ઈશ્વરની પ્રતિમા ઘડે છે. જુદા જુદા સંજોગો એ ઈશ્વરના હાથની થપાટો છે, જે તમને ઘડી રહી છે, ઈશ્વરની થપાટો એટલે ઈશ્વરે આવવા દીધેલા સંજોગો.

આ વાત આપણે યોસેફના જીવનચરિત્ર દ્વારા જોઈશું. ઈશ્વરે બાઈબલની શરુઆતના પુસ્તકમાં જ યોસેફની વાર્તા લંબાણથી આપી છે. તે એટલા માટે જ કે આપણે જાણીએ અને સમજીએ કે પ્રત્યેક માણસમાં એટલે કે તમારામાં અને મારામાં યોસેફ પેઠે જ સંજોગો દ્વારા ઈશ્વર આપણામાં તેમની આત્મિક પ્રતિમા ઉપસાવે છે.

મારા યુવાનીકાળથી એટલે કે વાંચતાં શીખ્યો ત્યારથી જ યુનિવર્સિટીના સમય સુધી હું દર વર્ષે યોસેફની વાર્તા એક વખત આખી વાંચી જતો અને તે દ્વારા મને ઊંડું આત્મિક શિક્ષણ મળ્યું છે. યોસેફનું જીવન મારા જીવનની ચાવી સમાન બની રહ્યું છે.

# પ્રકરણ ૩

## તમારા સંજોગો સામેના તમારા પ્રતિભાવો કેવા છે ?

### (ક) સંજોગો આશીર્વાદ લાવે છે કે, નુકસાનકારક બને છે.

યોસેફના જીવનમાં તે જોઈએ. પિતાની આજ્ઞાથી તે પોતાના ભાઈઓને દોથાન મળવા ગયો. ત્યારે તેના ભાઈઓએ તેને ખાડામાં નાખી દીધો. પણ તેણે કશી કચકચ કરી નહિ. ભાઈઓએ તેને વીસ રૂપિયામાં ઈશ્માએલીઓના હાથમાં વેચી દીધો, તોયે તેણે વિરોધી પ્રતિભાવ બતાવ્યો નહિ, કે કોઈ પ્રતિકાર કર્યો નહિ કે કોઈ કચકચ કરી નહિ કે કોઈ રીસ કે વેરભાવનાનો પ્રતિભાવ આપ્યો નહિ. પણ ઈશ્વર પ્રત્યે વિશ્વાસુ રહ્યો.

એ પછી ઈશ્માએલીઓએ તેને પોટીફારને ત્યાં વેચી દીધો અને તેને પોટીફારના ત્યાં ચાકર તરીકે કામ કરવું પડયું. એ સર્વ સંજોગોમાં યોસેફે કોઈ પ્રતિભાવ કે રીસ બતાવી નહિ કે જરાય ખીજાયો નહિ પણ ઈશ્વરને વફાદાર રહ્યો.

તમારા સંજોગો તમને કંઈ નુકસાન કરતા નથી પણ તમો જે પ્રતિભાવ બતાવો છો, તમો જે રીસ કે કચકચ કરો છો તે તમને

નુકસાન કરે છે. પણ જો તમે ઈશ્વર પ્રત્યે વફાદાર રહો અને તેમની સાથે રહો તો ઈશ્વર તમને એ સંજોગો દ્વારા આશીર્વાદ આપે છે. જો કચકચ કરો છો અને વિરોધી પ્રતિભાવ બતાવો છો તો તમને જ નુકસાન થાય છે, અને ઈશ્વરનો આશીર્વાદ ગુમાવો છો.

કોઈ માણસ તમારું ભૂંડું કરે, તમારી વિરૂદ્ધ બોલે, તમારા પ્રત્યે ખોટો વર્તાવ કરે એ બધું જ તમને કંઈ નુકસાન કરવાનું નથી એ દ્વારા તમારું કંઈ પણ બૂરું થવાનું નથી પણ જો એ સંજોગોમાં તમે વિરોધી પ્રતિભાવ બતાવો છો. તમે બડબડાટ અને કચકચાટ કરો છો એ તમારું વર્તન તમારે માટે તમને નુકસાન કરે છે. અને ઈશ્વરનો આશીર્વાદ તમે ગુમાવો છો અને ઈશ્વર તમારામાં પોતાની આત્મિક પ્રતિમા ઘડી શકતા નથી.

પોટીફારની સ્ત્રી યોસેફને પરીક્ષણમાં નાખે છે ત્યારે તે ઈશ્વરને વફાદાર રહે છે. એને લીધે તેને જેલમાં ધકેલાઈ જવું પડે છે. ત્યારે પણ યોસેફ કોઈ કચકચાટ કરતો નથી.

એણે ધાર્યું હોત તો પોટીફારની સ્ત્રીનું જુઠાણું તે બહાર પાડી શકત. પણ યોસેફે પોટીફારની સ્ત્રી સામે કોઈ પ્રતિભાવ બતાવ્યો નહિ કે કચકચ કરી નહિ.

યોસેફે ધાર્યું હોત તો પોટીફારની સ્ત્રીને બદનામ કરી શક્યો હોત પણ એણે એવી વેરવૃત્તિ બતાવી નહિ. કારણ કે યોસેફ પોતાના શેઠ પોટીફારના પ્રેમને યાદ કરતો હતો. પોટીફારે જે પ્રેમ બતાવ્યો હતો તે યાદ કરતો હતો તેથી તેણે પોટીફારની સ્ત્રીને બદનામ કરી નહિ અને પોતાના શેઠ પોટીફારને પણ બદનામ કર્યો નહિ. યોસેફ સર્વ સંજોગો સાંખી લે છે અને સંજોગો દ્વારા તે ઈશ્વરને પોતાને ઘડવા દે છે.

જેલમાં પગોમાં લોખંડી સાંકળ અને હાથોમાં લોખંડની કડીઓ

તેને કેવી અકળાવતી હશે તેને દુઃખ પણ થતું હશે. પણ યોસેફ તેવા સંજોગોમાં કોઈ પ્રતિભાવ બતાવતો નથી અને કચકચ કરતો નથી અને પોતામાં ઈશ્વરની આત્મિક પ્રતિમા ઘડાવા દે છે.

આપણા માટે પણ આ પ્રમાણેનો વર્તાવ નમૂનારૂપ બની જાય છે. આપણે ઈશ્વરને સતત વફાદાર રહીએ છીએ, ત્યારે ઈશ્વર આપણને આબાદ કરે છે અને પોતાની પ્રતિમા આપણામાં ઉઠાવે છે.

## (ખ) જીવ ખાઈ નાખનાર વિલંબ

યોસેફે પાત્રવાહક અને ભઠિયારાના સ્વપ્નનો અર્થ કહી બતાવ્યો હતો અને કહ્યું હતું કે, તમે જેલ બહાર નીકળો, ત્યારે મને નિર્દોષને છોડાવજો.

પણ તેઓ બહાર નીકળ્યા ખરા પણ યોસેફને ભૂલી ગયા. તોયે આવા વિલંબ માટે યોસેફે કોઈ કચકચ કરી નહિ કે મનમાં નિરાશાનું વાતાવરણ ઊભું કર્યું નહિ અને એ સારું જ થયું કે પેલા બે જણાએ તેને છોડાવ્યો નહિ.

ધારો કે પાત્રવાહકે એને છોડાવ્યો હોત તો યોસેફ ક્યાં જાત! કારણ યોસેફ તો પોટીફારનો ખરીદેલો ચાકર હતો. એટલે જેલમાંથી છૂટેલા અધિકારીઓએ યોસેફને પોટીફારને ત્યાં જ મોકલ્યો હોત.

ધારો કે યોસેફ જેલમાંથી નીકળીને પોતાના દેશ તરફ ચાલી નીકળ્યો હોત પણ રસ્તામાં જેલના કપડાં પહેરેલો જોઈને કૂતરાં ભસ્યા કરત અને સિપાઈઓ તેને પકડી પાડત અને તેને પાછો જેલમાં ધકેલી દીધો હોત કે પોટીફારને ત્યાં નોકર તરીકે મોકલ્યો હોત.

## (ગ) ઈશ્વરના આશીર્વાદની ઘડી

પણ ઈશ્વરની ઘડિયાળમાં હજી આશીર્વાદની ઘડિયાળના ટકોરા પડયા ન હતા તેથી યોસેફ જેલમાંથી છૂટયો નહિ કે કોઈ

તેને છોડાવી શક્યું નહિ પણ ફારુન રાજાને જ્યારે સાત જબરી ગાયો અને સાત નબળી ગાયોનું સ્વપ્ન આવ્યું. ત્યારે ફારુન રાજા આ સ્વપ્નનો અર્થ શોધતો હતો તે જ ઘઢીએ ઈશ્વરની ઘડિયાળમાં યોસેફના પરમ હિતની ઘડીના ટકોરા પડયા.

## (ઘ) યોસેફ ગાદીપતિ - ઈશ્વરની યોસેફ માટેની આખરી યોજના પૂર્ણ થઈ

આપણે યોસેફની વાતમાં વાંચીએ છીએ કે યોસેફને કેવો ગાદીપતિ બનાવ્યો અને બીજા નંબરનો ગાદીપતિ બન્યો.

એને કારણે મિસરની પ્રજા દુકાળમાં બચી ગઈ અને આસપાસની બીજી પ્રજાઓ પણ બચી ગઈ. એટલું જ નહિ પણ યાકોબના બાર દીકરાઓ પણ તેને લીધે બચી ગયા અને જીવતા રહ્યા અને ઈસુ મસિહા યાકોબના દીકરાઓ દ્વારા આવવાના હતા તે દીકરાઓ પણ દુકાળમાં જીવતા રહ્યા અને બચી ગયા અને મસિહને આવવાનો માર્ગ મોકળો બન્યો.

આમ યોસેફના શાંત અને કચકચાટ વગરનો સ્વભાવ એ બધાને લીધે આ બધાનો બચાવ થયો અને અને દુનિયાનું તારણ કરનાર મસિહાનો માર્ગ તૈયાર થયો.

## (ચ) તમારા જીવનના સંજોગો અગાઉથી જાણવા માટે કોશિશ કરશો નહિ.

જ્યોતિષ જોષ અને એવી શેતાની વિદ્યાઓ દ્વારા તમારા સંજોગો કેવા છે તે જાણવા આતુર બનશો નહિ. ઈશ્વર જે સંજોગો આવવા દે છે તે સંજોગોને તમારા જીવનમાં આવવા દો તેને બદલવા પ્રયત્ન કરતા ના. ત્યારે જ તમે ઈશ્વરનો આશીર્વાદ પામશો

અને ઈશ્વરની આત્મિક પ્રતિમા તમારામાં ખીલી ઊઠશે.

ધારો કે યોસેફ પોતાના બાપના ઘરમાંથી ભાઈઓને મળવા દોથાન જઈ રહ્યો હતો ત્યારે તેને કોઈ જોષ જોનારો જોષી મળ્યો હોત. ત્યારે તેણે યોસેફને કહ્યું હોત તું દોથાન જઈશ તો તને તારા ભાઈઓ ખાડામાં નાખશે અને તારા ભાઈઓ તને વેચી દેશે અને તું આખરે મિસરની જેલોમાં દુઃખ વેઠશે. આ જોષીનું સાંભળીને યોસેફે દોથાન જવાનું પડતું મૂક્યું હોત અને યોસેફ મિસરમાં ના હોત, જેલમાં ના ગયો હોત. એ બધું બનત અને એમ આખરે તે મિસરનો ગાદીપતિ ન બની શક્યો હોત. વળી દુકાળના કપરા પ્રસંગોમાં મિસરની પ્રજાને અને અન્ય બીજી પ્રજાઓને બચાવી ન શક્યો હોત અને યાકોબના દીકરાઓને એટલે કે પોતાના ભાઈઓને કપરા દુકાળમાં બચાવી શક્યો ન હોત એમ મસિહાના આવવાનો માર્ગ બંધ થઈ જાત અને યાકોબના દીકરાઓ મરી જાત અન પ્રભુ ઈસુ મસિહા તો આ યાકોબના દીકરાઓની મારફતે આવવાના હતા.

## (છ) યોસેફ સંજોગોના સંચાલકને નિહાળે છે.

◆ **જ્યોતિષ ખતરારૂપ છે**

આપણા ભવિષ્ય માટે જ્યોતિષ કે અન્ય રીતે જાણવા માટે પ્રયત્ન કરીએ છીએ, ત્યારે ઈશ્વરથી ઊલટા-વિરુદ્ધ જઈએ છીએ અને ઈશ્વરના આશીર્વાદો ગુમાવી બેસીએ છીએ. તેથી જ્યોતિષ અને એવા અન્ય માર્ગે વળીને આપણે ઈશ્વરના આશીર્વાદો ગુમાવીએ છીએ. તેથી તેના બદલે ઈશ્વર પર વિશ્વાસ રાખીને જીવન જીવવું અગત્યનું છે. આપણા જીવનના વિધવિધ પ્રકારના

સંજોગો એ ઈશ્વરના આપણા માટે તેમ જ વિશ્વભરના સનાતન ઠરાવો અને સનાતન યોજના પ્રમાણે છે.

યોસેફે પોતાના સંજોગોમાં કચકચ ન કરી, અને વિરોધી પ્રતિભાવ બતાવ્યો નહિ. ઈશ્વરને વફાદાર રહ્યો. પોતાનામાં ઈશ્વરની આત્મિક પ્રતિમા ઘડાય તે માટે યોસેફે કચકચ કરી નહિ. તમારા ને મારા માટે યોસેફનો નમૂનો પૂરતો છે. ઈશ્વર યોસેફ સાથે વર્ત્યા તેમ જ આપણી સાથે વર્તે છે. માટે જ યોસેફની વાર્તા બાઈબલમાં બહુ જ લંબાણપૂર્વક આપવામાં આવી છે.

ફરી યાદ દેવડાવું છું કે, લોકો ગમે તેવું તમારું બૂરું કરે, કે બૂરું બોલે, અનેક વિરોધી, વિપરિત સંજોગો આવી પડે; માણસો જાતજાતનો વર્તાવ તમારી સાથે કરે, પણ એ બધા સંજોગોમાં એટલું યાદ રાખજો કે, તમારા સંજોગોના સંચાલક તો ઈશ્વર છે.

જો તમે કચકચ ન કરો અને ચિડાઓ નહિ, ખીજાઓ નહિં, પણ ઈશ્વરને વફાદાર બની રહેશો, તો ઈશ્વર તમારા માટે એ બધા સંજોગો આશીર્વાદમાં ફેરવશે, અને તમને બીજાઓના સંજોગો માટે આશીર્વાદરૂપ બનાવશે.

સંત પાઉલ લખે છે કે,

વળી આપણે જાણીએ છીએ કે, જેઓ દેવના ઉપર પ્રેમ રાખે છે, જેઓ તેના સંકલ્પ પ્રમાણે તેડાએલા છે, તેઓને એકંદરે સઘળું હિતકારક નિપજાવે છે. રોમનોને પત્ર ૮ : ૨૮.

◆

# પ્રકરણ ૪

## દુઃખમય સંજોગો દ્વારા ઈશ્વરે ઘડેલાં પાત્રો

### ઓસ્ટ્રેલિયાની અપંગ જુવાન મહિલા

જુવાન ઉંમરે કમર આગળથી એના બન્ને પગો કાપી નાખવામાં આવ્યા હતા. ઘરના એક ખૂણામાં એક પલંગ પર તે પડી રહેતી હતી. લગભગ લાંબાં વર્ષો સુધી આવી જિંદગી કાઢી એવી અપંગ સ્થિતિમાં આ જુવાન કન્યા પોતાની મેળે કશું કરી શકતી નહિ. બધાં જ કામો માટે બીજા પર આધાર રાખવો પડે. આમ તેના સંજોગો માટે ફરિયાદ કરવાનાં ઘણાં કારણો હતાં છતાં જે ખૂણામાં એનો પલંગ હતો તે ખૂણાનું નામ 'થેંક્સ ગીવીંગ કોર્નર' અથવા 'આભાર સ્તુતિનો ખૂણો' રાખ્યું હતું. તે પલંગ પર પડી પડી લગભગ ૪૦૦ મિશનેરીઓ માટે મધ્યસ્થીની પ્રાર્થના કરતી હતી. આવી અપંગ સ્થિતિમાં પણ તેના જીવન દ્વારા છેલ્લાં ઘણાં વર્ષથી ૪૦૦ મિશનેરીઓના કામને પ્રાર્થનાઓ દ્વારા આશીર્વાદિત બનાવી શકી હતી.

આમ જ સંજોગોની સામે કચકચ ન કરતાં આપણે બીજાંઓને આશીર્વાદરૂપ બની શકીએ છીએ.

# ફ્રુ. એન. સ્ટીલ

ઈશ્વરની સામે ફરિયાદ કરવાનું કદી હોય, ભલા ? કુંભ તે વળી કુંભારનો દોષ કાઢી શકે ? ના, ના.

તેમ છતાંયે પોતાની હાલત અંગે ઈશ્વર સામે ફરિયાદ કરવાનું કોઈનેયે કારણ હોવાનું લાગે તો તે ફ્રુ. એન. સ્ટીલને લાગવું જોઈએ. પણ એને તો એવું કદી લાગ્યું જ નહિ ને ! ને સૂઝ્યું પણ નહિ. એણે તો જીવનભર આભારસ્તુતિ જ ગાઈ; ઈશ્વરનાં ગુણ-ગાન જ ગાયા કર્યાં.

એનની વાત માંડીને કહું. એનો જન્મ ૧૭૧૬માં ઈંગ્લેન્ડમાં હૅમ્પશાયર પરગણાના બ્રોટનમાં થયો હતો. કુટુંબમાં એકનું એક સંતાન, તબિયત ઠીક ઠીક નાજુક. એના પિતા વિલ્યમ સ્ટીલ ઈમારતી લાકડાના વેપારી હતા. પૈસેટકે સુખી. વળી તે બૅપ્ટિસ્ટ મંડળીના 'પાર્ટ ટાઇમ' પાળક પણ હતા. એન માતાપિતાને બહુ વહાલી. બીજાં સૌની લાડીલી.

પણ એન ત્રણ વરસની થઈ ના થઇ, ને એનાં મા મૃત્યુ પામ્યાં. બાપે બધી જવાબદારી ઉપાડી લીધી. ખૂબ જ નાજુકડી એનને ટી.બી.ની ધમકી આખી જિંદગી મળતી જ રહેલી. બલ્કે એની છેક નજદીક આવી ગયેલી. એણે પ્રભુને પોતાની સોંપણી નાનપણમાં જ કરી દીધી હતી.

વળી કિશોરકાળમાં જ એને અકસ્માત નડી ગયો. એમાં એની કમ્મરને ભારે ફટકો લાગ્યો. એટલે એન જિંદગીભર અસહાય બની ગઈ. એના એકલવાયા ઓરડામાં જ એને ભરાઇ રહેવું પડતું અને કેટલીક વાર તો દિવસોના દિવસ સુધી પથારીવશ પડી રહેવાનું થતું.

નાની વયથી જ તે કાવ્યો અને ગીતો લખતી થઈ હતી. તે બધાં જ આભાર અને ઈશ્વરસ્તુતિથી ભરેલાં હોય. વેદના, કચકચ અને ફરિયાદની એમાં છાંટ સરખીયે નહિ ! દુ:ખ અને યાતનાના તો ઢગ હતા, છતાં તે એટલી બધી પ્રેમાળ કે એને ચાહનારાંનો સુમાર નહિ ! અને એનાં કાવ્યો તેમ જ ગીતોનાં પ્રશંસક પણ તેટલાં જ. એ બધાં એના ઓરડામાં એને મળવા અને એનાં ગીતો સાંભળવા આવતાં. એન એની વીણા પર ગાતી. મધુર મધુરું ગાતી. વેદના પર વાણી અને વીણાનો વિજય થતો.

એક આશાસ્પદ અને સુંદર યુવાન, રોબર્ટ એલ્સકોર્ટ એના પ્રેમમાં પડયો. એનના એકવીસમા વર્ષે એ બંનેની સગાઈ થઈ. વીંટી, વગેરેની આપલે થઈ. એનના આનંદની અવધ ના રહી ! લગ્નનો દિવસ આવી પહોંચ્યો.

એનને તૈયાર કરીને દેવળે લઈ ગયા. દેવળનો ઘંટ વાગતો હતો, અને એનને ટેલિગ્રામ મળ્યો ! એનો પ્રિયતમ અણધાર્યો ડૂબી ગયો. તે નદીએ નાહવા ગયેલો. ત્યાં અચાનક ઊંડાણમાં તે લપસી જતાં ડૂબી ગયો. ઘેર પાછી લઈ જવાતી એને ઈશ્વર સામે કોઈ ફરિયાદ કરી નહિ; કે ઈશ્વર સામે કોઈ બળતરા દિલમાં ઊઠી નહિ. ગાલે દદડી રહેલાં ચોધાર આંસુમાં એ એટલું જ બોલી, “પિતા, જેવી તમારી મરજી !”

દુ:ખને કારણે ઈશ્વર પરનો એનો વિશ્વાસ ઊલટો વધારે ઘેરો બન્યો. હૃદયભંગને લઈને એનાં ગીતો અને કાવ્યો ઊલટાં વધારે મીઠાશ ટપકતાં બન્યાં. ઈશ્વરને એણે વધુ જોરથી પકડી રાખ્યા. જેમ જેમ આફતો એના જીવનમાં વધુ ને વધુ ઊમટવા માંડી, અને દુ:ખોનો ભાર અસહ્ય બનતો ગયો, તેમ તેમ પિતા ઈશ્વરનું પરાક્રમ

તે વધારે અને વધારે અનુભવવા લાગી. અને પરમ પિતાના પ્રેમ તરફ તે વધુ અને વધુ ખેંચાવા લાગી. એનનાં દુઃખોને કારણે એનાં ગીત વધારે મીઠાં બન્યાં. ઈશ્વરની ગોદમાં તે વધારે સમેટાઈ, અને એનો પ્રેમાળ સ્વભાવ વધારે પ્રેમી બન્યો.

એનાં ઘણાં ગીતોમાં પોતાની ઇચ્છા તદ્દન તજી દીધેલી, અને સંપૂર્ણપણે સ્વાર્પિત બની ગયેલી એ ભાવના છતી જાય છે.

એક ગીતમાં તે કહે છે :

પિતા, ભલે જે ભૌતિક આશિષ મને આપવા ન ઇચ્છો !

*સદાય ઈચ્છા પરમ તમારી પૂરી થાઓ :*
*તમારા કૃપાસને માત્ર આટલી જ અરજ ધરું હું,*
*જે, કૃપાળુ પિતા, તમે સ્વીકારશો.*
*દો મને શાંત અને આભાર છલકતું હૈયું,*
*જરાય બબડાટ, તલસાટ વિહોણું.*
*તમારી કૃપાનાં અદીઠ ઝરમરિયાં વરસાવજો,*
*જેથી તમારી સદા બની રહું હું.*
*(ભાવાનુવાદ : જયાનંદ ચૌહાન)*

ઘણાં ખરાં ગીતો અને કાવ્યો એની ઘેરી વેદના અને હૈયાને હચમચાવી દે એવા અનુભવોના પરિણામમાંથી પરિણમ્યાં હોઈને, એન એમને જાહેરમાં છપાવવા ઇચ્છતી નહોતી; પણ મિત્રો અને સ્નેહીઓના આગ્રહને વશ થવું પડયું. તે પણ તે એકતાળીસ વર્ષની થઈ ત્યારે તેણે કેટલાંક ગીતો અને કાવ્યોને છપાવવા મોકલ્યાં, અને તેયે 'થિયોડોસિયા' નામના તખલ્લુસ નીચે.

જે દિવસે એણે એનો પહેલો સંગ્રહ છપાવવા મોકલ્યો તે જ દિવસે એના પિતાએ પોતાની ડાયરીમાં નોંધ લખી : "આજે નાન્નીએ એનાં રચેલાં ગીતો અને કાવ્યોનો પહેલો સંગ્રહ છપાવવા

માટે લંડન મોકલી આપ્યો છે. કૃપાળુ પ્રભુ, તમે જ એને દાન અને દિલ આપ્યાં છે, તો તમે જ એને આશીર્વાદિત કરો, અને તમારા મહિમાને માટે અને ઘણાના ભલાને માટે વાપરો. તમે નાન્નીને વધુ અને વધુ નમ્ર મન આપો." પિતાની પ્રાર્થના બંને બાબતે ફળીભૂત થઈ, એનાં ગીતો લગભગ સો-સવાસો વર્ષ સુધી ખૂબ ગવાતાં રહ્યાં, એ પછી પણ ત્યાંની મંડળીના ભજનસંગ્રહમાં એનાં ૫૪ ગીતો હતાં.

**"થિયોડોસિયાકૃત મુખ્યત્વે ભક્તિભાવના વિષયને લગતાં કાવ્યો"** નામના શીર્ષક તરીકે ૧૭૬૦માં એના બે સંગ્રહ છવાઈને બહાર પડયા. એણે બધાં મળીને ૧૪૪ ગીતો, રાગ અને પિંગળમાં ઉતારેલાં ગીતશાસ્ત્રનાં ૩૪ સ્તવનો, અને ૩૦ કાવ્યો લખ્યાં. એ બધા એક જ પુસ્તકમાં ૧૯૬૩માં બહાર પડયાં.

અંગ્રેજી ગીતોના પિતા સમાન રેવ. ડૉ. આઇઝેક વૉટ્સ એનના ગામથી પંદર જ માઇલ દૂર રહેતા હતા. તેઓ બંને બત્રીસ વર્ષ સુધી સમકાલીન હતાં. વૉટ્સનો કાળ ૧૬૭૪-૧૭૪૮, જ્યારે કુ. એનનો ગાળો ૧૭૧૬-૧૭૭૮નો હતો. તેઓ બંનેએ કુંવારી જિંદગી ગાળી હતી.

ઇતિહાસનો આ એક મોટો નોંધપાત્ર બનાવ ગણાય ! ઇતિહાસમાં આ પહેલ પ્રથમ જ કોઈ મહિલાનાં કાવ્યો કે ગીતોનાં પુસ્તક છપાયાં હોય ! એટલે જ પાછળથી આવનાર બહેનોને માટે માર્ગ ખુલ્લો થયો, અને શાર્લોટ એલિયટ (૧૭૮૯-૧૮૭૧), ફેની ક્રોસ્બી (૧૮૨૩-૧૯૧૫), અને ફ્રાન્સેસ હાવર્ગલ (૧૮૩૬-૧૮૭૯) આ માર્ગ પર સરળતાથી વધી શક્યાં.

પ્રભુનાં વચન-બાઇબલ પર તે ખૂબ પ્રેમ કરતી, અને એને

માટેનું સન્માન પણ અનહદ હતું, અને ઘણા ભાવથી તે તેનું મનન કરતી. તે માનતી બાઈબલનો એકેએક શબ્દ ઈશ્વરપ્રેરિત છે. પ્રભુ પરના પ્રેમમાં તે એવી રસતરબોળ બની જતી કે તે પોતાની શારીરિક વેદનાઓ અને વિટંબણાઓને વીસરી જતી. એટલે જ તદ્દન પથારીમાં જ ગાળેલાં જિંદગીનાં છેલ્લાં નવ વર્ષ તે એને માટે તો પારાદૈસના પૂર્વાસ્વાદ સરીખાં બની રહેલાં. "દયાળુ પિતા" નામના પોતાના એક ગીતમાં એણે એવું જ લખ્યું છે ને !

એનનો દેહાંત ૧૭૭૮ના નવેમ્બરમાં કેવો સુખદ થયો ! એ વિષે એની જીવનકથાના આલેખક ડૉ. કાલેબ ઈવાન્સે કેવું સુંદર બયાન કર્યું છે ! તે લખે છે :

"એનની આખરી ઘડીઓ હતી - એની પથારી આસપાસ એકત્ર થેયલાં મિત્રો અને સ્નેહીઓ રુદન કરતાં હતાં. એને ઊંડા વહાલથી તેઓની બધાંની અલવિદા લીધી. એના મહિમાવંતા પ્રયાણકાળની ઘડી આવી ગઈ. એણે આંખો મીંચી દીધી. જાણે બંધ આંખે પોતાના પ્રભુને જોતી ના હોય ! એના પ્રભુનું કેવું પ્રત્યક્ષ મિલન ! કેવી સુખદ ઘડી ! એના મુખ પર આછું સ્મિત ફરકી ગયું, અને એના હોઠમાંથી પરમ આનંદના ઉદ્‌ગાર સરી પડયા : "હું જાણું છું; મારો ઉદ્ધારનાર જીવે છે." અને હળવેથી એન ઈસુમાં ઊંઘી ગઈ."

એનના બ્રોટન ગામને પાદરે કબરસ્તાન આવેલું છે. અહીં એની કબર છે. કદીક ત્યાં જાઓ તો કબર પર કંડારેલી આ પંક્તિઓ અંગ્રેજીમાં વાંચવા મળશે :

*વીણા આ શી શાંત થઈ ગઈ !*
*ચૂપ બની રસમગ્ના રસના ?*

*જેણે ગાયાં જીવનભર ગીતો,*
*નિજ પરમ ઉદ્ધારક પ્રભુતણાં.*
*હવે તો તે સ્વર-સેન સાથે સાથે,*
*મીલવે મહાસૂર ઉલ્લાસના,*
*સદૈવ આનંદ ને સુખ ભર્યાં*

*ગાતી ગાણાં ઈશ-સમીપ, રે ઘણાં !*
(ભાવાનુવાદ : જયાનંદ ચૌહાન)

*(રેવ. જયાનંદ ચૌહાનકૃત આપણાં મધુરાં ગીતોના અધૂરા ઈતિહાસમાંથી સાભાર)*

# ફેની જે. ક્રોસ્બી (અંધ કવયિત્રી)



## (૧૮૨૦-૧૯૧૫)

આ અંધ કવયિત્રીએ ૮,૦૦૦ ઉપર ગીતો રચ્યાં છે. આપણા ભજનસંગ્રહમાં તેનાં કેટલાંક સુંદર ગીતો છે. "નાશ પામતાંને બચાવ" (૨૩૭); "ઈસુને હાથ સલામત" (૪૨૦); "ઈસુ છે મારો, નક્કી આ વાત" (૩૬૭); "મુજને ન ટાળ, નમ્ર તારનાર" (૩૧૧); વગેરે.

ફેની ક્રોસ્બીનો જન્મ તા. ૨૪-૩-૧૮૨૦ને રોજ અમેરિકામાં થયો હતો. તે હજી છ અઠવાડિયાંની નાની બાળકી હતી ત્યારે તેણે કાયમ માટે આંખોનું નૂર ગુમાવ્યું, અને જિંદગીભરનો અંધાપો સેવ્યો. તેની આંખોને કંઇક તકલીફ હતી, અને દવા કરનારે ભૂલથી

ભળતું જ 'પોલ્ટીસ' તેની આંખો પર લગાવ્યું. આને પરિણામે ફેનીની આંખો કાયમ માટે ગઈ ! તે આઠ માસની થઈ ત્યારે તેના પિતા મૃત્યુ પામ્યા. તેના ઉછેર તથા શિક્ષણની બધી જવાબદારી તેની માને શિરે તથા તેનાં દાદીને શિરે આવી.

જો કે ડૉક્ટરની ભૂલને લઈને ફેની જીવનભરના અંધાપાના અંધકારમાં ધકેલાઈ ગઈ, છતાં તેના મનમાં કડવાશનો પડછાયો સરખોયે પડયો નથી. પાછલાં વર્ષોમાં તેણે લખ્યું કે :

"મારા મનમાં એક ઘડી પણ એ ડૉક્ટર માટે રીસ કે ચીઢની લાગણી સરખીયે જાગી નથી. કારણ, પહેલેથી હું માનતી હતી કે મારા દયાળુ પ્રભુએ તેમની અનંત કૃપા દ્વારા તેમની સેવા માટે મને આ રીતે અર્પિત કરી છે." નાનપણમાં પણ તેનામાં કદી કડવાશ જાગી નથી. આઠ વર્ષની નાની ઉંમરે તેણે આ પ્રમાણે કાવ્ય લખ્યું : "અરે, હું કેવી સુખી બાળકી છું ! હું જો કે જોઈ શકતી નથી, પણ મેં નક્કી કર્યું છે કે હું આ જિંદગીમાં સંતોષથી જીવીશ. હું અત્યારે કેટલા બધા આશીર્વાદો આનંદું છું ! - જે આશીર્વાદો બીજા લોકોને મળતા નથી. એમ, હું આંધળી છું માટે હું રડવાની નથી, ઝૂરવાની નથી, કે નિસાસા નાખવાની નથી. ના, કદી જ નહિ. હું એમ કરી શકતી જ નથી, અને કરીશ પણ નહિ !"

એની મા તો એક ધનવાન કુટુંબને ત્યાં કામકાજ કરતી હતી, અને એમાંથી એને ઝાઝો સમય પણ મળતો નહોતો. થોડા સમય પછી ફેનીની માને એની દાદીથી દૂર એવા સ્થળે બીજા કોઈ તાલેવંત કુટુંબમાં નોકરી મળતાં મા તેને પોતાની પાસે લઈ ગઈ. મા તો દિવસભર કામ પર જતી, અને ફેનીની સંભાળ ઘરમાલિક બાઇ રાખતી હતી. એ બાઇએ નાની અંધ ફેનીને જૂના કરારનાં પહેલાં

ચાર પુસ્તક મોઢે કરવા ઉત્તેજન આપ્યું. એ પછી તેની પાસે ચાર સુવાર્તા મોઢે કરાવી. એ પછી ફેનીએ નીતિવચન, રૂથ, ગીતોનું ગીત અને ગીતશાસ્ત્ર મોઢે કરી દીધું. આ બધું તે કડકડાટ બોલી જતી. પાછલી ઉંમરે આ બધું તેને માટે ખૂબ આશીર્વાદિત બની ગયું.

એની માને ૧૮૩૪માં ન્યૂયોર્કની અંધશાળા વિષે ખબર પડી, એટલે એણે ફેનીને પંદર વર્ષની ઉંમરે આ અંધશાળામાં દાખલ કરાવી. ફેની પાછળથી ઘણી વખત એ દિવસને પોતાનો સૌથી આનંદમય દિવસ ગણાવતી. જો કે તે પોતે કવયિત્રી હતી, સુંદર ગિટારવાદન જાણતી હતી, અને કુદરતી રીતે જ અચ્છી કથાકાર હતી, પણ વધુ ને વધુ શીખવાનું તેને ઊંડું મન હતું. આ સંસ્થામાં તેણે આઠવર્ષ વિદ્યાર્થિની તરીકે અને ૧૫ વર્ષ અધ્યાપક તરીકે ગાળ્યાં. તે સમયના તેના એક કાવ્યે તો તેને રૂ. ૭૫,૦૦૦ (ડૉલર ૩,૦૦૦) મેળવી આપ્યા.

જો કે તે બહુ જ ઉમદા વિદ્યાર્થિની હતી, પણ બ્રેઈલ વાચનમાં તેને મુશ્કેલી નડતી હતી; કારણ, ગિટારવાદનને લઈને તેની આંગળીઓનો સ્પર્શ તેજભર્યો નહોતો. બીજાંઓ તેની આગળ પુસ્તકો વાંચતાં અને તે પોતાની તેજીલી યાદદાસ્તમાં બધું યાદ રાખતી. ગિટાર ઉપરાંત વીણા અને 'ઑર્ગન' વગાડવામાં પણ તે એક્કો હતી.

તે શ્રેષ્ઠ કાવ્યકાર (કવયિત્રી) હતી, પણ સુવાર્તાને લગતાં ગીતો અને ભજનો તે છેક ૪૪ વર્ષની થઈ ત્યારે લખવાં શરૂ કર્યાં. રાગરાગણીઓ બનાવનાર વિખ્યાત વિલ્યમ ડૉ. બ્રેડબરીએ ૧૮૬૪માં તેને આત્મિક ગીતો અને ભજનો લખવા પ્રેરી. ત્યારથી ફેની ક્રોસ્બીને પોતાના જીવન-તેડાનું ભાન થયું. તેને લાગ્યું કે

ઈશ્વર મને ધાર્મિક ગીતો તથા ભજનો લખવા તેડે છે. ત્યારથી તે પોતાને આખા દેશમાં સૌથી સુખી વ્યક્તિ ગણવા લાગી. આ પછી તો તેણે થોકબંધ ગીતો અને ભજનો લખ્યાં.

ઈ.સ. ૧૮૫૮માં ફેનીએ ૩૮ વર્ષની ઉંમરે એલેકઝાન્ડર વાન એલ્સ્ટીન સાથે લગ્ન કર્યાં. એલેકઝાન્ડર તે સમયે ૨૭ વર્ષનો હતો, અને પોતે પણ અંધ હતો. એટલું જ નહિ, પણ એ જ સંસ્થામાં તે અધ્યાપક હતો. તે સંગીતકાર, ઑર્ગન વગાડનાર, ઊંડો અભ્યાસી અને આદર્શ અધ્યાપક હતો. લગ્ન પછી પણ ફેનીએ પોતાના કુમારાવસ્થાના નામથી જ ગીતો લખવાનું ચાલુ રાખ્યું. તેઓનું એકનું એક બાળક બાલ્યાવસ્થામાં જ ગુજરી ગયું.

ઈ.સ. ૧૮૭૬ અને તે વર્ષોમાં ડૉ. ડી. એલ. મુડી અને ઈરા ડી. સેન્કીની આત્મિક જાગૃતિની સભાઓ જોરશોરથી આખા અમેરિકામાં અને યુરોપમાં ચાલતી હતી, ત્યારે ફેની ક્રોસ્બી પણ એનાં ગીતો દ્વારા એમાં સંકળાયેલી હતી. ક્વાયર લીડર સેન્કી તો કહેતો હતો કે, માનવી દૃષ્ટિબિંદુથી તો આ આત્મિક જાગૃતિની મોટી સફળતા ફેનીનાં ગીતોને લીધે હતી.

પોતાનાં ગીતો ક્યારે અને કેવી રીતે લખાયાં તે વિષે લખતાં ફેની કહે છે કે, "રાત્રીને સમયે જ્યારે દિવસનો કોલાહલ મારા કાવ્યપ્રવાહ અને વિચારોને તોડે નહિ, તે સમયે હું મારાં ગીતો રચતી. એ પછી એ ઉદ્ભવેલાં ગીત અને તેના શ્લોકોને મોઢે કરી લેતી, અને સવારમાં ઊઠયા પછી કોઈ મિત્ર પાસે કાગળ ઉપર લખાવી દેતી."

એનાં ગીતોના તરજુમા દુનિયાની અનેક ભાષામાં થોડા જ સમયમાં થઈ જતા. તે માત્ર કવયિત્રી અને ગીતકર્તા જ નહોતી, પણ શહેરની ગંદી ગલીઓમાં, દારૂડિયાઓમાં અને જેલવાસીઓમાં

પણ સેવા આપતી હતી. સાઇઠ વર્ષની ઉંમર પછી તો એ દિશાઓમાં વધુ જોરશોરથી કામ કરતી થઈ હતી. તે આ સેવાને "પ્રેમની તક" ગણતી. ખ્રિસ્તી સભાઓમાં વક્તા તરીકે પણ તેને બોલાવવામાં આવતી. અને એનો ઇતિહાસ લેખક તો કહે છે કે, "એના સમયમાં તે બહુ અસરકારક સુવાર્તિક ઉપદેશિકા હતી."

ઈ.સ. ૧૯૦૫માં એની ૮૫મી વર્ષગાંઠે દુનિયાભરમાં "ફેની ક્રોસ્બી દિન" ઉજવવાનું વિશ્વની મંડળીએ નક્કી કર્યું ત્યારે, તે દિવસે બધે દેવળો ચિકાર ભરાયાં હતાં, અને ક્રોસ્બીરચિત ગીતો ગવાયાં હતાં.

એને ૧૯૧૪માં હૃદયનો હળવો હુમલો થયો, અને તા.૧૨-૨-૧૯૧૫ના રોજ ૯૫ વર્ષના લાંબી સેવા ભરેલા જીવન પછી તે પોતાના પ્રભુની પાસેથી સ્વર્ગીય ઇનામ મેળવવા અને દૂતોની સાથે પ્રભુસ્તુતિ ગાવા પહોંચી ગઈ.

તેના એક ગીતનો શ્લોક કેવો સરસ છે ! "એક દિન રૂપેરી દોરી તૂટી જશે, અને અત્યારે હું ગાઉં છું તેમ ગાઈ શકીશ નહિ. પણ જ્યારે ધન્ય પ્રભાતે જાગીશ, ત્યારે કેવોક આનંદ થશે ! ખુદ મારા રાજાના મહેલમાં હું હોઈશ, અને હું તેમને નજરોનજર જોઈશ."

ફેનીનો અંધાપો ફેનીને માટે તેમ જ સમસ્ત વિશ્વની મંડળીઓ માટે આશીર્વાદના રૂપમાં પલટાઇ ગયો. અંધાપાએ તેની નજર આગળથી બહારની દુનિયા મિચાવી દીધી, અને જાણે કે એક નવીજ દુનિયા તેની આગળ ખડી કરી દીધી, જેમાં તેણે ખ્રિસ્તને તારનાર, સહાયક અને મિત્ર તરીકે ઓળખી લીધા, અને સ્વીકારી લીધા. ખ્રિસ્તમાં તેને જીવનની વાટ બતાવનાર ભોમિયો મળી ગયો. કોઈ તેની દયા તાકે એવું તેણે કદી ઇચ્છયું નહિ. ઊલટું,

તેનું જીવન આનંદથી ઊભરાતું, અને બીજા માટે મદદરૂપ બની ગયું. અમેરિકાની તે સૌથી ઉત્તમ સુવાર્તિક ભજનો તથા કાવ્યો લખનાર બની ગઈ. તેને "અંધકારમાં ગુંજનાર મધુર ગીતગાયિકા"નું મીઠું બિરુદ મળ્યું છે. સાચે જ અંધાપાના અંધકારમાં તેણે કેવાં કેવાં મધુરાં ગીતો રચ્યાં છે !

ફેની નવમા વર્ષમાં હતી ત્યારે એક દિવસે બપોરને સમયે તે ખેતરોમાં ગઈ, અને પ્રાર્થના કરતાં પ્રભુની પાસે માગ્યું, "પ્રભુ, મારા આવા જીવનને કોઈ સારા, પવિત્ર અને ઉમદા હેતુને માટે વાપરો," એ જ સમયે તેણે પોતાનું જીવન પ્રભુને સોંપી દીધું. કેટલાક કલાક પછી તે ઘેર પાછી આવી ત્યારે તેણે પોતાની પહેલવહેલી કવિતા કાગળ પર ટપકાવી.

ઘણીયે વખત તેના મનમાં કાવ્યો અતિ ઝડપથી સ્ફુરી ઊઠતાં. એક વખતે ૧૮૬૮માં વિલ્યમ એચ. ડોન તેની પાસે આવ્યા. ડોન પોતે રાગો અને સંગીત ગોઠવતા હતા. તેમણે ફેનીને કહ્યું, "કુ. ફેની, મારે આજે સીનસિનાટી શહેરમાં જવાનું છે, અને ટ્રેઇન ઊપડવાને ફક્ત ચાલીસ જ મિનિટ બાકી છે. ત્યાં આખા ઓહાઈયો સ્ટેટનું સન્ડેસ્કૂલ કન્વેન્શન આવતા મહિને ભરાનાર છે. બહુ મોટી સંખ્યામાં મોટાં માણસો તેમ જ જુવાનો અને બાળકો આવનાર છે. જુવાનો અને બાળકોનાં હૃદય અને કલ્પનાને જકડી લે એવું મારે કોઈ તદ્દન નવું જ ગીત જોઈએ છે." ડોને પોતે તૈયાર કરેલો રાગ ફેનીને ગાઈ સંભળાવ્યો, બાકી રહેલી ત્રીસ મિનિટમાં જ ફેની આ ગીત પેલા જ રાગે બનાવીને લાવી, અને ડોનને આપ્યું. એ છે આપણું આ ગીત : "ઈસુને હાથે સલામત."

બાઈબલમાં પુનર્નિયમ ૩૩:૨૭માં આપેલા શબ્દો ઉપરથી

ફેનીએ એ ગીત બનાવ્યું છે. એના શબ્દો છે : "સનાતન દેવ તે તારું રહેઠાણ છે, અને તારી નીચે અનંત ભુજો છે."

આ ગીતે અનેક જીવનોને ખ્રિસ્તની પાસે આણ્યાં છે. કંઈ કંઈ કેટલાયે પ્રસંગો આ ગીત સાથે ગૂંથાયેલા છે. એક જ દાખલો ટાંકું. (જોન માયર્સના "વૉઈસીસ ફ્રોમ ધી એજ ઑફ ઈટરનિટી" પરથી ઓલ્ડ ટપ્પન ફલેમિંગ એચ. રેવલ, ૧૯૭૧, પૃ.૨૧૯-૨૨૨)

ફિનલૅન્ડ અને રશિયા વચ્ચે યુદ્ધ ચાલતું હતું. રશિયાના કેટલાક સૈનિકો કેદ પકડાયા હતા. નોર્ડનબર્ગ નામના એક ફિનિશ લશ્કરી અમલદારના હાથમાં આ યુદ્ધ-કેદીઓ સોંપવામાં આવ્યા હતા. આ વખતે એક બનાવ એવો બની ગયો જેથી આ ફિનિશ અમલદારનું જીવન પૂરેપૂરું બદલાઇ ગયું. વાત આમ બની : પેલા કેદીઓમાં સાત એવા હતા જેમને આવતી કાલે સવારે મશીનગનથી વીંધી નાખવાના હતા. આ સાતેય જણને એક ઠંડાગાર ભોંયરામાં કેદ રાખવામાં આવ્યા હતા. તેઓ નિરંકુશપણે ગુસ્સો, ગાળો, અને મનોવેદના પ્રગટ કરતા હતા, અને ભોંયરાની દીવાલો સાથે પોતાની લોહી ઝરતી મુઠ્ઠીઓ જોરજોરથી પછાડતા હતા.

બહાર ઊભેલા ફિનિશ અમલદારે જોયું કે આમાંનો કોસ્કીનેન નામનો એક કેદી બીજાઓ કરતાં જુદો તરી આવતો હતો. બીજા બધા કેદીઓ ગાંડાતૂર બની લવરી કરતા હતા, અને શાપવચનો ઉચ્ચારતા હતા ત્યારે આ કોસ્કીનેન બાંકડા પર શાંત બેઠો હતો. થોડીક વાર પછી દઢ અવાજે તે ગાવા લાગ્યો :

*ઈસુને હાથ સલામત, તેના રાંક ઉરે શાંત,*
*ત્યાં તેના પ્રેમની છાંયે હું પામું મિષ્ટ વિશ્રાંત;*

એના એ જ શબ્દો તેણે અનેક વાર ગાયા. તે બંધ પડયો

ત્યારે ભયંકર દેખાતો બીજો એક કેદી બોલી ઊઠયો, મૂર્ખ, "આ ક્યાંથી સાંભળી લાવ્યો ?"

કોસ્કીનેને આંસુ ભરેલી આંખોએ પોતાના સાથી કેદીઓની સામે જોયું, અને કહ્યું, "આ ગીત હું ક્યાંથી શીખી લાવ્યો એમ તમે પૂછો છો નં ? મેં ત્રણ અઠવાડિયાં પહેલાં સાલ્વેશન આર્મીની ટોળીને આ ગીત ગાતાં સાંભળી હતી. પણ ઘણા લાંબા સમય પહેલાં મારી મા આ ગીત ગાતી'તી. તે ઈસુ વિષે વારંવાર ગાતી અને તેમની પ્રાર્થના કરતી'તી."

"જાણે કે હિંમત મેળવવા તે થોડી વાર થોભ્યો." પછી તે ઊભો થયો અને સીધી નજરે સામે જોતાં તે બોલ્યો, "પોતાનો વિશ્વાસ છુપાવવો એ કાયરતા છે. મારી મા જે પ્રભુ ઉપર વિશ્વાસ રાખતી હતી, એ જ હવે મારો પણ પ્રભુ છે. હું જાગતો બેઠો હતો એવામાં મેં મારી સામે મારી માનો ચહેરો જોયો. એ જોઈને મને મારું સાંભળેલું ગીત યાદ આવ્યું. મેં પ્રાર્થના કરી કે ખ્રિસ્ત મને સંપૂર્ણ માફી આપે, અને મારે તેમની હજૂરમાં જવાનું થાય તે માટે તે મને તૈયાર કરે... ત્યારથી માંડીને ગીતની આ કડી મારા હૃદયમાં ગુંજ્યા કરે છે. પણ હવે દિલ ખોલીને હું એ ગાવા પ્રેરાયો છું."

"તારું કહેવું બરાબર છે," એક સહ-કેદીએ કહ્યું. "મારા પર પણ ઈશ્વરની કૃપા થઈ શકતી હોય તો કેવું સારું ! પણ તેની સામે મેં કેવાં કેવાં શાપયુક્ત વચનો ઉચ્ચાર્યાં છે, કેવું કેવું ભૂંડું કર્યું છે, અને જે કંઈ પવિત્ર તે બધું મેં પગ તળે છૂંદ્યું છે !" નિરાશામાં તે નીચે બેસી ગયો, અને રડમસ અવાજે બોલ્યો : "કોસ્કીનેન, મારા માટે પ્રાર્થના કર."

આ બંને રશિયન સૈનિકો ઘૂંટણે પડયા અને એકબીજાને માટે પ્રાર્થના કરવા લાગ્યા. એ કંઈ લાંબી પ્રાર્થના નહોતી, પણ ઈશ્વરે

તેમનું સાંભળ્યું. જાણે સ્વર્ગનું દ્વાર ખૂલી ગયું હોય ! અને સૌને લાગ્યું કે ઈશ્વરની પવિત્ર હાજરી અહીં આસપાસ પ્રસરી રહી છે. થોડી જ વારમાં બધા જ કેદીઓ ઈશ્વરની સંમુખ મસ્તકો ઢાળીને નમ્યા. તેઓ બધા રુદન સાથે પ્રાર્થના કરતા હતા.

તેઓ પ્રાર્થના અને રુદન કરતા હતા તેવામાં વર્ણવી ન શકાય એવું પરિવર્તન આ કેદીઓના જીવનમાં અને વાતાવરણમાં આવ્યું. પ્રભુના આત્માએ આખા ઓરડાને ભરી દીધો, અને બધો વાર્તાલાપ આત્મિક બાબતો સંબંધી થવા લાગ્યો. આ વાર્તાલાપમાં અવારનવાર તેઓ ગાયનો ગાતા હતા - ફક્ત કોસ્કીનેનનું મનપસંદ ગીત જ નહિ, પણ બીજા શ્લોકો અને ટેકો જે તેઓ લાંબા સમયથી ભૂલી ગયા હતા, તે પણ તેઓ ગાતા હતા. ચોકી કરતા ફિનિશ સૈનિકો પણ ભાન ભૂલીને ગાયનોમાં જોડાઈ ગયા, કારણ, ઈશ્વરનો આત્મા તેમને પણ સ્પર્શ્યો હતો. એમ નથી લાગતું કે અદશ્ય રીતે દૂતો પણ તેમની સાથે ગાયનમાં જોડાઈ ગયા હશે ! પ્રભાત ઊઘડું ઊઘડું થઈ રહ્યું હતું, જ્યારે અહીં આત્મિક ગીતો અને સાક્ષીની ધૂન જામી હતી.

પ્રભાત થયું અને ક્ષિતિજ સૂર્યનાં પહેલાં કિરણો ચમક્યાં તેવામાં જ દેહાંતદંડ માટે નિર્માણ થયેલા આ બધા કેદીઓને વધસ્થાને હારબંધ લઈ જવામાં આવ્યા. ગોળીઓ છોડનાર સૈનિકોની ટુકડી પાસે તેઓ આવી પહોંચ્યા, ત્યારે તેઓએ વિનંતી કરી કે આવે સમયે "શૂટ" થનારાનાં મોં-માથે જે ઢાંકણ પહેરાવવામાં આવે છે તે તેમને ન પહેરાવવામાં આવે અને બીજું કે તેઓને એક આખરી ગીત, કોસ્કીનેનનું ગીત, ગાવા દેવામાં આવે. મંજૂરી મળી ગઈ. 'શૂટ'નો હુકમ છૂટે તે પહેલાં આ સ્વર્ગીય આનંદથી છલકાતા કેદીઓએ આકાશ ગમ હાથો ઊંચા કરીને, વણઢાંક્યાં માથાંએ, અંતરના ઉલ્લાસથી અને ગગનભેદી નાદે જે ગાયું છે ! ગાયું છે ! :

*ઈસુને હાથ સલામત, તેના રાંક ઉરે શાંત,*
*ત્યાં તેના પ્રેમની છાંયે હું પામું મિષ્ટ વિશ્રાંત;*
*સુણ, દૂતનો સૂર પણ એ છે પ્રકાશિત ! સાગરથી,*
*મહિમાના ક્ષેત્ર પરથી મુજને સંભળાય વાણી.*

(ભજનસંગ્રહ, નં. ૪૨૦)

આ ગીતનો સંદેશો તો સાંભળો :

ઈસુના હાથોમાં હું કેવી સલામત છું, અને એના નમ્ર હૃદયે અઢેલેલું મારું મન કેવું શાંત છે ! અને તેના પ્રેમની શીતળ છાયામાં મને કેવી નિરાંત છે ! આ પૃથ્વી તો શું, પણ છેક સ્વર્ગીય સાગરેથી દૂતોની વાણી એ જ સાક્ષી પૂરે છે.

ઈસુના હાથોમાં છું માટે જ ખાઈ નાખનારી ચિંતાઓથી હું મુક્ત છું. જગતનાં જોખમો અને અનેક પ્રકારના ક્લેશોથી હું મુક્ત છું. જીવને વીંધી નાખનારા શોક મને સ્પર્શતા નથી, અને જાતજાતના શક અને ભય મારાથી દૂર રખાયેલાં છે.

મારે માટે મૃત્યુ પામનાર ઈસુ જ મારું વહાલું આશ્રયસ્થાન છે. એ મારો આશરો છે. એ અવિચળ ખડક પર જ મેં મૂકેલો મારો વિશ્વાસ અડગ રહેશે. આ પૃથ્વી પરની રાત વીતી જાય ત્યાં સુધી હું અહીં ધીરજથી રહીશ. પણ પેલી બાજુના સુવર્ણ કિનારે ધન્ય પ્રભાત ઊઘડતું હું જોઉં છું, અને હું મારા તારનારને ત્યાં નજરોનજર જોઈશ.

### "ઑલ ધી વે માય સેવિયર લીડ્ઝ મી."

તેના અંધાપાનો અતિ આછેરો અણસારો તેનાં અનેક ગીતોમાં અહીંતહીં ડોકાઈ જાય છે. 'ઑલ ધી વે માય સેવિયર લિડ્ઝ મી' એ અંગ્રેજી ગીતમાં તો ઈસુનો બળવાન દોરનાર હાથ અંધજનને માટે કેવો આવશ્યક બને છે ! તેની ભાવના ઉત્કટ બની છે.

"આખીયે વાટે મારો તારણહાર મને દોરી લઈ જાય છે. ભલેને ગમે તે થાય, ગમે તે આવી પડે. જ્યારે મારો આત્મા નિર્ગત અને તૃષિત થશે, ત્યારે અહા ! મારી સામે જ ઊભેલા ખડકને ફોડીને આનંદનું ઝરણું ફૂટી નીકળશે." આ અંગ્રેજી ગીત જરૂરથી મેળવીને વાંચી જજો.

**"મુજને ન ટાળ, નમ્ર તારનાર, સુણ મુજ દીન પોકાર."**

(ભજનસંગ્રહ, નં. ૩૧૧)

આ ગીત ફેની ક્રોસ્બીએ ૧૮૬૮માં રચ્યું. સંગીતમાં ડૉક્ટરની ડિગ્રી મેળવનાર બહુ જાણીતા સંગીતશાસ્ત્રી ડૉ. વિલ્યમ હાવર્ડ ડોને, ફેનને એક કાવ્ય-પંક્તિ આપી. એ હતી, "મુજને ન ટાળ, નમ્ર તારનાર," અને એટલા પરથી કાવ્ય બનાવી આપવા વિનંતી કરી. એ ઉપરથી ફેનીએ આ કાવ્ય રચ્યું. આજે એ છેલ્લાં ૧૧૮ વર્ષોથી દુનિયાભરની મંડળીમાં પ્રાર્થનારૂપે વપરાઈ રહ્યું છે.

ઈરા ડી. સેન્કી લખે છે એમની (ડી. એલ. મુડી અને સેન્કીની) ૧૮૭૪ની લંડનની સભાઓમાં આ ગીત બીજાં બધાં ગીતો કરતાં વધારે ગવાયું હતું. આ ગીતમાં નમ્ર હૃદયની કેવી હૃદયંગમ અને હૈયાને હચમચાવી દે તેવી પ્રાર્થના છે !

**"નાશ પામતાંને બચાવ, મરતાંને સંભાળ."**

(ભજનસંગ્રહ, નં. ૨૩૭)

ઈ.સ. ૧૮૬૯માં ફેનીએ ન્યૂયોર્કની ગંદીગોબરી ગલીઓની મુલાકાત લીધી, તેમાં નિગ્રો પ્રજા વસતી હતી. જોકે તે દેખી શકતી ન હતી, પરંતુ એ ગલીઓની ને તેમાં રહેનારાંની અધમતા તથા લાચારીનું તેને ભાન થયું. આ ઉપરથી "નાશ પામતાંને બચાવ, મરતાંને સંભાળ." એ ગીત તેના હૃદયમાંથી ઉદ્‌ગારરૂપે સરી પડયું. પાપ તથા દુઃખમાં સબડતાંને ઉગારી લેવા તેમાં ભારોભાર વિનવણી

અને આહ્‌વાન છે. અત્યારે તો વિશ્વભરમાં અનેક ભાષામાં આ ગીત ગવાતું અને ખૂબ પ્રિય થઈ પડયું છે. સુવાર્તાપ્રચારના આ સમયમાં આ ગીત કેટલું બધું પ્રેરણાદાયી બની રહે છે ! આ ગીતની વાત આમ છે. આ વખતે ફેની ક્રોસ્બી ન્યૂયોર્કની એ ગલીઓમાં આવેલા બાલ-સુધારક છાત્રાલયની મુલાકાતે ગયાં હતાં. છાત્રાલયમાં છાત્રો સમક્ષ પ્રભુ ઈસુનો પ્રેમસંદેશ પ્રગટ કર્યા પછી તે બોલ્યાં, “આ છાત્રાલયના કોઈ મા વિનાના બાળકને હું આશીર્વાદ આપવા ઈચ્છું છું.” મા વિનાનો એક નાનો છોકરો અંધ ફેની આગળ આવી ઊભો રહ્યો. તેમણે વહાલથી એ નાના છોકરાને ચુંબન કરી આશીર્વાદ આપ્યો. છાત્રાલયના આ બાળગુનેગારો સંબંધી જાણી તેમનું હૃદય વલોવાઈ ગયું.

સભા પૂરી થયા પછી ફેની ઘરે ગયાં, અને તેમનાં મનોભાવોને કલમ દ્વારા વાચા આપી -

*નાશ પામતાંને બચાવ, મરતાંને સંભાળ,*
*પાપ ને મોતથી, તેમને સત્વર ઉગાર;*
*આપ હાથ પડેલને, કર રુદન ભૂલેલ માટ,*
*ખ્રિસ્ત સમર્થ તારનારની, તેમને કહે વાત.*

આ ગીત પ્રસિદ્ધિમાં આવ્યું, તે પછી થોડાં વર્ષો બાદ સુવિખ્યાત સુવાર્તિક ગાયક સેન્કીએ સેન્ટ લૂઇની એક સભામાં આ ગીત ગાતાં પહેલાં તેનો ઇતિહાસ રજૂ કર્યો. ત્યાં બેઠેલો એક માણસ ઊભો થઈ કહેવા લાગ્યો, “ફેની ક્રોસ્બીએ જે બાળકને ચુંબન કરી આશીર્વાદ આપેલો તે હું જ છું. તેમનો હાથનો સ્પર્શ હું કદી વીસરી શક્યો નથી. એ પ્રસંગ પછી જ મેં ઈસુને મારા જીવનનું અર્પણ કર્યું હતું.”

ફેની ક્રોસ્બીએ ગાયું :

*"Some day the sliver cord will break,*
*And I no more as now shall sing;*
*But, O, the joy when I shall wake*
*Within the palace of the King !*
*And I shall see Him face to face,*
*And tell the story - Saved by grace."*

એણે આંધળી રહેવાનું માણ્યું : "હું સ્વર્ગમાં જઈશ, અને મારી આંખો ખૂલી જશે. ને રે ધન્ય આનંદ થશે ! મારી આંખો સૌથી પહેલી મારા ધન્ય સ્વામીને જોશે !"

*(રેવ. જયાનંદ આઈ. ચૌહાનકૃત "આપણાં મધૂરાં ગીતોના અધૂરા ઈતિહાસ" માંથી સાભાર)*

◆

# પ્રકરણ ૫

## પરમ પિતા પરમેશ્વરનું સંચાલન

રેલવેના કોઈ 'કન્ટ્રોલ રૂમ'માં ગયા છો ? એમાં કન્ટ્રોલર બેઠો બેઠો આખા વિભાગની ટ્રેઇનો અને માલગાડીઓનું કેવું 'કન્ટ્રોલિંગ" કરતો હોય છે ! કોઈ ટ્રેન એકબીજી સાથે અથડાઈ પડે નહિ કે કોઈ અકસ્માત ન સર્જાય એની તે કેવી ચાંપતી નજર રાખે છે !

એમ, પરમેશ્વર આખા વિશ્વનું 'કન્ટ્રોલિંગ' કરતા હોય છે. આકાશી ગોળાઓનું, જડ પદાર્થોનું, સર્વ જીવોનું, અને સૃષ્ટિના સર્વ બનાવોનું, તે 'કન્ટ્રોલિંગ' કરે છે. પ્રત્યેક માણસના જીવન અને તેના સમયોનું પણ તે જ સંચાલન કરે છે ને !

એ પરમેશ્વર મારા પિતા છે. મારા જીવનનું, હા, મારી ક્ષણેક્ષણનું નિયંત્રણ તે કરે છે. તો પછી મારે મારા ભાવિ સંબંધી શા માટે ચિંતા કરવી ? મારે મારા જીવનના કોઈ પણ પ્રસંગને માટે શાને ઉચાટ કરવો ?

પ્રભુ ઈસુ પર અતૂટ શ્રદ્ધા રાખનાર એકેએક વ્યક્તિના જીવનને માટે પ્રેમાળ પરમેશ્વર પિતાએ ખાસ આયોજન કર્યું છે - ચોક્કસ હેતુભરી યોજના ઘડી છે (બાઇબલ : એફેસી ૨:૧૦). એટલે એ પરમ પિતા પોતે જ એ વ્યક્તિને બહુ ચોક્કસ રીતે

દોરશે જ. હા, બિલકુલ ભરોસાપાત્ર રીતે દોરશે, ઝીણી ઝીણી બાબતોમાં પણ દોરશે. એનો સતત અનુભવ હું પામું છું.

નક્ષત્રો, રાશિચક્રો અને હસ્તરેખાઓ મારા જીવનનાં નિયામક નથી, એ હું જાણું છું. હા, એ હું ચોક્કસ જાણું છું. તો મારે એ લપછપમાં શા માટે લપટાવું ? નહિ જ.

મારા પ્રભુ પિતા મારા જીવનનું સંચાલન કરે છે. તેમણે જ પૃથ્વી અને તેમાંનું સર્વ સૃજ્યું છે. આકાશો અને તેમાંના તમામ ગગનગોળાઓ - સૂર્ય, ચંદ્રો, રાશિમંડળો અને કેટલા બધા તારાઓ તેમણે જ બનાવ્યા છે ને ! કેટલા બધા તારાઓ જુઓ તો ખરા ! ૧૦૨૬ જેટલા ! એટલે એક કરોડ, ગુણ્યા દશ લાખ, ગુણ્યા દશ લાખ, ગુણ્યા દશ લાખ, ગુણ્યા દશ લાખ ! અથવા એમ જ કહોઃ એકડા પાછળ ૩૧ મીંડા ! કેટલા બધા ! સેકન્ડના દશ દશ તારા લેખે ગણતાં ગણતાં કેટલાંયે કરોડો વર્ષ નીકળી જાય ! અને તોયે કંઈ કેટલાયે રહી જાય !

તોયે બાઈબલમાં તો લખ્યું છે કે, "તે (પરમેશ્વર પિતા) તારાઓની ગણતરી કરે છે; અને તે સર્વને નામો આપે છે !" (બાઈબલ : ગીતશાસ્ત્ર ૧૪૭ : ૪). તે તેઓની ભ્રમણકક્ષાઓમાં તેઓનું નિયંત્રણ કરે છે, તેમ જ તેઓનું રક્ષણ પણ કરે છે. એમાંનો એકેય ભટકાઈ પડતો નથી. એ તો જુઓ ને !

એ જ પરમેશ્વર પિતા સર્વ જીવોની - પ્રાણી, પંખી, જીવજંતુઓ, તેમ જ સમુદ્રોના જીવોની સંભાળ લે છે. અને યોગ્ય સમયે તે તેમને ખોરાક પૂરો પાડે છે. બાઈબલ એ જ જણાવે છેઃ "યોગ્ય સમયે તમે તેઓને ખાવાનું આપો, માટે આ સઘળાં તમારી વાટ જુએ છે. જે તમે તેઓને આપો છો, તે તેઓ વીણી લે છે; તમે તમારો હાથ ખોલો છો, ત્યારે તેઓ તમારા ઉપકારથી તૃપ્ત

થાય છે" (બાઈબલ : ગીતશાસ્ત્ર ૧૦૪ : ૨૭, ૨૮).

અરે, જુઓ તો ખરા એ પરમ પિતાની કૃપા ! કાગડાને માણસો અપશુકનિયાળ ગણે છે. એની કર્કશ કાગવાચાને કારણે એને લોકો ભગાડી મૂકે છે. એ બિચારાને લોકો ચોર કહે છે ! પણ પરમ પિતા એના પ્રત્યે પણ કેવા મમતાળુ છે ! બાઈબલમાં એ જ લખ્યું છે :

"જ્યારે કાગડાનાં બચ્ચાં ઈશ્વરની આગળ પોકાર કરે છે, અને અન્ન વગર ભટકે છે, ત્યારે તેને ભક્ષણ કોણ પૂરું પાડે છે?" (બાઈબલ : અયૂબ ૩૮ : ૪૧).

રાશિમંડળો કે નક્ષત્રો નહિ, કે હસ્તરેખાઓયે નહિ, પણ આ પરમ કૃપાળુ પિતા જ બધાંનું ધ્યાન રાખે છે. જરાઅમથી ચકલીનું તો કોણ ધ્યાન રાખે ? તમે જ કહો. પણ પ્રભુ ઈસુ તો આમ કહે છે કે,

"પૈસાની બે ચકલી વેચાતી નથી શું ? અને વળી બે પૈસામાં પાંચ ચકલી ! તેમ છતાં, તમારા પરમ પિતાની રજા સિવાય એવી એક ચકલી સુદ્ધાં ભોંય પર પડતી નથી. માટે ઉચાટ કરો નહિ. ઢગલાબંધ ચકલીઓ કરતાં તમે ખૂબ ખૂબ મૂલ્યવાન છો !" (બાઈબલ : માથ્થી ૧૦ : ૨૯, ૩૧. લૂક ૧૨ : ૬, ૭). વળી પ્રભુ ઈસુ કહે છે : "તમે નાહકની ચિંતા કરો છો. તમારા માથાના તો વાળેવાળ ગણેલા છે." (વિજ્ઞાનીઓ કહે છે કે માણસના માથા પર સરેરાશ ૧,૨૦,૦૦૦ વાળ હોય છે ! ખરુંખોટું વિજ્ઞાનીઓ જાણે, પણ એમણે તો બેપાંચ કે દશબાર માનવીના વાળ ગણ્યા હશે ને ! પણ પરમ પિતાની યાદીમાં તો સૌ કોઈના વાળેવાળ નોંધેલા છે. એમની કાળજીની તે હદ હોય ?)

નાની એમની ચકલીનુંય ધ્યાન રાખનાર આ પરમેશ્વર પિતા

તમારી કાળજી રાખે છે. માટે કશાનો ઉચાટ કરો નહિ, એવું શીખવતાં પ્રભુ ઈસુ કેવું ખાતરીભર્યું કહે છે !

"એટલે હું તમને કહું છું કે અમે ખાઈશું શું, પીશું શું એમ જીવનની ચિંતા ન કરશો. તેમ અમે પહેરીશું શું એમ શરીરની પણ ચિંતા ન કરશો. અન્ન કરતાં જીવનની, અને વસ્ત્ર કરતાં શરીરની કિંમત વધારે નથી શું ? આકાશમાંનાં પંખીઓ જુઓ; તેઓ નથી વાવતાં કે નથી લણતાં કે નથી કોઠારમાં ભેગું કરતાં, છતાં તમારા પરમ પિતા તેમને ભૂખ્યાં રાખતા નથી. એમના કરતાં તમારી કિંમત વધારે નથી શું ? તમારામાંથી કોણ ચિંતા કરી કરીને પોતાની આવરદામાં એક ક્ષણનોયે ઉમેરો કરી શકે એમ છે ?

"અને તમે વસ્ત્રોની ચિંતા શા માટે કરો છો ? વગડાનાં ફૂલો નિહાળો, કેવાં ખીલે છે ! નથી એ મહેનત કરતાં કે નથી કાંતતાં, અને છતાં હું તમને ખાતરીથી કહું છું કે, શલોમોન પણ પોતાના દબદબાભર્યા પોશાકમાં આવો શોભ્યો નહિ હોય. એટલે, આજે છે અને કાલે ચૂલામાં હોમાઈ જાય છે એવા ઘાસને જો ઈશ્વર આટલું સજાવે છે તો, ઓ અલ્પવિશ્વાસીઓ, તમને એથીયે રૂડી રીતે સજાવશે એમાં શંકા શી ?"

"તેથી અમે ખાઈશું શું, પીશું શું, કે પહેરીશું શું એની ચિંતા કરશો નહિ. એ બધી વસ્તુઓ પાછળ તો નાસ્તિકો જ પડે. તમારા પરમ પિતાને ખબર છે કે તમારે આ બધી વસ્તુઓની જરૂર છે. એટલે તમે સૌથી પહેલાં ઈશ્વરના રાજ્યની અને એણે ઇચ્છેલા ધર્માચરણની પાછળ પડો. એટલે આ બધી વસ્તુઓ તમને મળી રહેશે. આથી તમે આવતી કાલની ચિંત કરશો નહિ. આવતી કાલ પોતાનું ફોડી લેશે. રોજનો ત્રાસ રોજને માટે પૂરતો છે"
(બાઇબલ : માથ્થી ૬ : ૨૫-૩૪).

હવે તમે જ કહો, મારે આવતી કાલનો ઉચાટ શા માટે કરવો ? અને ભવિષ્યનોયે ઉચાટ પણ શા માટે ? શા માટે જ્યોતિષી પાસે મારું ભવિષ્ય જોવડાવવું ? - કે શા માટે મારે રાશિચક્રો, જન્મકુંડળીઓ, અને હસ્તરેખાઓનાં ચક્કરોમાં અટવાવું ? જ્યોતિષ મારા પરમ પિતાની વિરુદ્ધનું છે; શેતાની આત્માઓની ભ્રમજાળ છે; એટલે એના પડછાયે પણ હું ના ઊભો રહું.

બાઈબલ કહે છે ને,

"આપણે જાણીએ છીએ કે, જેઓ ઈશ્વર ઉપર પ્રેમ રાખે છે, જેમને ઈશ્વરે પોતાની યોજના અનુસાર બોલાવેલા છે તેઓને માટે તે એકંદરે સઘળું હિતકારક નિપજાવે છે"

(બાઈબલ : રોમન ૮ : ૨૮).

એટલે જ પરમ પિતા કહે છે કે :

*"તારા માર્ગો મને સોંપ, મારા પર શ્રદ્ધા રાખ.*
*અને હું તને ફળીભૂત કરીશ."*
*(બાઈબલ : ગીતશાસ્ત્ર ૩૭ : ૩-૫)*

આજથી ૩૦૦૦ વર્ષ પર યરુશાલેમની ગાદી ઉપર દાવિદ રાજા થઈ ગયો. તે ભકત હતો. તેણે પોતાનું જીવન પરમેશ્વરને સોંપેલું હતું, અને પરમ પિતા પરમેશ્વર ઉપર ઊંડી શ્રદ્ધાનો તે અનુભવી હતો. તે કહે છે :

"હે પ્રભુ, હું તમારા પર શ્રદ્ધા રાખું છું. તમે મારા પરમેશ્વર છો, અને **મારા સર્વ પ્રસંગો તમારા હાથમાં છે**" (બાઈબલ : ગીતશાસ્ત્ર ૩૧ : ૧૪, ૧૫). વળી તે કહે છે : "જો પરોઢિયાની પાંખો લઈને* સમુદ્રને પેલે પાર જઈને વસું, તો ત્યાં પણ તમારા

---

* "પરોઢિયાની પાંખો લઈને," એટલે પ્રકાશનાં કિરણો પર સવાર થઈને, સમુદ્રો ઓળંગી પરદેશમાં વસવું. પ્રકાશની ગતિ એક

હાથ મને દોરશે, અને તમારો જમણો હાથ મને ઝાલી રાખશે (મારી રક્ષા કરશે)." (બાઈબલ : ગીતશાસ્ત્ર ૧૩૯ : ૯, ૧૦).

ભરવાડ પોતાના નાનાશા ગરીબડા ઘેટાની કેવી કોમળતાથી સંભાળ રાખે ! ભક્ત દાવિદને પરમ પિતા પરમેશ્વરનો એવો જ અનુભવ થયો. એટલે તે લખે છે :

"પ્રભુ મારા પાળક (ભરવાડ) છે, તેથી મને કશી ખોટ પડશે નહિ. તે લીલાંલીલાં બીડમાં મને સુવાડે છે. તે શાંત અને શીતળાં પાણીની પાસે મને દોરી જાય છે. તે મારા આત્માને તાજો કરે છે. પોતાના નામની ખાતર તે મને સતને માર્ગે ચલાવે છે. હા, જો કે મૃત્યુછાયાની ખીણમાં થઈને હું ચાલું, તોયે હું કંઈ પણ ભૂંડાઈથી બીશ નહિ; કારણ, તમે મારી સાથે જ છો...... તમે મારે માથે તેલ ચોળ્યું છે, અને મારો પ્યાલો ઊભરાતો જ રહે છે. ખરેખર મારી જિંદગીના સર્વ દિવસો પર્યંત તમારી ભલાઈ અને દયા મારી સાથે સાથે આવશે અને હું સદાકાળ માટે તમારા ઘરમાં જ રહીશ."

(બાઈબલ : ગીતશાસ્ત્ર ૨૩).

જોષ, શુકન જોવા તેમ જ બધી 'ઑકલ્ટ' વિદ્યાઓ ઝંખવી, એ તો માણસનાં ફાંફાંનો એક પ્રકાર માત્ર છે. એના જીવનનાં ફાંફાં અનેક પ્રકારનાં છે. આવાં વ્યર્થ ફાંફાં મારતા માણસના અજંપાનું કારણ બીજું જ છે. એની એને સમજણ પડતી નથી. તે ઈશ્વરને સંપૂર્ણ સોંપાયો નથી. એ જ એના મનના અજંપાનું કારણ છે. એની પાપી હાલત એ જ આ અજંપા, બેચેની અને વ્યર્થ ફાંફાંનું કારણ છે.

માણસ આ અજંપાને કાં તો ભૂલી જવા માગે છે, અથવા સ્વપ્રયત્નોથી પાપના બંધનમાંથી અને કર્મફળમાંથી મુક્ત થવા

---

સેકન્ડના ૧,૮૬,૦૦૦ માઈલ (૨,૯૯,૩૩૭ કિલોમિટર) છે.

ફાંફાં મારે છે. પણ સ્વપ્રયત્નોથી કોણ પોતાના પાપકર્મોથી મુક્તિ પામી શક્યું છે ? કોઈ નહિ. એનાં કર્મફળ તો એના શિર પર જ રહે છે. ભલે તે મહાત્મા, ધર્માત્મા કે ત્યાગી હોય !

એટલે અદ્વૈતવાદના પ્રખર પ્રચારક શ્રીમદ શંકરાચાર્યે 'ભજગોવિંદમ્'માં લખ્યું છે કે,

पुनरपि जननं पुनरपि मरणं
पुनरपि जननीजठरे शयनम् ।
इह संसारे बहु दुस्तारे
कृपयाऽपारे पाहि मुरारे ॥

ફરી ફરી જન્મ ધારણ કરવો, ફરી અને ફરી મૃત્યુ પામવું, અને અસંખ્ય વાર માના ઉદરે સૂવું, - એમ આ જન્મમરણની ઘટમાળ પાર કરવી એ અતિશય કપરું છે. ઓ પાપ દૂર કરનાર કૃપાળુ ઈશ્વર, તમે તમારી કૃપાથી જ મારો ઉદ્ધાર કરો.

કર્મફળમાંથી મુક્તિ માટે તે ઈશ્વરને જ યાચના કરે છે. પરંતુ ઈશ્વર પણ એમ ને એમ કોઈને પાપમાફી બક્ષી શકતા નથી. એટલે તો એ ઈશ્વરે પોતે જ સર્વ માણસોનાં પાપનો ભાર પોતાને શીરે લીધો અને આપણે બદલે તેમણે ક્રૂસ પર શિક્ષા ખમી.

ભારતના એક બૌદ્ધ તત્ત્વવેત્તાની પણ એ જ સાક્ષી છે ને ! એમનું કહેવું છે કે ચોર્યાસી લાખ જન્મમરણના ફેરાઓ દ્વારા મુક્તિ અશક્ય છે. તે કહે છે : અંધારી રાતે મહાસમુદ્રમાં લાકડાની ધૂંસરી તણાતી ફરતી હોય, અને જો કોઈ એક આંધળો કાચબો એ ધૂંસરીમાં ડોક ઘાલી શકે એ શક્ય હોય, તો જ લખચોર્યાસી અવતારોમાં મુક્તિ મેળવવી શક્ય બને !

એટલે જ પરમ પ્રેમી પિતા, પરમ કૃપાળુ પરમેશ્વર દેહધારી બન્યા, અને માણસજાતને બદલે પાપકર્મનો બોજ પોતે ઉપાડયો

અને ક્રૂસ પર બલિ બની ગયા. આપણે ભોગવવાની શિક્ષા તેમણે ખમી, અને માનવને મુક્તિ તથા શાશ્વત જીવન બક્ષ્યું. જે કોઈ સ્વીકારે તે પામી શકે છે આ મુક્તિ અને શાશ્વત જીવન.

એ પ્રભુ ઈસુ માનવી બન્યા, છતાં તે ઈશ્વર તો રહ્યા જ. મૃત્યુ તેમને રોકી શકે નહિ. ત્રીજે દિવસે તે મૃત્યુંજય બન્યા ! સજીવન થઈ ઘોરમાંથી ઊઠયા, માણસો મધ્યે રહ્યા, અને ૪૦ દિવસ પછી સ્વર્ગે ચઢી ગયા.

બાઈબલ કેવું સ્પષ્ટ કહે છે કે, એ જ પ્રભુ ઈસુ પૃથ્વી પર પાછા આવશે, માણસોનો ન્યાય કરશે, અને શેતાન તેમ જ તેના દુષ્ટાત્માઓને કાયમ માટે નર્કાગ્નિમાં નાખી દેશે.* અને સૃષ્ટિમાંથી સર્વ પાપભાવના દૂર કરી દેશે. આ નવેસરનાં આકાશ અને પૃથ્વીમાં રોગ કે શોક કે રુદન, અને મૃત્યુ પણ હશે જ નહિ.

અને પરમ પિતા તેમ જ સદાકાળનું જીવન, પરમ આનંદ અને પરમ શાંતિ આપણાં બનશે ! ઈસુમાં મુક્તિ અને શાશ્વત જીવનના સ્વીકારની એ અખૂટ લહાણી છે.

◆

---

* બાઈબલ : પ્રેક્ટીકરણ ૨૦ : ૧૦, "તેઓને ભમાવનાર શેતાનને તે અગ્નિ તથા ગંધકની ખાઈમાં,...... નાખી દેવામાં આવ્યો; ત્યાં તેઓ રાતદિવસ સદાસર્વકાળ વેદના ભોગવશે."

# પ્રભુ પિતા ઉપર સંપૂર્ણ શ્રદ્ધા

(રાગ : માલ્કોષ, સુલીય છંદ)

રાશિ-મંડળો, નક્ષત્રો કે હસ્તરેખાઓ મારા જીવનનું નિયંત્રણ કરતાં નથી, પણ પ્રભુ પિતા મારા જીવનનું સંચાલન કરે છે, એવો અડગ ભરોસો નીચેના ભાવવાહી કાવ્યમાં, એક પરદેશી ભક્તકવિ અને ગુજરાતી ભાષાનું વ્યાકરણ ઈ.સ. ૧૮૬૭માં રચનાર રેવ. જોસેફ વાન સોમરન ટેલરે કેવી ભાવવાહી શૈલીમાં ઉતાર્યો છે !

*પિતાતણે પરાક્રમે પ્રસંગ સર્વ છે ઠરેલ;*
*રહીશ માટ જીવતો પિતા થકી સદા ધરેલ*
*કદી વિપત્તિ જો પડે, થશે કદા અનર્થ, નાશ*
*ન થાય બીક તે થકી, ન ઉરમાં થશે નિરાશ.*
*વિનંતી નિત્ય આ કરું, ધરી સદાય નમ્ર ભાવ*
*થનાર સર્વ વાતમાં નિરાંત તું પિતા, કરાવ;*
*વિના વિલંબ શીખતાં ઠરાવના ખરા જ ભેદ,*
*સદાય સિદ્ધ હું રહું, ધરી પિતા તણો નિષેધ*
*ફરી કરીશ પ્રાર્થના પડી પિતા તણે સુપાય;*
*વિનંતી નમ્ર ભાવની તજેલ તો કદી ન થાય,*
*દયાળુ તું પિતા, મને સુશક્તિ રોજ કાજ આપ*
*બધાંય કામકાજમાં રહે સદા સમીપ બાપ.*
*દિને દિને દયા કરી, નિભાવતાં મને ચલાવ*
*મને સદા સુધારતાં, સુભક્ત સેવના કરાવ;*
*અધર્મને દબાવતાં ખરી કરી સમસ્ત ચાલ*
*પવિત્રતા કરાવતાં, સુખી કરાવ સર્વકાળ.*

(ભજનસંગ્રહ ૨૮૭)

"પિતા તણે પરાક્રમે પ્રસંગ સર્વ છે ઠરેલ." મારા પરમ કૃપાળુ પરમેશ્વર પિતાના પરાક્રમ દ્વારા મારા જીવનના સર્વ પ્રસંગો અગાઉથી ઠરાવાયેલા છે. એ મારે માટે કેવું અદ્ભુત અને આનંદભર્યું છે ! પ્રભુનું

'પરાક્રમ' એટલે પ્રભુની શક્તિ અને એ શક્તિમાંની એક તે ઈશ્વરનું સર્વજ્ઞપણું. તે ત્રિકાળજ્ઞાની છે. તેમની આગળ ભૂત, વર્તમાન અને ભવિષ્ય તે એકાકાર વર્તમાન જ છે. એટલે એ પરમપિતાએ પોતાના 'પૂર્વજ્ઞાન' દ્વારા મારા જીવનના સર્વ પ્રસંગો નક્કી કર્યા છે. ભક્ત દાવિદ કહે છે ને કે, "મારું એકે અંગ થયેલું ન હતું, ત્યારે પણ તેઓ સર્વ, તેમ તેઓના ઠરાવેલા સમયો તારા પુસ્તકમાં લખેલા હતા" (ગી.શા. ૧૩૯ : ૧૬). એટલે જ એ પ્રેમી પિતા મારા જીવનના સર્વ પ્રસંગોમાં મને ધરી રાખશે. હા, કદાચ વિપત્તિ, અનર્થ કે ઉથલપાથલ આવી પડે તોયે મારા હૈયામાં ગભરાટ કે નિરાશા પ્રવેશવાનાં નથી.

એ પ્રેમી પિતાને નમ્ર ભાવથી મારી કાયમની વિનંતી છે કે, 'હે પિતા, મારા જીવનની દરેકે દરેક બાબતમાં હું તમારા પર અઢેલતો રહું, અને મનની નિરાંત અનુભવું એવું થવા દો.' મારા જીવન માટે તમે જે જે યોજનાઓ (ઠરાવો) કરી છે તે મને ગમતી કે અણગમતી ભલે હોય ! પણ મારે માટે સારી જ છે એમ સમજવા મને સૂઝ આપજો. તમે મારે માટે નિષેધ કરેલી બાબતો માટે ઝંખું નહિ, અને તમારી ઈચ્છા જ શોધું એવું મન મને આપજો.

હે દયાળુ પિતા, તમારા ચરણોમાં પડીને ફરી ફરીને એ જ નમ્ર પ્રાર્થના કરું છું કે દરરોજનાં મારાં કામ કરવાની શક્તિ મને આપતા રહેજો, અને એમાં તમે મારી પાસે જ રહેજો. મને ખાતરી છે કે, તમે મારી પ્રાર્થના સાંભળશો જ.

મારા પર દયા રાખીને મને નિભાવી રાખી દરરોજ દોરી લઈ જજો. દરરોજ મને સુધારતા જઈને તમારી ભક્તિ અને સેવા કરાવજો. તમને ન ગમતું મારામાંથી દૂર કરીને મારી સમસ્ત ચાલ તમને પસંદ પડે એવી બનાવજો. પવિત્ર પથમાં ચલાવીને મને સર્વકાળ માટે (આ જીવનમાં અને આવતા જીવનમાં) સુખી બનાવજો; હે પિતા.

*(રેવ. જયાનંદ આઈ. ચૌહાનકૃત આપણાં મધુરાં ગીતોના અધૂરા ઈતિહાસમાંથી સાભાર).*

# પ્રાર્થના અને વિશ્વાસના તંતુ



કરોળિયાનાં નાનાં નાનાં બચ્ચાં
તાંતણાઓને વળગી પડયાં
અને આફતમાં તાંતણાને હલાવે,
અને માને ખબર પડે કે, તત્ક્ષણ ઘટતું કરે,
એમ, તમે પણ વિશ્વાસ અને પ્રાર્થનામાં તંતુને વળગી પડો
અને 'તમારા સંચાલક' જરુર ઘટતું કરશે.
(રચનાર : રેવ. જયાનંદ આઈ. ચૌહાન)

# ગુજરાત ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટીના પ્રકાશનો

| | | |
|---|---|---|
| ૧. | માર્કનો સંદેશો | ૫૦-૦૦ |
| ૨. | અયૂબ | ૬૦-૦૦ |
| ૩. | ટેકરીઓનો સાદ | ૧૨૫-૦૦ |
| ૪. | જૂનો કરાર, તેની રચના તથા સંદેશો | ૧૫-૦૦ |
| ૫. | પ્રાર્થના પરાયણ - જોન હાઈડ | ૩૦-૦૦ |
| ૬. | પરિવર્તન પામેલાં પાત્રો | ૧૫-૦૦ |
| ૭. | ક્ષિતિજને પેલે પારથી | ૨૦-૦૦ |
| ૮. | પ્રેષિતોનાં કૃત્યો | ૮૦-૦૦ |
| ૯. | ચિત્રમય બાઈબલ અભ્યાસક્રમ સેટ | ૧૫-૦૦ |
| ૧૦. | ધી રોબ | ૩૫-૦૦ |
| ૧૧. | પ્રબોધકો અને તેનાં કાર્યો | ૨૦-૦૦ |
| ૧૨. | અનોખી ઈઝરાયલ પ્રજા | ૧૨૫-૦૦ |
| ૧૩. | સભાશિક્ષક | ૩૦-૦૦ |
| ૧૪. | યશાયા | ૧૨૫-૦૦ |
| ૧૫. | યાત્રાકારી | ૨૦-૦૦ |
| ૧૬. | વધસ્તંભના સપ્તવચન | ૧૫-૦૦ |
| ૧૭. | કૌટુંબિક વેદી | ૧૦-૦૦ |
| ૧૮. | બેનહર | ૩૦-૦૦ |
| ૧૯. | કલશોર | ૨૦-૦૦ |
| ૨૦. | પિતરનો પહેલો પત્ર | ૧૨૫-૦૦ |
| ૨૧. | ફિલિપીઓના પત્રનાં સંદેશો | ૪૦-૦૦ |
| ૨૨. | ફૂલદાની | ૧૫-૦૦ |
| ૨૩. | ટૈટસ | ૩૫-૦૦ |
| ૨૪. | દાઉદના ભક્તના પસંદિત... મનન | ૪૦-૦૦ |
| ૨૫. | બાઈબલ અભ્યાસ ભાગ-૧૨ | ૨૦-૦૦ |
| ૨૬. | જી.ટી.બી.એસ. ઈતિહાસ | ૩૦-૦૦ |
| ૨૭. | દૈનીક મનન | ૬૦-૦૦ |
| ૨૮. | તમારા પ્રશ્નોના ઉત્તર | ૨૦-૦૦ |

## લેખકનાં પુસ્તકો

- ❖ બોલતાં આંકડા (અનુવાદ)
- ❖ શબ ગુફાનો શહિદ (અનુવાદ)
- ❖ વધસ્તંભની વાટે (પાંચ આવૃત્તિ) છઠ્ઠી બ્રેઈલમાં
- ❖ ગુજરાતી બાઈબલનો ઈતિહાસ
- ❖ બાઈબલ કોણે લખ્યું - ડ્રામા
- ❖ ખ્રિસ્તી શિષ્યપણું - કઠણ માર્ગે (અનુવાદ)
- ❖ ચોથા માગીની કથા (અંગ્રેજીને આધારે)
- ❖ અજાયબ ભવિષ્યવચનો (મુક્તિ યોજનાનાં સાત પર્વ)
- ❖ ઈસુ જીવનદર્શન - સચિત્ર (બાળકો માટે)
- ❖ અનોખી ઈઝરાયલ પ્રજા (ચાર આવૃત્તિ)
  (હિન્દી અને અંગ્રેજીમાં પણ થશે.)
- ❖ બાઈબલ અભ્યાસ (બાઈબલના મૂંઝવતા પ્રશ્નોના જવાબ : ભાગ ૧ થી ૧૦ પહેલા અને બીજાનું પુનઃર્મુદ્રણ)
- ❖ માનવીનાં દુઃખમાં ઈશ્વર ભાગ લે ખરો ? (ટ્રાક્ટ) બ્રેઈલમાં પણ
- ❖ યરુશાલેમનું મંદિર બંધાશે ? ક્યારે ? ક્યાં ? કેમ ? (બે આવૃત્તિ)
- ❖ દાનિયેલનું પુસ્તક અને પ્રભુનું પુનરાગમન (પુનર્મુદ્રણ)
  (હિન્દી અને અંગ્રેજીમાં પણ થશે)
- ❖ પુનરુત્થાનો, ન્યાયકાળો અને પ્રભુનું પુનરાગમન
- ❖ રશિયા, ઈઝરાયલ અને બાઈબલ (બીજી આવૃત્તિ)
- ❖ ચિત્રમય બાઈબલ અભ્યાસક્રમ (ચાર્ટસ)
- ❖ માર્ગદર્શિકા (ચિત્રમય બાઈબલ અભ્યાસક્રમ માટે)
- ❖ બાઈબલનો વિવેચનપૂર્ણ માહિતીકોશ (ભાગ-૧)
- ❖ બાઈબલનો વિવેચનપૂર્ણ માહિતીકોશ (ભાગ-૨)
- ❖ જોષ જોવાનું પાપ (બીજી આવૃત્તિ) (હિન્દી અને અંગ્રેજીમાં પણ થશે.)
- ❖ બાઈબલનો શબ્દકોશ
- ❖ આપણાં મધુરો ગીતોના અધૂરા ઈતિહાસ
  (શ્રીમતી જયવંતીબહેન ચૌહાનના સહયોગથી)
- ❖ ઈસુના પગલે પગલે
- ❖ અનેક માની આંસુભરી પ્રાર્થનાનાં પરિણામ
  (શ્રીમતી જયવંતીબહેનના સહયોગથી)
- ❖ બાઈબલનો ગુજરાતી તરજુમો અને ઈશ્વરે પોતે ઉચ્ચારેલાં નામ

3BGT2